
પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર


## ॥ ૧૩ ॥

॥ ॐ अर्हं नमः ॥ नमो वीयरागाय ॥




પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી


સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય



પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી


**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**




પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ

ॐ ऽर्हं नमः।

સ્વસ્તિકમાં ધારણા કરીને નિત્ય (૧૨) નવકાર ગણવા.



પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૧૩ ॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

ॐ नमः


## ☐ HASTAKSHAR NU AKSHAY PATRA

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

## ☐ VOLUME - 13

November 2018
300 Copies / 224 Pages
For Private Circulation only.

---

## ☐ PUBLISHER



© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust



Mumbai / Rajkot

team@mindfiesta.com

---

## ☐ SPONSOR

Shri C. K. Mehta
Mumbai

---

## ☐ ENHANCED & DESIGNED BY

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

## ☐ eBOOKS AVAILABLE AT

www.bhadrankar.com

www.navkarday.com

Amazon Kindle

---


## ☐ SHRI AARADHNA DHAM JAIN TIRTH

C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156



## ☐ ખાસ વિજ્ઞપ્તિ

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.

ॐ
नमः



# અધ્યાત્માનંદની છ એ છ ઋતુઓ મહોરી ઉઠે એક સાથે...



હાં... ! આ કલ્પનાતીત વાત છે કેઃ પૂજ્ય સાહેબજી પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીની હસ્તલિખિત ડાયરીઓ આજે 'અક્ષયપાત્રો' બનીને આગળ વધી રહી છે. બાર-બાર ભાગ હાથમાં આવે અને ફક્ત મુખપૃષ્ઠનાં દર્શન થાય, ત્યાં તો મનમાં જાણે અધ્યાત્માનંદની વસંત ઋતુ ખીલે અને જ્યારે અંદરનો અપૂર્વ ચિંતનખજાનો માણવા મળે, ત્યારે તો અધ્યાત્માનંદની છ એ છ ઋતુ એક સાથે મહોરી ઉઠે.

થોકબંધ પત્રોનાં પ્રતિભાવો વાંચતા નિષ્કર્ષ નીકળે કે પૂજ્ય સાહેબજી અને તેઓનાં હસ્તાક્ષર પ્રત્યે સૌને અખૂટ બહુમાન છે. પત્રોમાંથી નવનીતરૂપે શબ્દો આંકીએ તોઃ

'૧૦ ભાગનું બોક્સ જેવું હાથમાં આવ્યું કે તરત જ ત્યાંને ત્યાં કપાળે લગાવી દીધું.' 'બહુ જ ઝડપથી થતું સરસ કલ્પનાતીત કાર્ય.' 'વાંચનની ધારા અખંડિત ચાલી શકતી જ નથી, કારણકે વાંચન શરૂ થતા... આંખ ઝરે ને પંન્યાસજી ભગવંત નિકટ આવીને ખૂબ જ પ્રેમથી ભાવસાંન્નિધ્ય આપી રહ્યા હોય એવો અનુભવ કરાવે.'

'અક્ષયપાત્રો વાંચવાનાં શરૂ કર્યા પછીથી સવારે ઉઠતાંની સાથે જ 'શિવમસ્તુ'ની ભાવનાથી મન ભાવિત થવા માંડે છે.' 'જો આ કાર્ય હાથમાં લેવાયું ન હોત તો આ અમૃત અમોને શી રીતે મળત? પંન્યાસજી ભગવંતની અને તેઓની વાણીની અંતરમાં શી રીતે પ્રતિષ્ઠા થાત? તેઓએ જે વિઝન આપ્યું છે, તે વિના આ પંચમકાળમાં મૈત્રીભાવનાં અભાવ થકી કેવી દુર્દશા હોત?' 'પૂજ્યશ્રીએ કેવા તો જીવંત અનુભવો કર્યા હશે કે સાવ સહજપણે એમની વાણી અંતઃકરણમાં પ્રતિષ્ઠિત

ॐ नमः

થઈ જાય છે.' 'નિર્મલ અંતઃકરણનાં એ સ્વામીને મોક્ષમાર્ગ એકદમ સ્પષ્ટ થઈ ગયો હશે અને એ પછી એમની કલમ ચાલી હશે!' 'મૈત્રી વિનાની તમામ સાધનાઓ અધુરી લાગે એ પૂજ્યપાદ્ હરિભદ્રસૂરિ મહારાજાનાં કથનને પૂજ્યશ્રીએ સ્પષ્ટ કરીને એવં સ્વયં જીવનમાં ઉતારીને કમાલ-કમાલનો ઉપકાર કર્યો છે.'

'અમૃત કુંભનો આ અક્ષય ખજાનો અક્ષયપદની ભેટ આપનારો બનો.' 'પૂ.પંન્યાસજી મહારાજનાં અંતરંગનાં અજ્ઞાત - અપ્રસિદ્ધ પાસાં અહીં ઉઘડે છે. જૈન સાધુતાની ગૌરવભરી છબી આમાં અંકિત છે.' 'સાહેબજીની સ્યાદ્વાદભાવિત સર્વ સમાવેશક દ્રષ્ટિનાં આમાં દર્શન થાય છે.' 'સાહેબજી તેઓનાં હસ્તાક્ષરો દ્વારા હવે આપણને પાળી-પોષી રહ્યા છે અને અધ્યાત્મ તીરે ૬૮ તીર્થનો જાણે સાક્ષાત્કાર કરાવે છે.'

આવા તો કેટલાય ભાવસ્પંદનો પરિસરથી ઉઠી રહ્યા છે, જે વાંચતા સ્પષ્ટ થાય કે ખરે જ અમૃત ઝરી રહ્યું છે, જેને ઝીલવા આવા અક્ષયપાત્રો જ જોઈએ.

એવા પાત્રો ઘડવા જેમણે સહજપણે આર્થિક મહાયોગદાન આપ્યું છે, તેવા મુંબઈનાં ગુરૂભકત **સી.કે.મહેતા**ની અપ્રતિમ શ્રુતભક્તિની આંતરઅનુમોદના કર્યા વિના ન રહેવાય. એ અમૃતને સંકલિત કરી, સ્કેનીંગમાંથી અંતિમ પરિણામ પર્યંત પહોંચાડવાના આ કપરા કાર્યને ૩૦-૩૦ વ્યક્તિઓની ટીમને તૈયાર કરીને રાત-દિવસ એનાં જ કાર્યોમાં રત રહેનાર પરમ ગુરૂભકત રાજકોટનાં સુશ્રાવક શશીકાંતભાઈ મહેતાનાં સુપુત્ર દિપકભાઈનાં ધર્મપત્ની **ભારતીબેન**નાં અપૂર્વ યોગદાનને પણ બિરદાવ્યા સિવાય ચાલે એમ જ નથી.

દાતાની ઉદારતા અને શાસનને આ નઝરાણાં ભેટમાં આપી રહેલ દરેકનો શ્રમ અનેકોનાં ભવ-સંસારશ્રમને અવશ્ય ઘટાડનાર બની રહેશે. હવે તો સૌની એક જ મનોકામના કે ગુર્વાશીષથી ફળે સર્વેની પંચમંગલશ્રુતસ્કંધની સાધના અને પામીએ શીઘ્ર જ્યોતિર્મય પદ પાવના!

નવેમ્બર, ૨૦૧૮
ઓશવાળ કોલોની, જામનગર.

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.

ॐ नमः

# આ અક્ષયપાત્રો જાણે ચૈતન્યની પાઠશાળા...



મને વર્ષોથી મનોરથ હતો કે કઈ રીતે દરેક ભવિજનોનાં હૃદયમાં પૂજ્ય સાહેબજીનો પ્રવેશ કરાવું? કઈ રીતે આ જગતને તેઓનાં અધ્યાત્મવૈભવથી પરિચિત કરાવું? શું કરું તો મારા ગુરુમહારાજની મૈત્રીનું મોરપીંછ સૌને સુંવાળપથી સ્પર્શી જાય? હૈયાનો એ સંતાપ બન્યો શીતળ, જ્યારે પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી મહારાજ વાત લાવ્યા કે આપણા ગુરુમહારાજની ડાયરીઓમાંથી અમૃત નિતારી ભવિજનોને પીરસવું છે.

હરખનો વરખ કેવો હોય તેની અનુભૂતિ થઈ તે ક્ષણે! પારિજાતનાં પમરાટ સમો તેમની વાણીનો શ્રવણયોગ તો સાંપડયો જ હતો, પણ આજે મુજ કાન સૂનાં થયા છે, ત્યારે આંખોને જાણે ઉત્સવ થઈ ગયો છે, એમના હસ્તાક્ષરોમાં પ્રવેશ કરવાનો!

શ્રી અરવિંદનું એક વાકય યાદ આવે છેઃ Matter shall reveal the spirit's face. અર્થાત્ પદાર્થ ચૈતન્યનો ચહેરો ઉજાગર કરશે. મેં પૂજ્ય સાહેબજીનાં આચરણની ભવ્યતા તો પંદરેક વર્ષનાં સાહચર્યમાં જોઈ જ છે, કિન્તુ પ્રભુનિષ્ઠ-આત્મનિષ્ઠ એવા તેઓની આ રોજનીશીઓમાંથી જે અદ્‌ભૂત અનુપ્રેક્ષાઓનું આંતરદર્શન કરી રહ્યો છું, તેનાથી તેઓએ કરેલ શાસ્ત્રોનાં દોહન સાથેનું રૂડું અનુસંધાન પણ થઈ રહ્યું છે!

સૂર્ય સમ સહસ્ત્રરશ્મિવાન એવા મારા ગુરુમહારાજ માટેની પ્રેમલક્ષણા ભક્તિ જે આજે છલકાઈ રહી છે... તે જુગ જુગ પર્યંત અખંડ રહો તેવી પ્રભુપ્રાર્થના.

નવેમ્બર, ૨૦૧૮
મુંબઈ

સી. કે. મહેતા







ૐ હ્રીં શ્રી શ્રુતજ્ઞાનાય નમો નમઃ। ૐ હ્રીં શ્રી અવધિજ્ઞાનાય નમો નમઃ।

ૐ હ્રીં શ્રી મતિજ્ઞાનાય નમો નમઃ।



ૐ હ્રીં શ્રી મનઃપર્યવજ્ઞાનાય નમો નમઃ।

ૐ હ્રીં શ્રી કેવલજ્ઞાનાય નમો નમઃ ॥

લોકાલોક પ્રકાશકર, પંચ એકાવન ભેદ,
નિર્મલ રત્ન નમું સદા, કરે કર્મ કા છેદ.

ॐ नमः

<u>Ranakpur, માગસર વદ-૧</u>

સકલ લોકકલ્યાણ ભાવના એ સર્વ આરાધનાનો સાર છે.
અખંડ લોકકલ્યાણકારક બળ, વીર્ય, વિદ્યા, બુદ્ધિ, શક્તિ
આદિની પ્રાપ્તિ અર્થે તથા અંતર - બાહ્ય:
સર્વત્ર અખંડ પરબ્રહ્મ પરમાત્મ સત્તાના સ્ફુરણને અર્થે
જપ, પાઠ, ધ્યાનનો વિનિયોગ એ પ્રભુનો સંકલ્પ છે.
રાગ-દ્વેષરહિત વિવેકબુદ્ધિનો ઉદય જેને જેને થયો છે,
તે 'મહામાનવ' છે.
અંતરરાજ્યનું જે એક વિલક્ષણ નિવૃત્તિજન્ય સુખ છે,
તેનો અનુભવ આ મહામાનવો કરે છે.
કર્તવ્યપાલન તેને પ્રાણ કરતાં અધિક પ્રિય હોય છે.

<u>ધર્મના મુખ્ય બે ધ્યેય</u>

સમગ્ર વિશ્વનું કલ્યાણ ચિન્તન,
તથા
માનવતા વિરોધી પશુતાનો નાશ કરવો.
'મારા જેવો કોઈ પાતકી, પ્રભુ જેવો કોઈ પાવની છે નહિ'
એમ જાણી યથાયોગ્ય કર.
આત્મસમ બુદ્ધિત્વ, આત્મસમ દર્શિત્વ, આત્મસમ વર્તિત્વ.
દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદન, ચતુઃશરણાગમન આદર.

ॐ नमः

માગસર વદ-૧૩

## શરણાગમન, નમસ્કાર અને પ્રાર્થના કેમ જરૂરી?

સર્વ સચિત્ત પ્રાણીઓમાં વહાલભાવ સદૈવ ટકી રહે
તે માટે શરણાગમન, નમસ્કાર અને પ્રાર્થના જરૂરી છે.
શરણાગમન તો જ સાર્થક થાય, જો શરણ્ય મળવું રહે
અને શરણ્ય જે આપે, તે કરુણાવાન જ કરી શકે.
પંચ પરમેષ્ઠિ તથા ભગવંતનું શરણ અવશ્ય મળે છે,
તેથી તેઓ કરુણાનિધાન છે.
તે શરણ જિનના નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવથી મળે છે.
શિવમસ્તુ સર્વદા સર્વત્ર સર્વેષાં ચ ।
તેમાં ભાવ, કાળ, ક્ષેત્ર અને દ્રવ્ય ચારે ય સ્પષ્ટ થાય.
કોના માટે પ્રેય: બળ, વર્ય, વિદ્યા, બુદ્ધિ, શક્તિ આપવા થકી.
કોના માટે શ્રેય: આંતર-બાહ્ય આત્મભાવ કેળવવો જરૂરી.
આત્મભાવ, વહાલભાવ, આત્મસમદર્શિત્વભાવ
સિવાય સ્વપરની શ્રેય: કામના ફળીભૂત થતી નથી.
તે ભાવ જેઓમાં પ્રગટ થયો છે, તેઓને પુનઃ પુનઃ
નમસ્કાર અને પ્રાર્થનાથી પ્રાપ્ત થતી કૃપા અને અનુગ્રહ
એ આત્મભાવ અને વહાલભાવને મેળવી આપે છે.
સર્વાત્મદર્શન સિવાય પરકલ્યાણ કાર્ય અસંભવ છે.

વિશ્વહિત, વિશ્વકલ્યાણ કે વિશ્વશાંતિ
સર્વાત્મદર્શન ઉપર અવલંબે છે.

તન્મે મનઃ શિવસંકલ્પમસ્તુ = મારું મન શિવસંકલ્પ રૂપે હો.
શિવ સંકલ્પો કે શિવ સંકલ્પરૂપી વિશુદ્ધ જ્ઞાનવાન થવું
હોય, તો તે જ્ઞાન અનુરૂપ શબ્દભંડારનું વારંવાર સ્મરણ,
ઉચ્ચારણ, સ્વાધ્યાય, જપ-પાઠ કે સ્તોત્ર કરતા રહો.
મન = પુંજીભૂત વાસના, વાસના = રાગ-દ્વેષાત્મક સંસ્કાર
સંસ્કાર = અનુરૂપ શબ્દભંડાર.
સત્યં શિવં સુંદરં = સ્વપર કલ્યાણકર.
સ્વપર અકલ્યાણકારી વાસનાઓને ઉખેડી ફેંકી દેવા.

अप्यब्धि पानान्महतः सुमेरून्मूलनादपि ।
अपि वह्न्यशनात्साधो विषमश्चित्तनिग्रहः ॥१॥

અફાટ સમુદ્રપાન, મેરૂ ઉન્મૂલન કે વહ્નિઅશન કરતાં
પણ વધુ વિકટ ચિત્તનો નિગ્રહ છે.

મંત્રથી મનને લાભ - મંત્રજાપ વિના મનનો નાશ થશે.
તપથી શરીરને લાભ - તપ વિના આ શરીરનો નાશ થશે.
પ્રભુ આજ્ઞાના આરાધનથી
આત્માને લાભ થશે એમ નહિ, પણ
પ્રભુ આજ્ઞાના આરાધન વિના આત્માનો નાશ થશે.

० મનને વિશુદ્ધ અને કલ્યાણકારી
સંસ્કારપુંજમાં ફેરવવા માટે મંત્રની આવશ્યકતા છે.
મન એટલે વાસનાપુંજ અને વાસના એટલે શબ્દભંડાર.
કાંટા વડે કાંટાને કઢાય, તેમ શબ્દ વડે શબ્દને દૂર કરાય.
Regulator = ગતિનિયામક. Brake = ગતિરોધક.
ચક્ર સાથે નિયામક અને રોધક જોઈએ. મનશ્ચક્ર = ભવચક્ર.
તે સતત ગતિશીલ છે, તેથી અશાંત અને દુઃખી છે. તેના
નિવારણાર્થે ચિત્તસંયમ કે સંયત ચિત્તની જરૂર છે, તે
માટે ગતિ નિયામક અને ગતિ નિરોધક મંત્રની જરૂર છે.
जितं जगत् केन? मनो हि येन । અર્થાત
કોના વડે જગત જીતાયું છે? જેના વડે મન જીતાયું (તેના વડે).
સંકલ્પ-વિકલ્પ શબ્દ સ્ફુરણાકાર છે.
તે સ્ફુરણા સ્વસ્વભાષા અને સંસ્કાર અનુરૂપ હોય છે.
વધારે સંસ્કાર, વધારે શબ્દજાળ, વધારે ગતિશીલ મન.
મનનાત્ ત્રાયતે ઈતિ મંત્રઃ । મંત્રનું વારંવાર મનન-
ચિન્તન-જાપ થતું રહેવાથી ત્રિવિધ તાપથી રક્ષણ થાય છે.
પ્રત્યેક અક્ષર સમુચ્ચયરૂપ શબ્દમાં
ભાષા અને સંસ્કારને અનુરૂપબોધક શક્તિ હોય છે.
તે શક્તિના ૩ વિભાગ છે:

ૐ નમઃ

(૧) અમુક શબ્દ સાંભળવાથી જે બોધ થાય છે,
તે અમુક <u>જ્ઞાન</u> પેદા કરી આત્મજ્ઞાનને વધારે છે.

(૨) અમુક શબ્દ સાંભળવાથી જે બોધ થાય,
તે નવી <u>ઇચ્છા</u> પ્રગટાવે છે.

(૩) અમુક શબ્દ સાંભળવાથી જે બોધ થાય છે,
તે <u>ક્રિયા</u>માં પ્રેરે છે.

Occult Power = અલૌકિક શક્તિ.

નિગમ એટલે વેદ-શ્રુતિ, જેનો પ્રત્યેક અક્ષર કાના અને માત્રા સહિત ગુંજનની જેમ જ ચૈતન્ય શક્તિસંપન્ન છે.

આગમ = ધર્મશાસ્ત્ર - સ્મૃતિ.

જેમ લોઢું Electric chargingથી magnet બને, તેમ શ્રુતિ-સ્મૃતિના નિત્ય નૈમિત્તિક જાપ-પાઠ વડે તે શબ્દ-સમુચ્ચય ગુંજનની જેમ શક્તિસંપન્ન થાય છે એને જ અલૌકિક શક્તિ કે Occult Power કહે છે.

<u>શબ્દમાં ૩ પ્રકારની બોધકશક્તિ: જ્ઞાન-ઇચ્છા-ક્રિયા.</u>

કોઈ મંત્ર જ્ઞાનશક્તિ, ઇચ્છાશક્તિ કે ક્રિયાશક્તિ પ્રધાન, કોઈ મંત્રમાં ૩, ૨ કે ૧ પ્રકારની બોધકશક્તિ જ હોય છે. વિચારધારા અથવા ભાવધારાઓના પ્રયોગને શાંત કરવા માટે અસાધારણ મંત્ર જાપ અને મૂળ-પાઠની જરૂર છે.

પ્રગટવના વિશ્વસ્વરૂપ ૯૦ આકારી છે.

નિર્ગ્રંથનું ધ્યાન જ્યોતિરૂપે અથવા નિર્ગ્રંથ અને અદ્વૈત બીજક શબ્દના આધારે કરવામાં આવે છે. તે આત્માદિ અભિન્નરૂપે થાય છે. હૃદયાકાશ કે ચિદાકાશમાં વારંવાર કલ્પના કરતા રહીને સ્વગુણનું ચિન્તન કરાય છે.

ક્રિયાશક્તિ કે power of Activity પ્રાણાશ્રિત છે.
ઇચ્છાશક્તિ કે power of will મનને આશ્રિત છે.
જ્ઞાનશક્તિ કે power of knowledge બુદ્ધિ યા અહંકારને આશ્રિત છે. સંશોધન અને વિકાસનું કાર્ય કે

purification and developement

ઉપાસના અને જ્ઞાનને આશ્રિત છે.

સૂર્યનાડી એ ક્રિયાશક્તિનું, ચંદ્રનાડી એ ઇચ્છાશક્તિનું અને સુષુમ્ણાનાડી એ જ્ઞાનશક્તિનું મુખ્ય કેન્દ્ર છે.

પ્રજ્ઞાવાની એ સર્વાત્મદર્શી ક્રાન્તદૃષ્ટિવાળા હોય છે.

ચાર દોષો: ભય એ તમોગુણ છે, વિક્ષેપ એ રજોગુણ છે, ૪ કષાયો એ સૂક્ષ્મદોષો અને રસાસ્વાદ સૂક્ષ્મતર દોષ છે.

o ઇચ્છાશક્તિ પ્રધાન ઈશિત્વ સિદ્ધિ અને
ક્રિયાશક્તિ પ્રધાન વશિત્વ સિદ્ધિ હોય છે.

મનોબળરૂપી શ્રદ્ધા અને આત્મબળરૂપી વીર્ય હોય છે.

ॐ
नमः

માગસર વદી ૧૪, શનિવાર

ૐ હ્રીં અર્હંનો એક લક્ષ જાપ રાધનપુરમાં પ્રભુ પ્રતિમા સમક્ષ કરવાના પરિણામે બાવન ઉપવાસના દિવસે નીચેના ૭ નિર્ણયો મને સ્ફૂર્યા છે:

(૧) 'શિવમસ્તુ સર્વ જગતઃ।'ની ભાવના તીર્થંકરત્વનું મુખ્ય બીજ છે.

(૨) આત્મસમદર્શિત્વ એ સિદ્ધપદનું મુખ્ય બીજ છે.

(૩) આત્મસમદર્શિત્વ જેના જીવનમાં સિદ્ધ થયું હોય તે જ 'સોઽહં।'નો જાપ કરવાનો મૂળ અધિકારી છે.

(૪) પ્રભુને સમવસરણની ઋદ્ધિ મળવી, તે શિવમસ્તુની ભાવનાનું ફળ છે.

(૫) વચનના ૩૫ અતિશયો કરુણા ભાવનાનું ફળ છે.

(૬) મૈત્રી ભાવનાનું ફળ સર્વજ્ઞતા છે.

(૭) માધ્યસ્થ્ય ભાવનાનું ફળ વીતરાગતા છે.

આત્મભાવ, બ્રહ્મભાવ અથવા અસ્તિત્વભાવ જાગ્યા વિના રાગ-દ્વેષ શમતા નથી. વિષયોમાં ઈષ્ટાનિષ્ટનો ભાવ અને જીવોને વિષે ઉંચ-નીચતાનો ભાવ દૂર થયા વિના રાગ-દ્વેષ જાય નહિ. વિષયો એકના સુખનો હેતુ થાય છે પણ બીજાના દુઃખનો હેતુ છે, તેથી તેનું મમત્વ છોડવું જોઈએ.

સર્વના સુખના હેતુરૂપ પરમેષ્ઠિઓ પરમપદે સ્થિત છે,

તેથી તેમના ઉપર મમત્વભાવ જગાવી જોઈએ.

વિષયો ઉપરનું મમત્વ સર્વના દુઃખનું મૂળ છે.

પરમેષ્ઠિઓ ઉપર ભક્તિભાવ સર્વનાં સુખનું બીજ છે.

તેમને પરમપદે સ્થિત થવામાં

જે જીવોની કરુણા હેતુભૂત બને છે, તે જીવતત્ત્વ

સન્માનનીય, આદરણીય, સેવનીય અને ઉપાસનીય છે.

પરમેષ્ઠિઓની પૂજ્યતા અંતે જીવતત્ત્વના બહુમાનમાં

પરિણમે છે અને જીવતત્ત્વની પૂજ્યતામાં ઠરે છે.

૬ઠ્ઠું - ૭મું ગુણસ્થાનક ટકાવી રાખવા સામાયિક ધર્મ,

૧૩ - ૧૪મું ગુણસ્થાનક પ્રાપ્ત કરવા નવકારનું ધ્યાન.

સામાયિક ધર્મ વડે આત્મસમદર્શિત્વ સધાય છે.

નવકાર ધ્યાન વડે પરમાત્મસમદર્શિત્વ પ્રાપ્ત થાય છે.

વિષયતૃષ્ણા જીવોની મૈત્રીમાં વિઘ્નભૂત છે.

જીવોની મૈત્રી નિરાબાધ રાખવા માટે

વિષયોની વિરક્તિ અનિવાર્ય છે.

વિષયોની નિર્ગુણતા, નિઃસારતા, વિનાશકતા, અનર્થકારિતા

સર્વના સુખમાં વિઘ્નકારકતાના કારણો છે. સ્વનું સુખ

સર્વના સુખમાં બાધક હોવાના કારણે કર્મબંધમાં હેતુ છે.

સર્વના સુખથી અવિરોધી સુખ વિષયના ત્યાગથી જ સધાય.
મૈત્રીભાવના વિસ્તાર માટે જ ધર્મનું સંસ્થાપન છે.
વિષયો મૈત્રીભાવનાં બાધક - રાગકષાયના ઉત્પાદક છે.
કષાયવૃત્તિ મૈત્રીભાવની વિરોધી હોવાથી તેને ત્યાગવા.
દાન, શીલ, તપ, ભાવ, પૂજન, તીર્થયાત્રા, અહિંસાદિ ધર્મો,
ક્ષમાદિ સદ્ગુણો, ઔદાર્યાદિ વૃત્તિઓ મૈત્રી વિકસાવે છે.
ધર્મનું મૂળભૂત પ્રયોજન જીવમાત્ર પ્રત્યે મૈત્રીભાવને
વિકસાવી પરમાત્મપદની પ્રાપ્તિ કરાવવા રૂપ જ છે.
ધર્મ જીવ અને શિવ સાથેનો સંબંધ બાંધવા આવે છે.
ધર્મ એ ઉત્કૃષ્ટ, મંગળરૂપ, કલ્યાણકારક, વિઘ્નહારક,
ચિત્ત પ્રસન્નતાનું કારણ અને ઉપસર્ગ નિવારક છે.
વિષયો એથી વિરુદ્ધ શલ્યરૂપ, વિષરૂપ, આશીવિષ છે.
વિષયોની ઇચ્છા કરવામાત્રથી તે દુર્ગતિદાયક છે.

જે ધર્મ વિષયોનો ત્યાગ શીખવે અને
જીવો પ્રત્યે મૈત્રી શીખવે છે,
તે જ ધર્મ સર્વજ્ઞકથિત તથા
જગતના સર્વ જીવોને હિતકારી છે, તેથી પૂજનીય છે.
એ ધર્મ જેના મનમાં વસે છે,
તેઓ દેવો વડે પણ પ્રશંસનીય, નમસ્કરણીય છે.

વિષયો પ્રત્યે આદરભાવ કે નમનભાવ એ ભવભ્રમણનો હેતુ છે, તેથી તેનું નિવારણ કરવા માટે પરમેષ્ઠિઓ પ્રત્યે આદરભાવ, નમનભાવ કરણીય છે. 'વિષયો સુખના હેતુ છે' એવો ભ્રમ નિવારવા માટે 'પરમેષ્ઠિઓ સુખના હેતુ છે' એવું ભાન મેળવવું જોઈએ, જે નવકારથી પ્રાપ્ત થાય.

'ભાવનમસ્કાર પરમેષ્ઠિઓ સકલ સુખના કારણભૂત છે
અને વિષયો સર્વ દુઃખોના હેતુભૂત છે'
એમ લાગે ત્યારે સાચું ભાન પ્રાપ્ત થાય.

વિષયો ધ્યાનમાત્રથી ક્લેશ અને કષાયનું કારણ થાય છે,
તેમ પંચપરમેષ્ઠિઓ ધ્યાનમાત્રથી
શાંતિ અને સુખનું કારણ થાય છે.

વિષયોના ધ્યાનથી કષાય, કષાયથી ક્લેશ,
ક્લેશથી અશાંતિ વધે છે, જે દુર્ગતિનું જ કારણ થાય છે.
પરમેષ્ઠિઓ ધ્યાનમાત્રથી મૈત્રી વિકસાવે છે.
મૈત્રીથી અસંક્લેશ, શાંતિ, સમાધિ અને સદ્ગતિ મળે છે.

વિષયોને કષાય અને કર્મ સાથે સંબંધ છે.
પરમેષ્ઠિઓને મૈત્રી અને મોક્ષ સાથે સંબંધ છે.

મોક્ષનું કારણ સમતા છે. સમતા મૈત્રીનો પર્યાયવાચક છે.
પરમેષ્ઠિઓના ધ્યાન, સ્મરણ, નમન, પૂજન, જપ, સ્તોત્ર અને

સ્વાધ્યાય વડે વિકસતાં ધર્મભાવથી મોક્ષનાં સાક્ષાત્કારનું થાય છે. પરમેષ્ઠિઓનાં ધ્યાન-આરાધનાથી જીવ, ધર્મ અને મોક્ષ મેળવે છે. વિષયોનાં ધ્યાન-ઉપભોગથી જીવ કષાય-કર્મ ઉપાર્જે અને પરિણામે સંસારમાં ભટકે છે.

ભવનો ભય જેને લાગ્યો છે,
તેણે વિષયોથી ભય પામવો જોઈએ.
મોક્ષનો અભિલાષ જેને જાગ્યો છે,
તેણે પરમેષ્ઠિઓથી રાગ જોડવો જોઈએ.

વિષયોનો ભય કષાય અને કર્મથી આપણને બચાવે છે.
પરમેષ્ઠિઓનો રાગ ધર્મ અને મોક્ષ મેળવી આપે છે.

'નમો અરિહંતાણં ।'

એ મંત્ર જ્ઞાનશક્તિ, ઇચ્છાશક્તિ અને ક્રિયાશક્તિ
એમ ત્રણે શક્તિઓને વિકસાવે છે.
જ્ઞાનશક્તિ વડે સર્વજીવો સાથે
'આત્મસમાનત્વ' પેદા થાય છે.
ઇચ્છાશક્તિ વડે સર્વજીવો સાથે
'આત્મસમદર્શિત્વ' ભાવ પેદા થાય છે.
ક્રિયાશક્તિ વડે સર્વજીવો સાથે
'આત્મતુલ્યવર્તિત્વ' ગુણ પ્રગટ થાય છે.

સર્વજીવોનું આત્મદ્રવ્ય જ્ઞાન, દર્શન અને સર્વજીવો સાથે
આત્મદ્રવ્ય વર્તન રાખવું એ 'વ્યવહાર રત્નત્રયી' છે.
તેના પાયા ઉપર નિશ્ચય રત્નત્રયીનો ઉગમ થાય છે.

'નિશ્ચય રત્નત્રયી' એટલે
પરમાત્મદ્રવ્ય આત્મજ્ઞાન, આત્મદર્શન અને આત્મધ્યાન.
એ ત્રણે વડે સકલ કર્મ નિર્મૂળ થાય છે.
કૈવલ્ય અને મોક્ષપદની પ્રાપ્તિ થાય છે.

'નમો અરિહંતાણં' અરિને હણનારા, અરિતાને હણનારા, મૈત્રીભાવને પામેલા, કરુણા, પ્રમોદ અને માધ્યસ્થભાવને વરેલા મહાસત્ત્વોને પ્રણામરૂપ છે. વિશ્વની સ્થિતિ-ધારણા-પોષણ તે મહાસત્ત્વોના પરમ સાત્ત્વિક ભાવનાબળથી થાય છે.
નમો = 'હું' ભૂલવો, અરિહંતાણં = પ્રભુને સ્વમાં કામ કરવા દેવા.

અરિહંતોના આત્મદ્રવ્ય - આત્મભાવ સર્વથી શ્રેષ્ઠ છે,
તેથી અરિહંતોના નામ - રૂપ સર્વશ્રેષ્ઠ છે.

નામ, રૂપ, દ્રવ્ય અને ભાવ વડે જેઓ ત્રણે જગતને પવિત્ર કરી રહ્યા છે, સર્વક્ષેત્ર અને સર્વકાળમાં રહેલાં તે સર્વે પવિત્ર સત્ત્વોનું અમે ધ્યાન કરીએ છીએ.

o મનને શુદ્ધ રાખવાનો ઉપાય
મનથી ઉપર ઉઠીને વિચારવું તે છે.

0 મહાત્માઓ અપમાન અને દુઃખ ભોગવવામાં
મોટું માન અને પુણ્ય સમજે છે.

0 તુચ્છ સુખની ખાતર પરમ સુખને
છોડતાં શરમ આવવી જોઈએ.

અહંતા-મમતારૂપી મિથ્યાભિમાન એ માથે ઉપાડેલો ભાર છે.
તે ભાર પ્રભુ પાસે ઝટ પહોંચવામાં અંતરાયભૂત છે.

0 'મંત્ર' એટલે ગુપ્ત પરિભાષણ.
મંત્રનો અંતર્ગ કૃપા યાચના છે.
અરિહંતોની કૃપા અને અનુગ્રહ યાચવા માટે મંત્રજાપ છે.
દેવતાની કૃપા યાચના માટે મંત્રજાપ છે.

o

Peace comes from self-mastery and
bliss comes from universal sympathy.
અર્થાત્ શાંતિ આત્મપ્રભુત્વમાંથી કે આત્મદમનમાંથી
અને સુખ વિશ્વબંધુત્વમાંથી આવે છે.
Law of life is love. Men must learn
to see all in Him and Him in all.
Universal sympathy and
control over the self are the
two means for bliss and peace.

સર્વશાસ્ત્રોનું મૂળ મંત્રજાપ છે.

દાણા ફૂલમાં મળીને છોડ થાય, કીડો મરીને ભમર થાય, નદી પોતાનું રૂપ છોડીને સાગર થાય, તેમ ઇષ્ટનો નમસ્કાર સ્વને ભૂલી ઇષ્ટ સ્વરૂપ થવા માટે છે. સ્વને ભૂલવાથી ખોટ જતી નથી પણ એક નવું ઉચ્ચ સ્વરૂપ પ્રાપ્ત થાય છે.

૦ વૈરાગ્ય એ રેચક છે, જ્ઞાન એ પાચક છે અને ભક્તિ એ લંઘન છે. નમસ્કારભાવના એ જડી ઔષધ છે.

ઉપ = સામાન્ય જ્ઞાન, લબ્ધ = વિશિષ્ટ જ્ઞાન.

ઉપલબ્ધ કરતાં સંદેહ-વિપર્યયરહિત જે જ્ઞાન થાય તે અર્થવિજ્ઞાન છે. તત્ત્વજ્ઞાન એટલે 'આ આમ જ છે' એવું નિર્ણયાત્મક જ્ઞાન લેવું. તેની પ્રાપ્તિ માટે ઉપલબ્ધ અને અર્થવિજ્ઞાનની સાથે જિજ્ઞાસા, શુશ્રૂષા, શ્રવણ, ગ્રહણ, ધારણા આદિ બુદ્ધિના ગુણો લેવા અતિઆવશ્યક છે.

'નિરતિશય-પ્રેમાસ્પદત્વં આનન્દત્વં ।'

અર્થાત્ નિરતિશય પ્રેમવાળાપણું તે જ આનંદ છે.

૦ જેઓ પોતાને વશ રાખી શકતા નથી, તેઓને વશ રાખવા માટે સમાજ અને શાસ્ત્રની જરૂર છે. રોટીના પ્રશ્ન કરતાં વાસનાને વશ રાખીને ધર્મ દ્વારા પરસ્પર પ્રેમભાવ સ્થાપિત કરવાનો પ્રશ્ન વધુ અગત્યનો છે.

ધર્મ એક બાજુ વાસનાને રોકે છે અને
બીજી બાજુ મંગલમયને પ્રસારે છે.

મન શાંત થાય ત્યારે જ ભગવાન પ્રગટ થાય છે.

જેમ કઠણ પદાર્થ પચાવવાની ટેવ પાડવી હોય ત્યારે
બાળકને ચવરાવવાનું છોડી દેવું જોઈએ,
તેમ મન-બુદ્ધિને થોડીવાર અંધારામાં છોડતાં શીખવું જોઈએ,
તેથી તેની મનન અને નિર્ણય કરવાની શક્તિ વધે છે.

o સ્નેહ સરલ

'હું' મટીને 'તું' થવું અને
પછી 'હું' અને 'તું' મટીને 'તે' થવું.

o લાકડાને બાળવું હોય તો તેના માટે જેટલી ગરમી જરૂરી છે તેટલી આપવી જોઈએ, તેમ અહંકારને ગાળવા માટે જેટલી ભક્તિની જરૂર છે તેટલી ઉત્પન્ન કરવી જોઈએ.

o કૃષ્ણે પ્રેમસ્વરૂપને બદલે જ્ઞાનસ્વરૂપ કીધો છે, કેમકે 'પ્રેમ' શબ્દ ઘણીવાર સાંસારિક સુખ માટે વપરાય છે. બાકી કૃષ્ણ એ તો પ્રેમ અને જ્ઞાન ઉભય સ્વરૂપ છે.

एकस्य ज्ञानात् सर्वं विज्ञातं सर्वं एकस्वरूपत्वात् ।
અર્થાત્ એકસ્વરૂપ હોવાથી એકના જ્ઞાનથી સર્વ જણાય છે.

o

Be still and know that I am God.

ઘુવડને દિવસ કરતાં રાત્રિની વધુ કીંમત છે.
તેને ઉજાસ કરતાં અંધારું વધુ સહાયક છે.
મનને વિચારોથી ખાલી કરવું એ અંધકાર જેવું લાગશે,
પણ અભેદ સાધવા માટે તે અત્યંત જ ઉપકારક થશે.
મૂળ = નિદિધ્યાસન અથવા અનવરત ધ્યાન.
તેનાથી સવિકલ્પ સમાધિ મળે.

o બજારની વસ્તુ જેમ તેનો ભાવ આપવાથી મળે છે,
તેમ પ્રભુની પ્રાપ્તિ શરણાભાવ આપવાથી થાય છે.
સર્વ ભાવથી અર્પિતતાનું નામ શરણાભાવ છે.
ભક્તિમાર્ગમાં રાગ-જ્ઞાનમાર્ગમાં વૈરાગ્યની જરૂર પડે છે.
પૈસાની કીંમત કરતાં સાચા વિચારની કીંમત વધારે છે.
પ્રભુની શક્તિ પ્રાપ્ત કરવા માટે negative થવું જોઈએ.
Negative થયા વિના Positive કાર્ય કરવું નહિ.
Negative શરણાભાવ Positive સર્વશક્તિમાન.
નિષેધભાવ-મૃદુભાવ આણવા માટે અદ્વૈત ભાવની જરૂર છે.
ભક્તિ માટે અનન્ય ભાવની જરૂર છે.
બંનેમાં સત્તા એક રહે છે, તેમાં સાચો આનંદ છે.
સર્વ પ્રાણીઓમાં એક આત્માને જોવો તે જ્ઞાન છે.

o

Female = creative - preservative energy.

ॐ
नमः

શરણાગતભાવ = સેવક સત્તા વગરનો, સત્તા એક સ્વામીની.
વિચારથી જ્ઞાન અને શ્રદ્ધાથી અનુગ્રહ મળે છે.
વિચારમાં સ્વપ્રયત્ન અને શ્રદ્ધામાં ભગવદનુગ્રહ છે.
યોગમાં મન-ઇંદ્રિયની સહાય છે, ભજનમાં કેવળ આત્માની.
ખરી ભાત સુખમાં નહિ પણ શાંતિથી ભોગવાતા દુઃખમાં છે.
'નમવું' એટલે ઓગળવામાં રહેવું.
ભૌતિકમાનસ વિષયો તરફ દીન રહે છે,
ધર્મ તરફ કઠોર રહે છે, તેથી તેમને સત્ય લાધતું નથી.
પ્રભુ આગળ માન-મોટે મૂક્યા વિના ભક્તિ જાગતી નથી.
જે ભગવાનને મેળવવા બધું ખોવે છે,
તેને હંમેશા માટે બધું મળે છે.
ભગવાનનો અનુગ્રહ મળ્યા પછી ભગવાનની મોટાઈ અને
જીવની હલકાઈ સ્પષ્ટ દેખાઈ આવે છે.
પ્રેમ ઉભયપક્ષી હોય છે.
જેને પ્રેમ કરે છે, તેના તરફથી પ્રેમ મળે છે.
ભક્તિની પૂર્ણ સ્થિતિને 'સ્થાયીભાવ' તથા
જ્ઞાનની પૂર્ણ સ્થિતિને 'નિષ્ઠા' કહે છે.
પ્રભુપ્રેમી પોતાના પ્રભુથી અને તેના જગતથી
દ્વૈતભાવ કદાપિ સહન કરી શકતા નથી.

- આત્મભાવે આખું જગત આપણું કુટુંબ છે.
- સેવા પરપણાની બુદ્ધિ છોડવા માટે છે.
- આત્માના સુધારક એ ખરા સુધારક છે,
  માયાના સુધારક એ સુધારક નથી.
- જે પોતાની અયોગ્યતા સમજી શકે છે,
  તે હૃદયની શાંતિ કદાપિ ગુમાવતો નથી.

જો મનુષ્ય વચ્ચે જીવ મળવાથી સુખ થાય, તો બધાની સાથે જો જીવ મળી જાય, તો કેટલું સુખ અનુભવાય?

ભક્ત દ્વૈતપ્રિય છે, ભગવાન અદ્વૈતપ્રિય છે.

જે જીવ ખાલી હોય, તેને જ ભગવાન ભરી શકે છે.

'હું એકલો છું, મારું કોઈ નથી, હું કોઈનો નથી'
એમ માનનાર ઉપર જ ભગવદનુગ્રહ ઉતરે છે.

તારા કર્તાને તારાપણું સોંપ.

વિરક્તની ભાવનામાં વસ્તુના મોક્ષ ઉપરાંત ચિત્ત અને વિચારના મોક્ષની પણ જરૂર છે. ઘણાય ઘણા વસ્તુ છોડે છે પણ પોતાની ઇચ્છા, લાગણી, મન અને પોતાપણું છોડી શકતા નથી. પ્રકૃતિ વસ્તુઓમાં નથી પણ ક્રિયામાં છે.

જે ઝાઝું જાણે છે, તે મોટેરો નથી,
પણ જે ઝાઝું વર્તનમાં લાવે છે, તે મોટેરો છે.

0 મનની ઉંચી દશાએ પહોંચવાનો અને

પૂર્ણશાંતિ ભોગવવાનો રસ્તો શૂન્યતાનો છે.

શૂન્યતામાં નિવાસ કરવાથી

ભગવાન સિવાય કોઈ અંદર દાખલ થઈ શકતું નથી.

'જગતને ભૂલવાની અથવા તો જગતને પ્રભુ સ્વરૂપ માનવાની શક્તિ આપો' એવી પ્રાર્થના પ્રભુ પાસે કરવી.

'આપણા સારા કામ આપણે કર્યાં' એમ માનવાથી જે સુકર્મો ભગવાનની સત્તાથી થાય છે તેનું અપમાન થાય.

એક પણ વાસના છોડવાથી તેનો હજાર ગણો બદલો મળે છે.

એક પણ વાસના બાકી રહેવાથી પૂરો આનંદ મળતો નથી.

જ્ઞાનમાર્ગમાં આત્માને પહેલેથી જ શુદ્ધ માની લઈને કલ્પિત અશુદ્ધિ જ્ઞાન દ્વારા દૂર કરવામાં આવે છે.

ભક્તિમાર્ગમાં આત્માને પહેલેથી અશુદ્ધ માની પ્રાર્થના અને અનુગ્રહ દ્વારા સ્વરૂપ નિષ્ઠા પ્રાપ્તિનો પ્રયાસ થાય છે.

0 વગર પ્રયત્ને પશુઓને જે સુખ મળે છે,

તેટલું જ આહારાદિનું સુખ પ્રયત્ન કરીને

મનુષ્યને મળતું હોય તો તેમાં પુરૂષાર્થ શો?

'પોતે જેટલા સુખને લાયક છે, તેથી અધિક સુખ મળ્યું છે અને પોતે જેટલા દુઃખને લાયક છે, તેથી ઓછું દુઃખ મળ્યું છે' એમ માનનારને કદી અશાંતિ થતી નથી.

## મારી આજની પ્રાર્થના

'હે ભગવાન, મારા આત્માને હાનિકર થાય એવું હું માગું તો પણ મને આપતા નહિ અને મારા આત્માને હિતકર થાય એવું હું ન માગું તો પણ મને આપજો.'

o પવિત્રતા દલીલોમાં નહિ પણ પ્રેમ રાખવામાં અને પોતાને ભૂલવામાં છે.

o કાળા કપડા સાથે ધોળું પડ્યું હોય તો કાળું વધારે ખરાબ લાગે, તેમ પ્રભુને નમસ્કાર કરવાથી જીવના દોષ વધારે નજરે આવે છે. આપણા આત્માને ભગીરથ-ચાળીશ છાપશે, તે કરતાં પ્રભુ આપણને વધુ ભાળી છે.

લલિત વિસ્તરામાં કહ્યું છે કે:

સ્થાનાદિગર્ભિતયા ભાવસારત્વાત્ । યથાભાવં યથાયોગ્યં સ્થાનવર્ણાર્થાલંબનગતચિત્તઃ। (ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

ઉભયલોકે સુખકારી અર્થ તથા કામ તેને કહેવાય કે જેની ઉત્પત્તિમાં ક્લેશ નહિ અને ભોગમાં વિઘ્ન નહિ. સત્પાત્ર વિનિયોગમાં ડર, કીર્તિ કે અંતરાય ન હોય.

મહાપુરુષ પોતાના જટ-ટોપીમાં સમાતો નથી.

તેના અંદર પ્રેમ, તપ, શક્તિ વગેરે છે.

ધર્મ અને મોક્ષ એ વિકાસ છે, કેવળ અર્થ-કામ નહિ.

ॐ
नमः

<u>રાધનપુર, પોષ સુદ - ૧ સોમ</u>

આત્માનું પ્રગટ થવું તે ધર્મ. મન, વચન, કર્મ, શરીર, સ્વભાવ, ઈંદ્રિયોની નીતિ અને ધર્મને આચરણમાં ઉતારવા.

કર્મયોગ - રાજયોગ - ભક્તિયોગ તથા ધર્મ
એ બધાં માનવતાના વિકાસ માટે છે.
માનવતાવિહીન ધર્મ હોઈ જ ન શકે.

<u>પશુતા નિવારી, માનવતા આણી દિવ્યતામાં લઈ જવા ધર્મ છે.</u>

શિવમસ્તુ સર્વ જગતઃ નો ઉપાય
પરહિતનિરતા ભવન્તુ ભૂતગણાઃ ।
વળી તેનો ઉપાય રાગાદિ દોષોનો ક્ષય અને
તેનું પરિણામ સર્વત્ર સુખી ભવતુ લોકઃ ।

દોષક્ષય ત્વેન પરહિત - નિરતત્વ શિવમ્નો ઉપાય છે
અને તેનું પરિણામ સર્વત્ર સુખમાં આવે છે.

'શિવમસ્તુ' એ પ્રતિજ્ઞા છે, જ્યારે 'દોષ ક્ષયત્વેન પરહિત નિરતત્વ' એ હેતુ છે. દૃષ્ટાંત તીર્થંકર ગણધરો છે. જ્યાં જ્યાં પરહિત નિરતત્વ હોય, ત્યાં ત્યાં દોષક્ષય અને શિવ હોય જ અને તેથી સર્વત્ર લોકો સુખી થાય જ.

બહારના <u>વિરુદ્ધ દેશે જવાય, કાળ નહિ</u>.

<u>અંદર કામ-ક્રોધાદિ સાથેના વિરુદ્ધ દેશ-કાળ બંને જવાય છે.</u>

## મહામંગલ મંત્ર

'अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च ।'

અર્થાત્ સર્વજીવો પ્રત્યે અદ્વેષપણું એ જ મૈત્રી અને કરુણા.

'ભગવદ્કાર્યમાં જોડાયેલા છાત્રો'

એવી પ્રતીતિ જ આપણ સૌને જોડી શકે.

મોહ = રાવણ, ધર્મ = રામ.

સત્ય, પ્રેમ, કરુણારૂપી ઈશ્વરની આરાધના જ શ્રેષ્ઠ છે.

મૌન એ શ્રેષ્ઠ પ્રાર્થના છે.

વ્યક્તિએ સમત્વશીલ અને અનુરાગયુક્ત રહેવા જોઈએ.

o ઈશ્વર તેની કૃપા કોઈ ઉપર લાદતો નથી,
જે પ્રયત્ન કરે છે
તેને મદદ કરવા તે સદા તૈયાર રહે છે.

o આત્મતત્ત્વ એ જ દેવત્વ કે દિવ્યતા છે.

o ધર્મ નિત્ય છે સુખ-દુઃખ અનિત્ય છે, કેમ કે
જીવ નિત્ય છે, શરીર અનિત્ય છે.

આપણા દરેક કૃતિનો ઈશ્વર સાથે અનુબંધ રહેવો જોઈએ.

o

Religion is the manifestation of
Divinity already in man.

o

सर्वभूतहितं कुर्वन्, न दुःखात् सर्वभूतानि ।
आत्मवत् प्राणिमात्रेषु पश्यन्, कारुण्यभाग्भवेत् ॥
संप्राप्य समदेग्,
फलं, कर्तृत्वभावं च समर्प्य आपदे मुदा । (પરિશિષ્ટ-૨)

જીવનના ઉચ્ચ મૂલ્યોની સતત સંસ્મૃતિ
અને હીન મૂલ્યોની સતત વિસ્મૃતિ રાખવી.

દુઃખ દાવાનળમાં ન દાઝવા માટે સંતોષ એ અમૃત છે.

કૃતજ્ઞતા એ શુદ્ધ જીવનું લક્ષણ છે.

કૃતઘ્નતા એ પામર જીવનું લક્ષણ છે.

કૃતજ્ઞતાનો અભાવ જીવને અંતે નાસ્તિક બનાવે છે.

ઈશ્વરને માનવ તરફથી
મોટામાં મોટો કોઈ અસંતોષ હશે, તો તે કૃતઘ્નતાનો.

એક અન્ય રીતે આત્માનો અર્થ જોતાં સ્વરૂપભૂત જીવની
સાથે તન્મયપણાને પામેલો હોય અને ચિત્ત પણ લેવાય છે.

મૌન ઘણું પ્રવચન કરી શકે છે.

વાણીના મૌન વખતે
મનમાં શાંતિ, પ્રસન્નતા અને એકાગ્રતા હોય છે.
મનના મૌન કે સમાધિ વખતે
આત્મા કે પરમાત્માની સ્ફૂર્તિ હોય છે.

રાધનપુર, પોષ સુદ - ૨/૩

0 સિદ્ધિનાં ૩ પદ : ભક્તિ, ઉપાય, પ્રયત્ન.

0 દયા એ જ જો ધર્મનું લક્ષણ હોય, તો
સર્વ જીવનું હિત ઇચ્છવું એજ પ્રભુની આજ્ઞા હોઈ શકે.

સમસ્ત શાસ્ત્રોનો સાર છે પ્રભુનું નામ અને નમસ્કાર.
બધી સાધનાઓ છેવટે તો નામમાં જ સમાપ્ત થાય છે.
નામ અને રામ જુદાં નથી.

પંચ પરમેષ્ઠિની ભક્તિ જ ભાવનાઓને વિકસાવે છે.
ભક્તિ એ પ્રધાન મંગળરૂપ છે.
તે જ કષાયોને નિવારે છે, સર્વ પાપના ક્ષયરૂપ છે.
વિષયોમાં ભક્તિ અને પરમેષ્ઠિઓમાં અભક્તિ
એ સર્વ પાપના કારણ છે.
ભક્તિ = અહંતા, મમતા ૦ અભક્તિ = નાહંતા, ન મમતા.
વિષયોમાં વિરક્તિ અને પરમેષ્ઠિઓમાં ભક્તિ
એ મંગળનું મૂળ છે.
એ કષાયોને રોકે છે અને મૈત્રીને વિકસાવે છે.
વિષયોની આસક્તિ કષાયોને ઉશ્કેરે છે.
પરમેષ્ઠિઓની ભક્તિ મૈત્રીને વધારે છે.
પરમેષ્ઠિઓ પ્રેમ અને મૈત્રીથી ભરપુર છે.

જેમના પ્રત્યેનું મમત્વ સ્વભાવ મૈત્રી અને પ્રેમ વિકસાવે.

વિષયો જડ અને ભાવશૂન્ય છે,
તેથી તેના પ્રત્યે આસક્તિ ક્લેશ અને કષાય જન્માવે છે.
પરમેષ્ઠિ નમસ્કાર મૈત્રીભાવને વિકસાવે છે,
વિષયાસક્તિને ટાળે છે, વિષયવિરક્તિ કષાયને રોકે છે.
પરમેષ્ઠિઓનો નમસ્કાર વિષયો અને કષાયોને રોકે છે
એ એનું પાપનાશકપણું છે.

પરમેષ્ઠિ નમસ્કાર મૈત્રીને પોષે એ પ્રથમ મંગલપણું છે.

વિષય - કષાય એ પાપ છે, કેમકે કષાય સાક્ષાત્ પાપ છે અને વિષયો તેને પોષક છે, તેથી પાપનું કારણ છે. અહીં મૈત્રી જ સાક્ષાત્ મંગલ છે અને પરમેષ્ઠિઓ તેના કારણ છે, તેથી મંગલનાં કારણ છે. જેમ વિષયોના ધ્યાનથી કષાયો ઉશ્કેરાય, તેમ પરમેષ્ઠિઓના ધ્યાનમાત્રથી ગહન મૈત્રીભાવ વિકસે છે. સર્વ જીવો સાથે મૈત્રી એ મંગલ છે, કેમકે જીવતત્ત્વ પ્રેમ, જ્ઞાન, આનંદ, શક્તિથી ભરપૂર છે, તેથી તેનું ધ્યાન અને તેનું ધ્યાન કરનારનું ધ્યાન વિશ્વમાં પ્રેમતત્ત્વને વધારનાર છે, તેથી મંગલ છે.

તત્ત્વતઃ પ્રેમ એજ મંગલ છે. જ્ઞાન એજ મંગલ છે.
પ્રેમ અને જ્ઞાનમાં વપરાતી શક્તિ એ જ મંગલ છે.

આનંદ એ મંગળ છે, સુખ એ મંગળ છે.
સર્વ મંગળમાં પહેલું મંગળ જ્ઞાન, આનંદ, પ્રેમ, સુખથી ભરેલ જીવતત્ત્વ પ્રત્યે મૈત્રીભાવ છે, તેથી એ મૈત્રીભાવથી ભરેલા પંચ પરમેષ્ઠિઓનું ધ્યાન જે નમસ્કારથી થાય છે, તે નમસ્કાર એ સર્વ મંગળોમાં સૌથી પહેલું મંગળ છે.

જીવતત્ત્વ પ્રત્યે મૈત્રી એ મંગળનું મૂળ.

જડતત્ત્વ પ્રત્યે વિરક્તિ એ પાપનાશનું કારણ.

જીવની મૈત્રી અને જડની વિરક્તિ સાથે સાથે ચાલે છે.

મૈત્રીનો અભ્યાસ અને જડનો વૈરાગ્ય એ બંને સાથે મળીને ચિત્તવૃત્તિને સંસારસાગર તરફ જતી રોકી અને મોક્ષસાગર તરફ લઈ જાય છે. નવકારમાં જડથી વિરક્તિ અને જીવથી મૈત્રી ધારણ કરનારા પુરુષોને પ્રણામ છે.

વિષયોની આસક્તિ પાપની જડ છે.

પરમેષ્ઠિઓની ભક્તિ મૈત્રીનું મૂળ છે.

વિષયો સ્વયં જડ છે, અચેતન છે, ભાવવિહીન છે. પરમેષ્ઠિઓ જ્યોતિસ્વરૂપ છે, ચૈતન્યઘન છે, ભાવથી ભરપૂર છે. વળી તેઓ પરમપદે બિરાજમાન છે, તેમાં કારણ તેઓનો ચૈતન્ય પ્રત્યે પ્રગટેલો પ્રેમ છે. ચૈતન્યનો પ્રેમ એ મંગળનું મૂળ છે. જડનો પ્રેમ એ પાપનું મૂળ છે.

નમસ્કાર સર્વ પાપનાશક છે, તેમાં ઉત્કૃષ્ટ
ચૈતન્ય ઈશ્વરનો પ્રેમ અને જડ પ્રત્યે વૈરાગ્ય છે.
જડની પ્રીતિ અનાદિની હોવા છતાં વિષ ભરેલી છે.
ચૈતન્યપ્રીતિનો નવો પ્રારંભ છતાં નિત્ય વૃદ્ધિ પામનારી છે,
અનંત, નિત્ય નવો પ્રેમ અને આનંદ આપનારી છે.
પરમેષ્ઠિઓ ભાવાનંદથી પૂર્ણ છે.
તેઓ જગમાત્ર પ્રત્યે આત્મસમભાવથી ભરેલા છે.
આત્મસમદર્શિત્વ એ મૂળ ગુણ છે.
એ ગુણ હોય તો બધા ગુણ, ગુણ ગણાય છે.
એ ન હોય તો બધા ગુણ, ગુણાભાસ છે.
પરમેષ્ઠિઓમાં આત્મસમદર્શિત્વ ગુણ સોળે કળાએ
ખિલેલો છે. તેમનું સ્મરણ કરવામાત્રથી ચૈતન્ય જગતમાં
આનંદ ઉભરાય છે, જડથી પોતાનો સંબંધ છુટે છે.
સિદ્ધભગવંત જડકર્મથી મુક્ત છે, તેથી સિદ્ધ થવાનો
ઉપાય જડથી પોતાને ભિન્ન જાણવો તે છે. અરિહંત
ભગવંત ૩ લોકના નાથ છે, તેથી અરિહંત થવાનો
ઉપાય ત્રણે લોકને હૃદયમાં ધારણ કરવો એ જ છે.
સર્વ જીવોને આત્મસમ જોવા અને
સર્વ જડ દ્રવ્યોને આત્મભિન્ન જોવા એ મુક્તિનો માર્ગ છે.

ॐ नमः

પરમેષ્ઠિ ભગવંતોમાં જે બંને ગુણો વિકસેલા છે,
તેથી તેમનો નમસ્કાર જીવો સાથે તાદાત્મ્ય અને
જડ સાથે વિરક્તિ સાધી આપે છે.

કષાય જ પાપ છે. નમસ્કાર કષાયને ટળાવા આવે છે. મૈત્રી એ મંગળ છે. નમસ્કાર જ મૈત્રી લાવવા આવે છે. મૈત્રીને વિકસાવવા અને કષાયને ટળાવવા નમસ્કાર સીધો અને સરળ ઉપાય છે. જેમ જેમ નમસ્કારનો ભાવ વધે છે, તેમ તેમ મૈત્રી વિકસે છે અને કષાય જાય છે.

કષાયો ઘટાડવા માટે વિષયોનો સંગ ત્યજવો જોઇએ.
મૈત્રી વિકસાવવા માટે પરમેષ્ઠિઓનો સંગ કરવો જોઇએ.

નવકારથી પરમેષ્ઠિઓનો સંગ સધાય છે અને
વિષયોની વિરસતા, નિર્ગુણતા, નિઃસારતા સમજાય છે.
વિષયો વિષસમ છે અને જીવો અમૃતતુલ્ય છે.

એ રીતે એ બે વચ્ચે રહેલો તફાવત સ્પષ્ટ થાય છે. નમસ્કાર વિષયાસક્તિ-કષાય વૃત્તિરૂપી પાપનો નાશક છે. પરમેષ્ઠિ ભક્તિ અને જીવો પ્રત્યે મૈત્રી ભાવરૂપી મંગળનો ઉત્પાદક છે. 'વિષયો ભોગ દ્વારા સુખના સાધન છે' એવી માન્યતા આસક્તિનો હેતુ છે, તેમ 'પરમેષ્ઠિ ધ્યાન દ્વારા શાશ્વત સુખના સાધન છે' એવી શ્રદ્ધા ભક્તિનો હેતુ છે.

ॐ नमः

વિષયો ઉપભોગ વડે શુભ ધ્યાનનો નાશ કરે છે.
પરમેષ્ઠિઓ પૂજનાદિ વડે અશુભ ધ્યાનનો નાશ કરે છે.
શુભ ધ્યાન સર્વજીવો પ્રત્યે મૈત્રીરૂપ છે. અશુભ ધ્યાન
સર્વજીવો પ્રત્યે ઉપેક્ષારૂપ છે. જીવોની ઉપેક્ષા એજ
અજ્ઞાન, અશ્રદ્ધા અને અવિરતિનું કારણ છે. વિષયોનું
મહત્ત્વ ઉંચું આંકવું અને જીવોનું ઓછું આંકવું એજ
અજ્ઞાન, અશ્રદ્ધા અને અવિરતિનું મૂળ કારણ છે.

વિષયો વિષતુલ્ય છે. જીવતત્ત્વ અમૃતતુલ્ય છે.
જીવતત્ત્વ જીવાડનાર છે. જડતત્ત્વ મારનાર છે.
જીવ જીવને શાંતિનો હેતુ છે.
જડ જીવને અશાંતિનો હેતુ છે.
રૂપ, રસ, ગંધ, સ્પર્શ જીવને મૂર્છિત કરે છે.
મૈત્રી, પ્રમોદ, કારુણ્ય, માધ્યસ્થ
જીવના જીવત્વને જગાડે છે.
આત્મભાવ એ ધર્મની જડ છે.
અનાત્મભાવ એ પાપની જડ છે.
મંગલ એ અનાત્મભાવનો નાશ કરી અને
આત્મભાવને વિકસાવે છે.
એ માટે જ સર્વ જીવોને નમસ્કાર કરવાનો કહેલો છે.

બધા જ જીવોનો આભાર માનવાનો છે, કેમકે એમનું અવલંબન લઈને જ આપણો જીવ ઉંચો આવ્યો છે. હવે એથી ઉંચા આલંબનો લેવાનો અધિકારી થયો છે, તે પણ પૂર્વનાં આલંબનોનો પ્રતાપ છે. જૂના શેઠથી છૂટા થયેલાને બીજા નવા શેઠની નોકરી કરવા છતાં જૂના શેઠનો ઉપકાર ભૂલતો નથી, તેમ પંચપરમેષ્ઠિરૂપી નવા શેઠની નોકરી પામેલો પણ ત્યાં સુધી પહોંચાડનાર અન્ય જીવોરૂપી શેઠને અને તેમણે કરેલા ઉપકારને કદી વિસારે નહિ. પરમેષ્ઠિઓ નમસ્કરણીય છે તેમાં કારણ સર્વ જીવો જ છે. તેથી પરમેષ્ઠિઓને નમસ્કરણીય બનાવનાર સર્વ જીવો

સૌ માટે અવશ્ય નમસ્કરણીય છે.

માટે સર્વ જીવો ઉપર આત્મતુલ્યભાવ અને ઉપકારીપણાનો પણ ભાવ આવવો જોઈએ અને તો જ પરમેષ્ઠિઓ પ્રત્યે ઉપકારીપણાનો ભાવ શક્ય છે. એક જણાએ જે ઉપકારી બન્યા, તેઓ પ્રત્યે બહુમાન ભાવ ન જાગે તો બાળ પણ અધિકારીઓ પ્રત્યે બાકી જણાએ પણ ઉપકારીપણાનો ભાવ આવી શકવાનો નથી, તેથી જે જે ઉપકારી બને, તે સર્વ પ્રત્યે નમનતાનો ભાવ જ ભાવથી પંચ પરમેષ્ઠિ પ્રત્યે નમસ્કારનો ભાવ લાવી શકશે.

આ તત્ત્વ શ્રી રાણકપુરજી તીર્થમાં સમજાવ્યું છે કે: એક જગ્યાએ કૃતજ્ઞતાભાવ બતાવવામાં આવે અને બીજી જગ્યાએ બતાવવામાં ન આવે, તો જે જગ્યાએ બતાવ્યો, તે જગ્યાએ ગુણરૂપ નહિ પણ ગુણાભાસ રૂપ છે. જ્યાં જ્યાંથી જે જે રીતે અને જેટલો જેટલો ઉપકાર જીવને બીજા તરફથી થઈ રહ્યો છે, ત્યાં ત્યાંથી તે તે રીતે અને તેટલો તેટલો ઉપકાર સરળતાથી સ્વીકૃત થાય તો જ ગુણરૂપ બનશે. એ રીતનો સ્વીકાર જ જીવને ગુણરૂપ થઈ, પાત્રતા વિકસાવી અધિક સામગ્રીનો અધિકારી બનાવે.

કર્મનો નિયમ: હિંસાથી દુર્ગતિ, દાનથી સદ્ગતિ.

કર્મ જીવતા જીવમાં જીવને ઉંચે ચઢાવવામાં અને નીચે પાડવામાં રહેલ બળની સાબિતી છે. જડતત્ત્વ સાથે જે મૈત્રી થઈ છે, તે ચેતનતત્ત્વ સાથે જોડવી એજ સાધનાનું પરમ રહસ્યભૂત તત્ત્વ છે. એ તત્ત્વની સાધના શ્રી નવકાર મંત્ર દ્વારા થાય છે, તેથી શ્રી નવકાર મંત્ર એ સકલ શાસ્ત્રોનું ઐદંપર્ય છે. જડની દૂષિત મૈત્રી તોડવી અને ચેતન સાથે મૈત્રી જોડવી, એ માટે જ દાન, શીલ, તપ, ભાવ વગેરે ધર્મોનું આરાધન છે; જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે ગુણોનું પાલન છે. અહિંસા, સત્ય, અસ્તેય વગેરે વ્રતોનું આરાધન છે. ક્ષમા, નમ્રતા, સંતોષાદિ ગુણોનું સેવન છે.

## ધર્મ શું ?

આત્મા ઈશ્વરની જાતવાળો છે.
તે ઈશ્વર વિના તંગીશી તરફડ્યા કરે છે,
તેને જીવને પ્રભુ પાસે લઈ જવો અને
ત્યાં જવા સારૂ
જે કાંઈ ક્રિયાઓ કે સાધનો કરવા પડે, તેનું નામ 'ધર્મ'.
જીવ ઈશ્વરની જાતવાળો છે.
જ્યાં સુધી તે ઈશ્વરને ન મળે,
ત્યાં સુધી જગતની કોઈપણ વસ્તુથી તેને તૃપ્તિ થતી નથી,
કારણકે જગતની વસ્તુઓ જીવથી જુદી જાતની છે.
વસ્તુઓ જડ છે અને જીવ ચૈતન્ય છે.

વસ્તુઓ સ્થૂળ છે અને જીવ સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ છે. વસ્તુઓ બદલાતી જાય છે, જીવ તેના તે સ્વરૂપે કાયમ રહે છે. વસ્તુઓ નાશવંત છે, જીવ અજર-અમર છે. જીવ પોતાની સત્તાથી ધારેલી વસ્તુઓ મેળવી શકે છે, પણ વસ્તુઓ પોતાની સત્તાથી ધારેલા જીવને મેળવી શકતી નથી. જીવ સ્વતંત્ર છે, વસ્તુઓ પરતંત્ર છે. જગતની વસ્તુઓના મોહમાંથી જીવને છોડાવવો અને વસ્તુઓની મદદથી જ જીવને ઈશ્વરી માર્ગમાં આગળ લઈ જવો, તેનું જ નામ 'ધર્મ' છે.

ૐ
નમઃ

જીવ જ્યારે ઈશ્વરમય થાય છે,
ત્યારે જ તેને સંપૂર્ણ સુખમયતા અને
ઈશ્વરની શાંતિ મળે છે.
માટે જીવને ઈશ્વરમય કરવો તેનું જ નામ 'ધર્મ'.
તે માટે જે કાંઈ વ્રત, નિયમ, તીર્થયાત્રા, દાન, ત્યાગ કે
યોગ, યજ્ઞ, પ્રાર્થના કે પ્રભુના ગુણગાન કરીએ છીએ,
તે સૌ જીવને ઈશ્વર તરફ ધકેલવા માટે જ છે.
એ બધી ક્રિયાઓ અને રીતિઓ જુદી જુદી છે, પરંતુ
એ બધાની પાછળ રહેલો હેતુ એક જ છે.
ધર્મ અને અભિમાનને ક્યારેય બનતું આવ્યું નથી અને
ખરી દીનતા વિના પૂરેપૂરું અભિમાન દૂર થઈ શકતું નથી.
'નમઃ' એ દીનતાવાચક પદ છે,
તેથી તે ધર્મના પહેલાં આવે છે.
અભિમાન એવી વસ્તુ છે જે સહેલાઈથી છૂટી શકતું નથી.
એ માટે પોતાની દીન, અસહાય અવસ્થા ઓળખવી જોઈએ.
કર્મનો નિયમ યથાર્થપણે સમજ્યાથી જ તે બની શકે છે,
માટે કર્મના સ્વરૂપને જાણવું એ ધર્મની બાળ ચાવી છે.
જે નમશે તે ઈશ્વરને ગમશે. જે જે વસ્તુ, કુળ, રૂપ,
બળ, બુદ્ધિનું આપણને અભિમાન છે, એ બધું કર્મજનિત છે,

ક્ષણમાં નાશ પામવાવાળું અસ્થિર છે, તેથી તેમાં મારાપણાનું અભિમાન ધરવું એ માયા છે, મિથ્યા છે, પ્રભુથી વેગળા રાખનાર છે. પોતાપણાને સોયની અણી જેટલું પણ સમજવું મહાપાપ છે. જાગૃતિ લાવીને સર્વથા ભૂલી જવા.

જ્ઞાનીપુરુષો જ્ઞાનના બળથી અભિમાન નષ્ટ કરેલ છે.

ગૌતમ સ્વામીજી આત્માના સ્વરૂપને જાણતા હતા,
તેથી તેમને મહાવીર સ્વામી પ્રત્યે અધિકતાનો ભાવ હતો
અને પોતા પ્રત્યે દીનતાનો ભાવ હતો.

'સ્વાપકર્ષ બોધાનુકૂલો વ્યાપારઃ નમસ્કાર પદાર્થઃ ।'
અર્થાત્ સ્વહીનતાના બોધને અનુકૂળ વ્યાપાર તે નમસ્કાર. પોતાની દીનતા અને ભગવાનની અધિકતા જે રીતે ગૌતમગણધર જાણતા હતાં, તેવી રીતે આત્મસ્વરૂપના ચિંતનથી જાણવું એ સાચા ભાવ નમસ્કારનું કારણ છે. પોતાની સાચી ઓળખાણ આત્મસ્વરૂપના ચિંતનથી થાય પછી અભિમાન ગળી જાય છે. આત્માનું ભગવત્તાપણું અને આત્માની સ્વભાવ પરમાત્માનું ભગવત્તાપણું એ સાચી રીતે જાણ્યા પછી સાચી દીનતા, નમ્રતા, લઘુતા આવે છે. આત્મદ્રવ્યનું વારંવાર ચિંતન સાચી દીનતા ભાવ આપીને અભિમાન છોડાવી આપે છે.

ધર્મની ત્રીજી ઊંચી સમર્થનું શરણું છે.
ઈશ્વરને છોડીને બીજું કોઈ સમર્થ આ વિશ્વમાં છે નહિ.
સમર્થનાં શરણાં વિનાની કોરી દીનતા કાર્યસાધક થતી નથી.
ઈશ્વરને શરણે ગયા વિના કોઈને ચાલી શકતું જ નથી.
દીનતા એ પહેલું લક્ષણ.
ઈશ્વરને શરણે જવું એ બીજું લક્ષણ.
'શરણે જવું' એટલે અચલ વિશ્વાસ ધારણ કરવો કે
તેનું શરણ મળશે જ, દીન અસહાય અવસ્થા ટળશે જ.
એથી પ્રેમ, પવિત્રતા, સ્વાર્થત્યાગ, સમર્પણ, નમ્રતા મળે.
જડબુદ્ધિપણું, ભાગાભાગનું કઠોરપણું, મનનું ચંચળપણું, ઘણા
જાતના મોહવાળાપણું, અભિમાનીપણું વગેરે ભાગે.
તેથી પાપની માફી માંગવાનું અને
ગુણીજનની અનુમોદના કરવાનું મન થાય છે.
આત્મપ્રાપ્તિ માટે જ સઘળાં કર્મ કરવા.
અન્ય કોઈ ફળની અપેક્ષા રાખવી નહિ.
કેવળ કર્મનિર્જરા માટે અને
આત્મલાભ માટે કર્મ કરવા.
ઈશ્વર માટે કર્મ કરવાં એના કરતાં પણ
પોતાના કર્મો ઈશ્વરને અર્પણ કરવા એ અઘરું છે.

(૧) પ્રભુને મુખ્ય રાખીને (૨) પ્રભુને અર્થે કર્મ કરવા.
(૩) કર્મની ફલેચ્છાને ત્યાગી (૪) ફલ પ્રભુને અર્પણ કરવા.

અર્પણ વિધિ શ્રેષ્ઠ છે.

તેનાથી ઉતરતી ઇચ્છા ત્યાગની, તેનાથી ઉતરતી ઇચ્છા પ્રભુ પ્રીત્યર્થની, તેનાથી ઉતરતી ઇચ્છા પ્રભુ મુખ્યતાની છે.

o ધર્મને મુખ્યતા માર્ગાનુસારી ગુણોની છે.

ધર્મ માટે ધર્મ કરવો એ સમ્યગ્ દ્રષ્ટિ છે.

ધર્મ માટે ત્યાગ કરવો એ દેશવિરતિ છે.

ધર્મ માટે સર્વત્યાગ કરવો એ સર્વવિરતિ છે.

ધર્મની આરાધના સાંસારિક ફળ માટે ન કરવી.

સંસાર ચલાવતાં પણ ધર્મની જ મુખ્યતા રાખવી.

ધર્મને ધનરૂપે નહિ-ધનથી પણ અધિક, પ્રાણરૂપે નહિ-પ્રાણથી પણ અધિક, સ્વર્ગરૂપે નહિ-સ્વર્ગથી પણ અધિક તથા એને મોક્ષરૂપે જ નહિ-મોક્ષથી પણ અધિક જાણવો.

ભગવાન જેવા મનવાળા થવું. પ્રેમ, શમ, ઔદાર્ય, દયા, સર્વહિત, નિરભિમાનિતાદિથી પ્રભુ જેવા થવા પ્રયત્ન કર.

મારા મનવાળા મટી ભગવાન સમ મનવાળા થવું જોઇએ.

તું પ્રભુનો જ ભક્ત થા.

સૌએ કુંપણાના ભક્ત મટી ભગવાનના ભક્ત થવું જોઇએ.

ॐ નમઃ

પરમાર્થે સ્વાર્થનો ભોગ કરવો તે જ યજ્ઞ કે Sacrifice.

માયાત્યાગ, અહંકારત્યાગ, સ્વાર્થત્યાગ કરવો.

શરીર, સ્વજન, ધન, યૌવન, વ્યસન, રૂઢિ, જાતિ,

સમાજ, રાજ્ય, લોક વગેરેને નમન કરવાનું ત્યજવું.

(૧) અહંકારની ભક્તિ છોડવી.

(૨) સ્વાર્થ ત્યાગીને પરાર્થ જીવન જીવવું.

(૩) પ્રભુની ઇચ્છાને પોતાની ઇચ્છા બનાવવી.

(૪) બાહ્ય વસ્તુઓ કરતાં આધ્યાત્મભાવે ઈશ્વરને નમવાને બદલે આપણે વસ્તુઓને અને રાજાઓને નમતા હોઈએ છીએ.

પ્રભુનું મન એટલે આપણું મન.

જગતની વસ્તુઓ કરતાં આત્મા મુખ્ય છે,

પછી એ માટે સ્વાર્થ ત્યાગ કરાય,

અહંકાર છોડાય, મમકાર જાય.

જીવનું બળ અને કર્મનું બળ વિચારવાથી

પ્રભુની આજ્ઞા, આત્મૌપમ્ય ભાવ, આત્મસમદર્શિત્વ ભાવ

અને સાચો નમસ્કાર પ્રાપ્ત થાય છે.

પોતા સમાન બધાને માને તે કોઈનું બૂરું કરી શકે નહિ.

યો માં પશ્યતિ સર્વત્ર સર્વં ચ મયિ પશ્યતિ ।

તસ્યાહં ન પ્રણશ્યામિ સ ચ મે ન પ્રણશ્યતિ ।

- અ૦ ૬ શ્લોક ૩૦ (પરિશિષ્ટ-૩)

ભગવાન સર્વને પોતામાં અને
પોતાને સર્વમાં જુએ છે,
તેથી ભગવાનના દર્શન સમાન દર્શન
જેને પ્રાપ્ત થયું તે ભગવાન સમાન થાય છે.
ભગવાન કહે છે કે: જે મને સર્વત્ર દેખે છે અને
સર્વને મારામાં જુએ છે,
તેનાથી હું જુદો નથી અને
તે મારાથી જુદા નથી.

બહૂનાં જન્મનામન્તે જ્ઞાનવાન્માં પ્રપદ્યતે ।
વાસુદેવ: સર્વમિતિ સ મહાત્મા સુદુર્લભ: ॥
-૭-૧૯ (પરિશિષ્ટ-૪)

ત્રાંબાના વાસણમાં દહીં અને પીતળમાં તેલ ન રહી શકે.
માટી - લાકડા - કાચ - ચામડા કે
કલઈવાળા વાસણમાં દહીં રહી શકે.
ખારાશ કે ખટાશવાળા વાસણમાં દૂધ ન રહી શકે.
લોખંડ કે તાંબુ - માટી વિજળીને ગ્રહણ કરી શકે,
પણ પત્થર કે કાષ્ઠ વિજળીને ગ્રહણ ન કરી શકે, તેમ
ગુણગ્રાહક દ્રષ્ટિવાળાને જ દિવ્ય જ્ઞાન પ્રાપ્ત થાય છે.
જ્ઞાનસૂત્ર = દોષદ્રષ્ટિવાળો નહિ પણ ગુણગ્રાહક દ્રષ્ટિવાળો.

ॐ नमः

જેમ વકીલ, ડૉક્ટર, ઈજનેર, શિક્ષક, વૈજ્ઞાનિક, કલાકાર કે રસાયણશાસ્ત્રના જાણકાર બનવા માટે ઘણી મહેનત, પરિશ્રમ, લાયકાત જોઈએ, તેમ જે જ્ઞાનથી જીંદગી સુધરે જન્મ-મરણ છૂટી જાય, ઈશ્વરનો સાક્ષાત્કાર થાય અને

અનંતકાળનો અખંડ આનંદ ભોગવી શકાય,

તે જ્ઞાન મેળવવા કેટલી બધી લાયકાત જોઈએ?

બાહ્ય જ્ઞાનથી બધું મળે પણ પરમાત્મા મળે નહિ.

ધર્મના જ્ઞાનથી પરમાત્મા પણ મળે.

ભોજનના દરેક કોળિયામાં ક્ષુધાની નિવૃત્તિ, શરીર-મનને તાકાત આપવાની શક્તિ છે, તેમ મંત્રના દરેક ઉચ્ચારણમાં શરીર, મન, બુદ્ધિ, અંતઃકરણ, આત્માને દુઃખનિવૃત્તિ, સુખપ્રાપ્તિ, આત્મશાંતિ આપવાની શક્તિ રહેલી છે.

મંત્રસાધના શું કરી શકે?

તે પ્રભુપ્રેમ, વિશ્વપ્રેમ, દાન, સંતોષ, વિવેક,

સત્યનું પિછાણ, આનંદ, સંશયછેદ, માયાત્યાગ તથા

જ્યોતિદર્શન પણ કરાવી શકે છે.

o

*It matters little what is without,*
*for it is all a reflection of*
*your own consciousness.*

o ઈશ્વર કૃપા બે પ્રકારની: સામાન્ય અને વિશેષ.
સામાન્ય સર્વ ઉપર, વિશેષ ભક્તજન ઉપર હોય છે.

ભક્તિનું પહેલું ફળ આત્મશાન્તિની પ્રાપ્તિ.

બધા ઉપર આત્માની સત્તા પ્રાપ્ત થતા,

o ધર્મનું સ્વરૂપ વિચારવાથી નમ્રતા આવે છે.
જગતનું સ્વરૂપ વિચારવાથી નિર્ભયતા આવે છે.

o બધાં દુઃખોનું મૂળ પરાધીનતા- સુખોનું મૂળ સ્વાધીનતા.
સુખ વખતે બીજાનો ઉપકાર જોવો અને દુઃખ વખતે
પોતાનો દોષ જોવો. એથી દુઃખ ઓછું થઈ જાય છે.
અજ્ઞાનીને સુખ સ્વપ્ના જેવું - દુઃખ દરિયા જેવું
અને જ્ઞાનીને સુખ સમુદ્ર જેવું - દુઃખ ટીપા જેટલું લાગે.
કૃતજ્ઞતા ગુણવાળાને સુખ વધારે - દુઃખ ઓછું લાગે છે, કારણ કે
તેઓ સુખનો વિચાર વધુ કરે છે, દુઃખનો નહિ.

જે આંબાને પ્રથમ મોર આવ્યો હોય,
તેને જ ફળ આવી શકે.
ભક્તિનું પ્રથમ ફળ
અલૌકિક સુખ છે અને
તે કૃતજ્ઞતા ભાવ વડે અનુભવી શકાય છે.

સુખ-દુઃખ વિષયો ને ઇંદ્રિયોના સંબંધથી ઉપજે છે. તેમાં આપણી બુદ્ધિ અને તેની વૃત્તિઓને તદાકાર બનાવ અને પ્રમાણમાં વધારે ઓછા સુખ-દુઃખ અનુભવાય છે. સુખ-દુઃખ એ વસ્તુઓ કે આત્માનો ધર્મ નથી, પણ અંતઃકરણની વૃત્તિઓ અને લાગણીઓનું કાર્ય છે.

આમ લાગણીઓના સંકલ્પ - વિકલ્પ મુજબ
સુખ-દુઃખ અનુભવાય છે.

દેશકાળ અને પુરુષ મુજબ ગુણ-દોષ થાય છે.

સ્વતંત્રતા = Free will

અંતઃકરણની ૨ આરસી: રાગ અને દ્વેષ.
ગુણ જોવાથી રાગ, દોષ જોવાથી દ્વેષ.
દરેકમાં ગુણ જોવાની કળા કેળવવી જોઈએ.

પ્રેમનો ખરો અર્થ
બીજાના અર્થે પોતાના
સ્વાર્થનો ભોગ આપવો તે છે.

તિતિક્ષા
૨૯

કાંટાથી ઉગારવા પગના પગરખાં છે,
વરસાદથી બચવા માથાની છત્રી છે.

પ્રેમલક્ષણાવાળી, તિતિક્ષા ગુણવાળી જીંદગી જ સાર્થક છે.

સહન કર્યા વિના સાચો પ્રેમ સાબિત થાય નહિ.

સ્વાર્થના બંધન ઓછા કરવાનો અને

પ્રેમનો લક્ષ ખીલવવાનો ખરો રસ્તો તિતિક્ષાલક્ષણનો છે.

સહનશીલતા અને ક્ષમાશીલતા એ ધર્મના અંગો છે.

સુખ-દુઃખમાં સમત્વ એ યોગ છે.

લાભ-હાનિ, જય-પરાજય, માન-અપમાન, સુખ-દુઃખમાં
સમાનવૃત્તિ રાખવી અને મનને ધક્કો લાગવા ન દેવો,
તે જીવને શિવની સાથે જોડનારો યોગ છે.

ચિંતા સે ચતુરાઇ ઘટે,
ઘટે રૂપ-બલ-જ્ઞાન,
ચિંતા બડી અભાગણી,
ચિંતા ચિતા સમાન.

અફસોસ ન કરવો એ ધર્મનો પાયો છે.

ધર્મનું પહેલું ફળ આનંદ છે.

ખમવું-ખમાવવું એ
તિતિક્ષાનો પાયો છે.

તે શક્તિ જીવો ઉપરના નિઃસ્વાર્થ પ્રેમમાંથી પ્રગટે છે,
તેથી નિઃસ્વાર્થ પ્રેમ એ ધર્મનો પાયો છે.

દૈવી સંપત્તિના ૨૬ ગુણો      પોષ સુદી - ૪

અભય - બીવું નહિ, અંતઃકરણની શુદ્ધિ, જ્ઞાનયોગમાં સારી રીતે સ્થિર થઈ રહેવું, દાન, ઇંદ્રિયોને વશ કરવી, યજ્ઞ - પોતાની પ્રિય વસ્તુઓનો પરાર્થે - ઈશ્વરાર્થે ત્યાગ, સ્વાધ્યાય - ધર્મનો અભ્યાસ, તપ, સરળતા, કોઈને મારવો નહિ, સત્ય, ક્રોધ ન કરવો, ત્યાગ, શાંતિ, નિંદા ન કરવી, સૌ જીવો ઉપર દયા રાખવી, વિષયોની લાલસા ન રાખવી, નમ્રતા, લજ્જા, મન તથા ઇંદ્રિયોની સ્થિરતા, તેજસ્વીપણું, માફ કરવું, ધીરજ, પવિત્રતા, અદ્રોહ- નુકસાન કરનારનું પણ ભૂંડું કરવાની ઇચ્છા ન રાખવી અને છેલ્લે પોતાને માટે બહુમાનની લાગણી ન રાખવી.

<u>૨૬ પ્રકારે દૈવી સંપત્તિ ઉત્તમ કુળમાં જન્મેલાને હોય.</u>

o મન જીતવા માટે મનને વશ કરતાં શીખવું જોઈએ. શરીરને ઇંદ્રિયો ચલાવે છે. ઇંદ્રિયોને મન ચલાવે છે. મન ઉપર હુકમ ચલાવનારી બુદ્ધિ છે. ઇંદ્રિયો, મન અને બુદ્ધિમાં કામ રહે છે. ત્યાંથી એ વિષયવાસના ઉત્પન્ન કરે છે. એ વાસના જ્ઞાનને દબાવી જીવને મોહ પમાડે છે. આપણા મનને વશ ન કરવાથી લંગર - સુકાન વિનાના વહાણ જેવી જીવની દશા થાય છે.

એ સ્થિતિમાં પછી સુખ તો ક્યાંથી હોય?

ઈશ્વરની સત્તા, મહત્તા, સર્વજ્ઞતા, સર્વશક્તિમત્તા,
સર્વવ્યાપકતા તથા સીધો સંબંધ કબુલ રાખવો
તે આત્માની આત્મા પ્રત્યેની ભિન્નતા છે.

શરીર કરતાં ઈંદ્રિયો, તેથી મન, તેથી બુદ્ધિ અને
તેથી આત્મા સૂક્ષ્મ છે, જુદો છે અને શ્રેષ્ઠ છે.

एवं बुद्धेः परं बुद्ध्वा संस्तभ्यात्मानमात्मना जहि शत्रुं
महाबाहो कामरूपं दुरासदम् । -३/४३ (પરિશિષ્ટ-૫)

મનને નકામું બનાવવા માટે નહિ પણ
વધારે ઉપયોગી બનાવવા માટે જણાવાયું છે.

અજ્ઞાની આસક્તિપૂર્વક જે કર્મ કરે છે,
તેને જ્ઞાનીઓએ આસક્તિ વિના કરવા જોઈએ.

રાગી કરતાં વીતરાગ અને
સ્પૃહાવાન કરતાં નિઃસ્પૃહી વધારે પરોપકાર કરી શકે છે.

ફલેચ્છા રાખનાર કૃપણ, દીન, ગરીબડા, લોભીયા, દીન છે.

કાર્યના પ્રારંભમાં પ્રેમપૂર્વક પ્રભુની પ્રાર્થના અને
કાર્યના અંતમાં માનપૂર્વક પ્રભુનો આભાર માનીને
પ્રભુનો મહિમા સમજવો, તેના ગુણ ગાવા,
તેની મદદ માગવી, તેની પ્રાર્થના કરવી.

પ્રભુ ઉપર વિશ્વાસના બળથી આત્માને શાંતિ મળે છે.

o દયા ઈશ્વર તરફની, દાન જગ તરફની અને તપ છે
આત્મા તરફની ફરજ. એ ૩ વિદ્વાનોને પવિત્ર કરનારા છે.

સૌ કર્મો જ્ઞાનમાંથી ઉત્પન્ન થાય છે,
માટે જ્ઞાન બહુ પવિત્રકારક છે.

શ્રેયો હિ જ્ઞાનમભ્યાસાત્ = અભ્યાસથી જ્ઞાન કલ્યાણ કરે.
જ્ઞાન એટલે ધર્મ. બધાં ધર્મ જ્ઞાનમાં સમાઈ જાય છે.

જ્ઞાનં જ્ઞેયં જ્ઞાનગમ્યમ્ | ગીતા
જ્ઞાન જાણવા યોગ્ય - જ્ઞેય છે અને જ્ઞાન દ્વારા જણાય છે.

o આત્માનું કલ્યાણ પરિપૂર્ણ જ્ઞાનથી થાય છે.

ક્રિયામાં ગતિ છે, ગતિમાં ગરમી છે,
ગરમીમાં પરમાણુઓનો નાશ કરવાની શક્તિ છે.

જેના શરીરમાં સૂક્ષ્મતત્ત્વ વધારે હોય,
તેની ઇંદ્રિયો કાબુમાં રહે છે, મન પવિત્ર હોય છે,
બુદ્ધિ વિશાળ અને અહંભાવ સત્વગુણી હોય છે.
તેનો આત્મા અનંતતામાં ઉડતો રહે છે.

સૂરજનો પ્રકાશ, તાજી હવા, ચંદ્રનું અમૃત,
તારાઓનું તત્ત્વ, પૃથ્વીની સુગંધ આરોગ્ય માટે ઉત્તમ છે.

કુદરતમાંથી સૌંદર્ય, હવામાંથી આરોગ્ય,
મહાત્માઓની વાણીમાંથી તૃપ્તિ, શાસ્ત્ર વચનોમાંથી માર્ગદર્શ,
આચરણમાંથી આત્મસંતોષ, પરમાત્મા પાસેથી પ્રકાશ મળે છે.

પ્રભુ અને આપણાવચ્ચે દેહમાં ભળવાથી
એક જાતની રસાયણ ક્રિયા થાય, જે અજ્ઞાનને પચાવે છે.
સાચી દીનતા તે છે કે જેમાં હું પદનો અભાવ થાય છે.

પત્રં પુષ્યં ફલં તોયં યો મે ભક્ત્યા પ્રયચ્છતિ ।
તદહં ભક્ત્યુપહૃતમશ્નામિ પ્રયતાત્મનઃ ॥ -૯/૨૬

(પરિશિષ્ટ-૬)

આત્મસમદર્શિત્વમાં
સર્વપાપોનો નાશ કરવાની તાકાત છે.
પરમાત્મતુલ્ય આત્મતત્ત્વની ભાવનામાં
સર્વમંગલ કરવાની તાકાત છે.
અનર્થનો પરિહાર કરવા માટે
આત્મસમદર્શિત્વની જરૂર છે.
અર્થનો લાભ કરવા માટે
પરમાત્મતત્ત્વની સાથે
અભેદભાવ સાધવાની જરૂર છે.
પાપનાશની ઇચ્છા જેના અંતઃકરણમાં જાગી હોય,
તેને જ નમસ્કાર ગણવા ઉપર પ્રેમ થાય.
ધર્મલાભની ઇચ્છા જેનામાં ઉત્પન્ન થઈ હોય,
તેને જ નમસ્કાર ગણવામાં પ્રીતિ થાય.

ૐ
નમઃ

પાપ એટલે પરને પીડા. ધર્મ એટલે પરને ઉપકાર.
પરનો ઉપકાર જીવ લઈ બદલામાં પરને પીડા આપે છે.
તે વડે તે પાપથી ભારે થઈ ધર્મથી વંચિત રહે છે.
ઉપકારના બદલામાં પ્રત્યુપકાર થાય અને પીડાના બદલામાં
ક્ષમાયાચના કરાય તો જીવની મુક્તિના દ્વાર ખુલે છે.
તે ત્યારે જ બને,
જ્યારે જીવમાં પ્રથમ ગુણ 'આત્મસમદર્શિત્વ' આવે.
આત્મસમદર્શિત્વ આવ્યા પછી
પરમાત્મભાવ તરફ જવા માટે જીવ અધિકારી બને છે.
જે પરમાત્મભાવ જીવમાં છુપાયેલો છે, તેને પ્રગટ
કરવા માટે પાપના આવરણથી છૂટવું જોઈએ અને ધર્મનું
સેવન કરવું જોઈએ. તે બંને કાર્ય કરવાની તાકાત જીવમાં
પરમેષ્ઠિસ્મરણથી પેદા થાય છે, કેમકે પરમેષ્ઠિ ભગવંતો
એક બાજુ આત્મસમદર્શિત્વની ભાવનાથી ભરેલા છે
અને બીજી બાજુ તેના ફળરૂપે પરમાત્મપદને પામેલા છે.
દ્રવ્ય-ગુણ-પર્યાય વડે સર્વ જીવની
એકતા ભાળીને જેમનો મોહ વિલય પામ્યો છે,
તેઓ જ અરિહંતાદિ પદો પામવાને યોગ્ય છે.
શાસ્ત્રોમાં આવું પ્રતિપાદન કરેલું છે તે યથાયોગ્ય છે.

સહારનપુર, પોષ સુદ-૯

મોક્ષના બે ઉપાય

(૧) આત્મસમદર્શિત્વ (૨) પરમાત્મસમદર્શિત્વ.

એક પાપનો ક્ષય કરે છે,

બીજું મંગળનું આરાધન કરે છે.

પાપનો હેતુ અનાત્મસમદર્શિત્વ છે,

અમંગળનો હેતુ પરમાત્માદર્શિત્વ છે.

મોક્ષના બે માર્ગ

(૧) વૈરાગ્ય (૨) મૈત્રી.

વૈરાગ્ય વડે વિષયાસક્તિ ટળે છે,

મૈત્રી વડે જીવ પ્રત્યે અરૂચિભાવ જાય છે.

રાગ નિવારવા વૈરાગ્ય, દ્વેષ ટાળવા મૈત્રી.

અયોગ્ય વિષયોનો અભિષ્વંગ એ રાગ છે.

દ્વેષને અયોગ્ય એવા જીવો ઉપર દ્વેષ કરવો તે દ્વેષ છે.

વૈરાગ્યનો વિચાર + મૈત્રીનો અભ્યાસ આ બંને દોષ ટાળે છે.

જ્ઞાનનો સાર આત્માનુભવરૂપી અમૃત છે.

નવકારના સ્મરણમાં આત્માનુભવ રહેલો છે,

કેમકે તે આત્માનુભવીઓનું સ્મરણ-બહુમાન છે.

અહંકાર ચિદ્-જડ ગ્રન્થિ છે.

o નવકાર જિનશાસનનો સાર છે, કારણકે નવકાર સમાધિનું કારણ છે અને સમાધિ જિનશાસનનો સાર છે.

## નવપદોમાં પરસ્પર ભેદાભેદ

પરસ્પર ભેદ: (૧) શબ્દથી (૨) અર્થથી (૩) સ્વરૂપથી (૪) વ્યવસ્થાથી (૫) ગુણધર્મથી.

પરસ્પર અભેદ: (૧) કોઈપણ એક સ્થાનથી જિનનામકર્મ બાંધી શકાય છે. (૨) કોઈપણ એક પદના આરાધનથી જ દુર્ગતિરોધ, સદ્ગતિનો સુનિશ્ચલાભ થઈ શકે છે. (૩) અરિહંતના સાન્નિધ્યમાં જેમ કેવળજ્ઞાન થઈ શકે છે, તેમ છદ્મસ્થ આચાર્ય, ઉપાધ્યાય, સાધુની નિશ્રામાં પણ સાધકને કેવળજ્ઞાન થઈ શકે છે. (૪) આત્માના ૪ ગુણમાંથી કોઈ એક ગુણના આરાધનથી કેવળજ્ઞાન થઈ શકે છે.

નવપદો જેમ શબ્દાદિથી ભિન્ન છે, તેમ આરાધનાના ફળરૂપે એકસરખું ફળ આપનાર હોવાથી અભિન્ન પણ છે. સંગ્રહનયની અપેક્ષાએ શુદ્ધચૈતન્યરૂપ હોઈ અભેદરૂપ છે.

પુદ્ગલપક્ષ અને પુદ્ગલભક્ષ છોડીને આત્મપક્ષ અને આત્મભક્ષ થવું એ સાધનાનું પ્રયોજન છે.

બાહ્યતપના ૪ ભેદ : સમ્યક્, મિથ્યા, લૌકિક, લોકોત્તર.

અભ્યંતરતપના ૪ ભેદ : સમ્યક્, મિથ્યા, લૌકિક, લોકોત્તર.

વૈરાગ્યની ભાવના દૃઢ કરવા અને એકત્વનો વિચાર છે,
તેમ કર્તવ્ય પાલનની ભાવના માટે મૈત્ર્યાદિ ભાવનાઓ
અને માર્ગાનુસારીના ગુણો ઉપદેશ્યા છે.

o કર્મના વિપાક જીવની સત્તામાં નથી પણ
સમાધિ જીવના કાબુની વાત છે.
નવકાર મંત્રથી સંપૂર્ણ સમાધિ મળે છે.
સમાધિ જીવનનો સાર છે, પ્રત્યક્ષ લાભ છે,
સદ્ગતિનો દૂત છે, વીતરાગતાની નિઃસરણી છે.
માટે નમસ્કાર સ્મરણ દ્વારા સંપૂર્ણ કમાણી થાય છે.

o આત્મસંયમ - જાત ઉપર કાબુ એજ
માનવતાની સાચી મૂડી છે.
મારું 'હું' મરી જતાં મારો 'સ્વ' જીવતો થાય છે.
આ રીતે જીવતા મરી જવાની કળા જે જાણી,
તે જ ખરી આત્મકળાની.
વાચ્ય છે પ્રભુ, વાચક છે પ્રભુનું નામ.
આથી નામ જ પ્રભુરૂપ છે.
अ - વિશ્વ - જાગ્રત
उ - તૈજસ - સ્વપ્ન
म - પ્રાજ્ઞ - સુષુપ્તિ

નવકારનું ધ્યેય આત્મસમદર્શિત્વ અને
પરમાત્મસમદર્શિત્વ સિદ્ધ કરવાનું છે.
આત્મસમદર્શિત્વ સકલ પાપનો ધ્વંસ કરે છે.
પરમાત્મસમદર્શિત્વ પરમ મંગળને પેદા કરે છે.
તે બંનેના ફલરૂપે
આ લોકમાં અર્થ, કામ, આરોગ્ય, અભિરતિ અને
પરલોકમાં સિદ્ધિ, સ્વર્ગ, સુકુલ અને બોધિલાભ મળે છે.
જગતના સર્વ જંતુઓ સાથે આત્મતુલ્યતા પ્રાપ્ત થવાથી
ઉપચારમાં સર્વપાપનો અંત આવે અને પરમાત્મતુલ્ય
આત્માની ભાવના દૃઢ થવાથી મોક્ષસુખની પ્રાપ્તિ થાય છે.
આરોગ્ય, બોધિલાભ અને સર્વોત્કૃષ્ટ ભાવસમાધિ અને
તેના પરિણામે સિદ્ધિગતિની પ્રાપ્તિ નવકારથી થાય છે,
જેનું મૂળ કારણ કોઈપણ હોય તો
તે પંચ પરમેષ્ઠિ ભગવંતનો પ્રસાદ છે.
પંચ પરમેષ્ઠિ ભગવંતનો પ્રસાદ પ્રાપ્ત થવામાં મૂળ કારણ
તો સર્વ જીવો સાથેની આત્મતુલ્યતા જ છે.
જીવો સાથે આત્મતુલ્યતા સધાઈને અનાત્મતુલ્યતાનો ભેદભાવ
નાશ થાય એ સિવાય કોઈપણ ઈચ્છા પરમેષ્ઠિ ભગવંતોના
ઉદાત્ત આત્માઓમાં ન હોય. તેમનું જીવન પરાર્થે હોય છે.

આ પરાર્થ જેઓએ સિદ્ધ કર્યા તેઓ ઉપર પરમેષ્ઠિ
ભગવંતોનો પ્રસાદ ઉતરે છે, તેઓનો અનુગ્રહ મળે છે.
એ અનુગ્રહ વડે ભવસાગર સુતર બને છે.
ભવસાગરને સુતર બનાવવાનો એનાથી ચઢીયાતો બીજો
કોઈ ઉપાય ત્રણ ભુવનમાં છે નહિ. ભગવંતનો પ્રસાદ
સિદ્ધ કરવાનો ઉપાય સર્વ જીવો સાથે અભેદ ભાવ
સિદ્ધ કરવો તે છે. એ અભેદ ભાવ સિદ્ધ થવાની આડે
આવતી વિષયાસક્તિ નિવારણ કરવા માટે તપ-સંયમાદિ
અને દાન-શીલાદિ ઉપાયો શાસ્ત્રોમાં પ્રબોધ્યા છે.
શ્રી રાણકપુર તીર્થયાત્રાના પ્રભાવે આ પ્રકાશ પ્રાપ્ત થયો છે,
તે પ્રતિદિન વધતો રહે એજ એક ભાવના.

રાણકપુર, પોષ સુદ-૬

સર્વ પાપનું મૂળ અનાત્મદર્શિત્વ છે.
સર્વ મંગળનું મૂળ પરમાત્મસમદર્શિત્વ છે.
એ બંનેનો નાશ કરવાનું સામર્થ્ય પરમેષ્ઠિ નમસ્કારમાં છે,
કારણ કે તેઓ આત્મસમદર્શિત્વથી યુક્ત છે અને
પરમાત્મસ્વરૂપને પામેલા છે. એ પામવા માટે
પરમાત્મસમદર્શિત્વનો અભ્યાસ યુક્તિપૂર્વક કરેલો છે,
તેથી તેઓને વારંવાર કરવામાં આવતો નમસ્કાર પાપના મૂળ

ॐ नमः

અનાત્મસમદર્શિત્વ અને
અમંગળ મૂળ પરમાત્મસમઅદર્શિત્વ
ઉત્પત્તિનો નાશ કરે છે અને આત્મસમદર્શિત્વ તથા
પરમાત્મસમદર્શિત્વનો અભ્યાસ કરાવી
પરમાત્મઅવસ્થાને પમાડે છે.

સર્વપાપનું કારણ અનાત્મસમદર્શિત્વ, સર્વદોષનું મૂળ પરમાત્મસમઅદર્શિત્વ. નવકાર વડે જે સિદ્ધ કરવાનું છે, તે આત્મસમદર્શિત્વ અને પરમાત્મસમદર્શિત્વ છે.

પ્રણિધાન વિના મંત્રની પણ પ્રવૃત્તિ થતી નથી.

નવકારનું પ્રણિધાન નક્કી કર્યા વિના થતી પ્રવૃત્તિ એ સુકાન વિનાના વહાણ જેવી છે. તેની પ્રવૃત્તિને લક્ષ્યવેધી બનાવવા માટે બંને પ્રણિધાન દૃઢ કરવા જ જોઈએ, એક પાપનાશનું અને બીજું મંગળ આગમનનું.

*અનાત્મસમદર્શિત્વરૂપી પાપનો*
*આત્મસમદર્શિત્વરૂપી ભાવથી વિલય થાય છે અને*
*પરમાત્મસમઅદર્શિત્વરૂપી મિથ્યાત્વનો*
*પરમાત્મસમદર્શિત્વરૂપી ભાવથી નાશ થાય છે.*

અનાત્મસમદર્શિત્વ લોભ કષાયને પુષ્ટ કરે છે અને પરમાત્મસમઅદર્શિત્વ મિથ્યાત્વરૂપી પાપને વધારે છે,

તીવ્ર લોભ અને મિથ્યાત્વ ઉભય પાપનો નાશ કરવા માટે
આત્મસમદર્શિત્વ અને પરમાત્મસમદર્શિત્વરૂપ
ઉભય ભાવોને નમસ્કાર દ્વારા સિદ્ધ કરવા જોઈએ.
એ ભાવો સિદ્ધ કરવાના પ્રયોજનપૂર્વક નમસ્કાર ગણાવો.
'આત્મસમદર્શિત્વ' એ પાપના મૂળનો નાશ કરે છે.
'આત્મસમદર્શિત્વ' એ સર્વમંગળના મૂળને પોષે છે.
આત્મસમદર્શિત્વ એ જ સર્વસાધનાનું મૂળ છે.
'आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत् ।' અર્થાત્
પોતાને પ્રતિકૂળ હોય તેવું વર્તન બીજા પ્રત્યે ન આચરવું.
'आत्मवत्सर्वभूतेषु यः पश्यति स पश्यति ।' અર્થાત્
સર્વ જીવોને જે આત્મવત્ જુએ છે, તે જ ખરું જુએ છે.
એથી પોતાના આત્માનું, પરમાત્મ સમ જ્ઞાન થાય છે.
પરમાત્મ સમ દર્શન થાય છે, પરમાત્મ સમ વર્તન થાય છે.
પરમાત્મ સમાન હોવું, પરમાત્મ સમાન થવું અને
પરમાત્મ સ્વરૂપ થવું, એ નિશ્ચય રત્નત્રયી છે.
તેનું કારણ વ્યવહાર રત્નત્રયી છે.
રત્નત્રયીનું ફળ મુક્તિ છે.
મોક્ષ કર્મના ક્ષયથી થાય છે અને
કર્મનો ક્ષય આત્મજ્ઞાનથી થાય છે.

આત્મજ્ઞાન આત્મધ્યાનથી થાય છે.
આત્મધ્યાન સામ્યભાવથી થાય છે.
સામ્યથી ધ્યાન અને ધ્યાનથી સામ્ય ઉત્તરોત્તર વૃદ્ધિ પામે.
મોક્ષનો ઉપાય આત્મજ્ઞાન. આત્મજ્ઞાન આત્મધ્યાનથી થાય.
આત્મધ્યાન જીવો પ્રત્યે સામ્યભાવથી થાય છે,
તેથી આત્મસમદર્શિત્વ એ જ મોક્ષનો મૂળ ઉપાય છે.
'શિવમસ્તુ સર્વજગતઃ।'
લૌકિક સાધનો એકબીજાને શરીરથી નજીક લાવી શકે છે.
આધ્યાત્મિક સાધનો એકબીજાને હૃદયથી નજીક લાવી શકે છે.
સ્વપર કલ્યાણ સાધે તે સાધુ. વિશ્વ બંધુત્વ અને
વિશ્વવાત્સલ્યની ભાવનાથી ભરેલાં હોય છે.

o

Upasana Consists in the
constant practice of identifying the
individual self with Brahman.
Para highest, Apara ordinary,
Parapara intermediate.
Where every thought,
word or deed is worship is પરાઉપાસના
identity પરા અભ્યંતરપૂજા.

Puja par excellence is mental.

મન્દાધિકારી, મધ્યમાધિકારી & ઉત્તમાધિકારી।

<u>મોક્ષના ૭ પગથિયાં</u>

(૧) શુભેચ્છા : ઈશ્વર વિચાર, ગુરૂ પ્રાપ્તિ, દેવ-ગુરૂ ભક્તિ.
(૨) વિચારણા : શ્રવણ
(3) તનુમાનસા : મનન
(૪) નિદિધ્યાસન : સત્ત્વાપત્તિ, અસંસક્તિ
(૫) પદાર્થ ભાવના : સવિકલ્પ સમાધિ
(૬) તુર્યગા : સાપેક્ષ નિર્વિકલ્પ સમાધિ
(૭) કૈવલ્ય : સાક્ષાત્કાર

<u>આપણાથી મોટાઓ આપણો હાથ ત્યારે પકડશે કે જ્યારે આપણે આપણાથી નાનાનો હાથ નીચા નમીને પકડતાં શીખીશું.</u>

સંકલ્પ બળરૂપ હથોડી સમી
વિચારબળરૂપ ટાંકણાં વડે મૂર્તિ કોરી શકાય છે.

ભ્રમવાળું જ્ઞાન - તુલાવિદ્યા, રજ્જુમાં સર્પ - તુલાવિદ્યા.
વ્યવહારિક જ્ઞાન - મૂલાવિદ્યા, સર્પમાં સર્પ - મૂલાવિદ્યા,
પારમાર્થિક જ્ઞાન - વિદ્યા, સર્પમાં બ્રહ્મ - વિદ્યા.
તુલાવિદ્યા શાસ્ત્રથી બાધ. મૂલાવિદ્યા તત્ત્વજ્ઞાનથી બાધ.
મૂલાવિદ્યા કર્મદોષજનિત - તુલાવિદ્યા ઈંદ્રિયદોષજનિત છે.

તૂલાવિદ્યા ટકાવવા અધ્યયન અને
મૂલાવિદ્યા ટકાવવા તપશ્ચર્યા કરવી.
જગતને ન જાણવું તે તૂલાવિદ્યા.
પોતાને ન જાણવું તે મૂલાવિદ્યા.
જગતને શાસ્ત્રથી અને
પોતાને તપશ્ચર્યાથી જાણી શકાય છે.
તપશ્ચર્યા કર્મરૂપી દોષને દૂર કરી આપે છે.

<u>પોષ સુદી-૭</u>

'નમો' એ કૃતજ્ઞતાનું પ્રતીક છે.
'અરિહંતાણં' એ પરોપકારના પ્રતીક છે.
ભાવના અંતરાત્મભાવ છે.
પરમાત્મભાવનું એ કારણ છે.

ગૌતમસ્વામી જિનેન્દ્રની સ્તુતિ છે. ગણધર ભગવંતોએ તીર્થંકર ભગવંતો પ્રત્યે બતાવેલા ભાવનું પ્રતીક જે પદમાં રહેલું છે, તે પ્રથમ પદ છે 'નમો અરિહંતાણં।' ત્વં પદનો લક્ષ્યાર્થ અને તત્ પદનો લક્ષ્યાર્થ એક જ છે

૦ ગુપ્તિ-નિશ્ચય-સિદ્ધ, સમિતિ-વ્યવહાર-અરિહંત.
વ્યવહાર પછી નિશ્ચય, તેમ અરિહંત પછી સિદ્ધ.
અરિહંતના ધ્યાનથી આત્મસમદર્શિત્વ સિદ્ધ થાય છે.

તેને જીવનસ્પર્શી બનાવનાર શ્રુતજ્ઞાન છે.
શ્રુતના બળે આત્મસમદર્શિત્વ જીવનમાં જીવી શકાય,
તેના ઉપાયોનું જ્ઞાન થાય છે.
પછી વર્તનથી આશ્રવરોધ અને તપથી નિર્જરા થાય છે.

## પ્રભુપ્રેમનું સ્વરૂપ

એ સ્વરૂપ કેવું હશે? તે વખતે કુદરત જો રહી જશે:
એક ભક્ત અને બાકીના બધા ભગવાન.
ચિત્તની એકાગ્રતામાં બાધક આસક્તિથી
છૂટવાનો ઉપાય છે પૂર્ણાસક્તિ, પ્રભુપ્રેમ.
એમાંથી નિરાસક્તિ સહજ ઉત્પન્ન થશે.
જ્યારે હું ભક્ત અને અન્ય સર્વ ભગવાન રહેશે,
ત્યારે જેને કારણે રાગ-દ્વેષ પેદા થાય છે, તે દ્વૈત ચાલ્યું જશે.
જે પગપાળા ફરે છે, તેનું મગજ તીવ્ર ગતિએ ચાલે છે.
જે વિમાનમાં દોડે છે, તેનું મગજ ત્યાં જ ચક્કર ખાય છે.
હૃદય ઉપર પ્રેમની માત્રાની જેટલી અસર થાય છે,
એટલી બીજી કોઈની થતી નથી.
ત્યાગ માટે મનુષ્યને ઈતિહાસની જરૂર નથી.
માત્ર માટીમાંથી પેદા થયા છીએ અને
માટીમાં મળી જવાના છીએ, એટલી જ સમજ બસ છે.

૦ સૂર્ય, નદી, વાયુ એ બધાં તીર્થ છે.

અંતરપ્રેરણા એટલે અંદર કાંઈ કરુણા જાગવી જોઈએ.

કાનૂનથી આવતા મત્સરજનક સામ્યના બદલે
કરુણાથી સધાતા સહજ સામ્યની કીમત છે.

ચારિત્રના તેજે વાક્શક્તિ ઓજસ્વી બનાવી શકાય છે.

સંકલ્પ શુભ હોય તેને ઈશ્વર અનુકૂળ છે પછી
આખું જગત ભલેને પ્રતિકૂળ હોય!

'હું સર્વમાં - સૌ મારામાં' એથી ભિન્ન બીજી બ્રહ્મવિદ્યા નથી.

પોષ સુદી ૮

સર્વપાપના આશ્રવનું કારણ કૃતઘ્નતા છે. નમસ્કારથી તેનો
નાશ થાય છે, કારણકે તેથી કૃતજ્ઞતાભાવ કેળવાય છે.

સર્વ અમંગળનું મૂળ અનાત્મભાવ છે.

નમસ્કારથી આત્મભાવ કેળવાય, જે પરોપકારને પુષ્ટ કરે.

નમસ્કાર વડે કૃતજ્ઞતા અને પરોપકાર
એ બે ગુણ કેળવાતા હોવાથી, તે પરમ
મંગળરૂપ, કલ્યાણકર, પુણ્યસંચયરૂપ, પાપનાશરૂપ છે.

અધર્મનો નાશ અને ધર્મની વૃદ્ધિ તેનાથી સધાય છે.

આત્માને જાણવો, આત્મા ઉપર પ્રીતિ રાખવી,
આત્માનો અનુભવ કરવો એ અધ્યાત્મવિદ્યા છે.

આત્મજ્ઞાનપૂર્વકનું જીવન તે ઉચ્ચ જીવન.
પ્રકૃતિને અનુકૂળ વર્તી પ્રકૃતિને જીતી શકાય છે.
એવું ગાંડપણ નથી કે જે પ્રવૃત્તિથી ન મળી શકે.
o genius is allied to madness.
વિકૃત જ્ઞાની અને ગાંડપણને મળતાપણું છે.
કુશાગ્ર બુદ્ધિ અને ગાંડપણને મળતાપણું છે.
મનની શાંત સ્થિતિમાં આત્માનું પ્રતિબિંબ પડે છે.
મનની શાંતિ અને ઇંદ્રિયોના નિશ્ચળતામાં
આત્માની ભવ્યતા અને દિવ્યતા જોઈ શકાય છે.
મનને ચૈતન્યના આરોપિત સેવક તરીકે ગણવું જોઈએ,
નહિ કે શેઠ તરીકે. જે સર્વમાં આત્માને અને આત્મામાં
સર્વને જુએ છે, તે બરાબર રીતે જુએ છે. સર્વવ્યાપક
ચૈતન્યની સાથે આપણા ચૈતન્યની એકતા સ્થાપવી જોઈએ.
વિશ્વની વ્યવસ્થા, અનંત શક્તિ અને
અનંત પ્રેમવાળી સત્તાના હાથમાં છે.
આત્મજ્ઞાનીનું જીવન પરોપકાર કરતાં વધુ ઊંચું જોઈએ.
જે સત્ય જાણે છે, તેના સાથે ઐક્ય અનુભવવું જોઈએ.
ઉપાધિ તરફ દૃષ્ટિ કરતાં ભેદ દેખાય, છતાં
તે ઉપાધિની પાછળ રહેલ આત્મજ્યોતિ તો એક જ છે.
જ્યાં સર્વ એક છે, ત્યાં ભેદભાવ હોઈ શકે જ નહિ.

ॐ नमः

## ૪ આવશ્યક વસ્તુ

(૧) વિષય વિરાગ (૨) કષાય ત્યાગ
(૩) ગુણનો અનુરાગ (૪) ક્રિયામાં અપ્રમાદ

પરમેષ્ઠિઓના સમત્વ ગુણનો અનુરાગ
સામાયિકની ક્રિયામાં અપ્રમાદ ભાવનારો થાય છે.

૫ વિષયોના શબ્દાદિ ગુણોનો અનુરાગ
૪ કષાયને ખેંચી લાવે છે.

પંચપરમેષ્ઠિના જ્ઞાનાદિ ગુણોનો અનુરાગ
સમત્વની ક્રિયામાં અપ્રમાદ ભાવને
મૈત્ર્યાદિ ભાવોને ખેંચી લાવે છે.

૫ વિષયોની સાથે જેમ ૪ કષાયો જોડાયેલા છે, તેમ પાંચ પરમેષ્ઠિઓની સાથે મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ ભાવો જોડાયેલા છે. વિષયોના રાગથી કષાયો વધે, તેમ પરમેષ્ઠિઓની ભક્તિથી મૈત્ર્યાદિ ગુણ ખીલે છે. વિષયો જડ અને નિઃસત્ત્વ હોવાથી ક્લેશના કારણ છે. પરમેષ્ઠિઓ ચૈતન્ય-મૈત્ર્યાદિ ભરેલા હોઈ સુખ વધારે છે.

સુખની વૃદ્ધિ ચૈતન્યની ઉપાસનાથી છે.
ઉપાસના = અભેદ. ઉપાસના = તાદાત્મ્યાનુભવ.
ક્લેશની વૃદ્ધિ જડની ઉપાસનાથી થાય.

જડ સાથે અહંત્વ-મમત્વનો અનુભવ તે કર્મ-ક્લેશનું અને
ચેતન સાથે અહંત્વ-મમત્વ સાધવું તે વિકાસનું કારણ છે.
સજાતીય સાથે સજાતીય મળે ત્યારે ઉભયની વૃદ્ધિ અને
સજાતીય સાથે વિજાતીય મળે ત્યારે ઉભયની હાનિ થાય છે.

અહંત્વ-મમત્વ એ તાદાત્મ્યનો અધ્યાસ છે.
તેને જડમાંથી ખસેડી ચેતનમાં લાવવો
એ ધર્મનો અભ્યાસ છે.
જડનું તાદાત્મ્ય બંધનને વધારે છે,
ચેતનનું તાદાત્મ્ય મુક્તિનું કારણ થાય છે.

આપવામાં અને ગ્રહણ નહિ કરવામાં જે આનંદ છે,
તેના કરતાં વધારે તીવ્ર આનંદ ભાવ કશામાં નથી.
કોઈપણ પરિમિત આનંદ આત્માર્થીના આનંદ તોલે નથી.
પરમ, આનંદ કે શાંતિનો નિયમ એક જ મહાવાક્યમાં છે:

'હું તે તું અને તું તે હું.'

તે બાહ્ય આકારનું અનાકર્ષક તત્ત્વ જોતો નથી, પણ
આકારમાં બિરાજતા આત્માની સુંદરતાને પિછાને છે.
જે ભેદભાવ જુએ છે, તે દરરોજ મરી રહ્યો છે,
કારણકે તે આકારમાં રહે છે. આકાર દર પળે ફેરફાર
પામતો જ રહે છે અને તેટલા માટે તે મરણાધીન છે.

o ઈશ્વર વિશ્વવ્યાપી અને વિશ્વાતીત એક સાથે છે.

o જગતહિત અને આત્માના મોક્ષને ખાતર
જે સર્વસ્વ સમર્પણ કરે છે, તે જ ધર્મિપણાનો દાવો કરી શકે.

o મનુષ્ય પોતે દિવ્ય છે તેનો મોટામાં પુરાવો તેને પોતાને પોતાની નિર્બળતાનું ભાન છે તે છે. જો તેનામાં પ્રભુત્વ કે દિવ્યતા ન હોત તો પોતાની નિર્બળતા પ્રત્યે તે તદ્દન અંધ હોત. ઈમર્સન કહે છે કે: 'ધારો કે આપણે અધમ હોઈએ, પણ આપણા અધમતાનો ખ્યાલ આવ્યો શાથી?'

આપણી અંદર દિવ્યતત્ત્વ છે માટે જ
આપણને અધમતાનો ખ્યાલ આવે છે.
દિવ્યતત્ત્વને જ દિવ્યતાનો ખ્યાલ આવી શકે.
વાઘ કદી પોતાને ઘાતકી માનતો નથી.
ઘોડો પોતાના અજ્ઞાન માટે પોતાને ધિક્કારતો નથી.
કુત્તરો પોતાના લોભ માટે પશ્ચાત્તાપ કરતો નથી.
મનુષ્ય પોતાનું ઘાતકીપણું, અજ્ઞાનપણું, લોભીપણું સ્વીકારે
છે એટલું જ નહિ, એ ખામીઓ દૂર કરવા પ્રયત્ન પણ કરે છે.

o

*Work while you work and*
*play while you play.*
*This is the way to be happy I say.*

અને તેના દિવ્યતાનો પુરાવો છે.

વિકાસક્રમનો બધો ઈતિહાસ માનવનો પૂર્ણતા માટેનો પ્રયત્ન છે.
પોતે દિવ્ય છે માટે અંદરથી દિવ્યતા તરફનો વેગ આવે છે.
જો તમે તમારા આત્માને પરમાત્મા સાથે એક તરીકે
અનુભવવા સમર્થ હો, તો તમે જે ઈચ્છશો તે પરમાત્મા
ઈચ્છશે અને કુદરતની બધી શક્તિઓ તમારી સેવામાં
હાજર થઈ તમારી તંગીઓ પુરી પાડવામાં મદદગાર થશે.

વિશ્વમાં કાર્ય કરી રહેલા પ્રભુને સમજવો

તેનું નામ 'આત્મજ્ઞાન' છે.

આત્મજ્ઞાન એટલે સર્વજીવો આત્મ સમાન છે એવું જ્ઞાન.

આત્મજ્ઞાન એટલે પોતાનો આત્મા
સ્વરૂપથી પરમાત્મ સમાન છે એવું જ્ઞાન.

આત્મજ્ઞાન એટલે વિશ્વમાં કાર્યરત આત્મશક્તિનું જ્ઞાન.
યો માં પશ્યતિ સર્વત્ર સર્વં ચ મયિ પશ્યતિ । અર્થાત્
જે મને સર્વમાં અને સર્વને મારામાં જુએ છે, તે સમદર્શી છે.
માયાની જાળ ભેદી વિવિધતાની પાછળ રહેલી એકતાને જોવી.

જે સર્વમાં છે અને જેમાં સર્વ છે,
તે એક શક્તિ, એક જીવન અને એક આત્માને જોવો
તે 'આત્મજ્ઞાન' છે.

પ્રભુના દર્શનાર્થે, વિશ્વમાં રહેલા પ્રભુશક્તિના અવલોકન માટે
આત્મજ્ઞાન જરૂરી છે. આત્મા જ આત્માને ઓળખી શકે.

મન, લાગણી કે ઇંદ્રિયો દ્વારા સૂચન મળી શકે,
પણ આત્માનો ખરો પુરાવો તો આત્મા જ આપી શકે.
જીવનની પવિત્રતા, વિશ્વબંધુત્વ અને પરોપકારને જેમાં
સ્થાન નહિ તે આત્મજ્ઞાન ન હોઈ શકે. ભિન્નભિન્ન
વ્યક્તિઓમાં એક જ મહાચૈતન્યને જોવું તે આત્મજ્ઞાન.

જે પ્રમાણમાં બુદ્ધિ નહિ પણ અનુભવથી
તે એકતાને જાણવાનો પ્રયત્ન કરવામાં આવે,
તે પ્રમાણમાં આધ્યાત્મિક વિકાસ થાય છે.

મનનો ધર્મ ભેદ કરવાનો છે,
આત્માનો ધર્મ અભેદ સાધવાનો છે.
મન ભ્રાન્તિ ઊભી કરે છે,
આત્મા ભ્રાન્તિને ઓળંગી જાય છે.

મન વ્યક્તિત્વ-અહંનું કારણ છે, આત્મા એકતાનું મૂળ છે.
આધ્યાત્મિક એકતા સિદ્ધ કરવાની નહિ, તે તો સિદ્ધ જ છે.

આપણે ભેદોત્પાદક મનની પેલી પાર જઈને
તે એકતાનો અનુભવ લેવો જોઈએ.
વાણી અને મન જ્યાંથી પાછા ફરે છે, તે આત્મતત્ત્વ છે.

આધ્યાત્મિક સ્વભાવ ખીલવવાની કુંચી સત્યમાં પ્રભુને
અને પ્રભુમાં સત્યને જોવામાં રહેલી છે.

આત્મજ્ઞાન અનુભવનો વિષય છે, પુસ્તક વાંચનનો નહિ.
કુદરત જ માત્ર સાધન છે.

'जगद्धिताय, आत्मनो मोक्षाय,
आत्मानं जुहोमि स्वाहा ।' (પરિશિષ્ટ-૭)

o હવા વગર જેમ જીવી શકાય નહિ,
તેમ સેવા વગર આધ્યાત્મિક જીવન ટકાવી શકાય નહિ.

o કુદરત શાંતિથી અને જોરજુલમ વિના કામ કરે છે.

o નાનું-મોટું કામ એ મહત્વની વસ્તુ નથી પણ તે કેવા ભાવ અને વૃત્તિથી કરવામાં આવે છે, તે અગત્યનું છે.

o જેના અંતરમાં દયા અને પ્રેમ છે તથા
જેના કાર્યમાં સેવા અને સહાય છે, તે ખરેખરો ધર્મી છે.

o He who Knows all, forgives all.

o Life is a series of chances.

o અભિમાનને લીધે પોતાનાં જ સર્વસ્વ જોવાની વૃત્તિ આત્મશ્રદ્ધા નથી. આત્મશ્રદ્ધા તો એકલા ઊભા રહેવાની શક્તિ છે. લતા સ્વરૂપ થવાને બદલે વૃક્ષ રૂપ થજો. બીજાઓ કરતાં ચઢિયાતા થવાને બદલે પોતાના કરતાં

વધારે ઉત્તમ થવાનો પ્રયત્ન કરવાથી આત્મશુદ્ધિ ખીલે છે. આપણે આપણી જાત કરતાં ચઢીયાતા થવાના યત્નો કરીએ તો આપણે હંમેશા પ્રગતિની દિશામાં જ ચાલીએ છીએ.

પોષ સુદી-૧૦, ભોમ

'दयाए य अत्तसमदरिसित्तं ।' અહીં આત્મસમદર્શિત્વ, દયા અને વીતરાગત્વ સમાન અર્થ વાચક છે. વીતરાગતા, દયા, આત્મસમદર્શિતા એક કાળે સિદ્ધ આત્મામાં સંભવે છે. આત્મસમદર્શિતા અને વીતરાગતા વચ્ચે શબ્દભેદ છે, પણ અર્થભેદ નથી.

રાગ-દ્વેષરહિતતા અને સમદર્શિતા સમાનાર્થક છે.

'સમદર્શિતા' શબ્દ જ
સર્વથા રાગ-દ્વેષરહિતતાનો સૂચક છે.

રાગ-દ્વેષરહિતતા એટલે આત્મસમદર્શિતા અને વીતરાગતા.
આત્મસમદર્શિતા, રાગ-દ્વેષરહિતતા, વીતરાગતા એકાર્થક છે.

નિગોદમાં એક શરીર અવગાહને અનંત છે.
સિદ્ધમાં એક આત્મ અવગાહનાએ અનંત છે.
વચલી અવસ્થામાં શરીર ભેદે - અવગાહના ભેદે ભેદ છે, તો પણ જેઓ મન વડે સર્વ સાથે અભેદ સાધે છે, તેઓ સિદ્ધશિલામાં એક અવગાહે અનંત રહેવા લાયક બને.

મમત્વ ભેદ મમત્વ વિના અભેદ સ્થિતિ પ્રાપ્ત થતી નથી.

માયા કે કર્મ પ્રકૃતિના ભેદે ભેદ, જીવત્વ, આત્મત્વ કે દ્રવ્યત્વની દૃષ્ટિએ અભેદ એનું નામ ભેદાભેદ અને એ ભેદાભેદ દૃષ્ટિ જ ભેદને ટાળીને અભેદને સર્જે છે. વીતરાગત્વ, રાગ-દ્વેષરહિતત્વ, સર્વાત્મસમદર્શિતત્વ એ જ સમત્વ અને એ જ સિદ્ધત્વનો ઉપાય. અસિદ્ધત્વ=અસમત્વ.

સમત્વની દૃષ્ટિ જ સિદ્ધત્વનો હેતુ છે.

0 'अप्रस्तुतार्थ-निराकरणाद्, प्रस्तुतार्थ-
व्याकरणाद् च निक्षेपः फलवान् ।' (પરિશિષ્ટ-૮)

કૃતજ્ઞતા અને પરોપકારનું મહત્વ સમજવા માટે વિશિષ્ટ નિપુણ બુદ્ધિની આવશ્યકતા છે. વિશિષ્ટ નિપુણ બુદ્ધિ પંચેન્દ્રિય પૂર્ણ અને મનઃપર્યાપ્તિ યુક્ત દીર્ઘકાલિકી સંજ્ઞાવાળા જીવોને જ પ્રાપ્ત થાય છે. પાંચ ઇંદ્રિય અને મન ઉપરાંત લબ્ધલક્ષ્યતા અને વિશિષ્ટતા ગુણવાળાને કૃતજ્ઞતા અને પરોપકાર ગુણનું મહત્વ સમજાય છે. વિશિષ્ટતા સૂક્ષ્મ દર્શિત્વરૂપ છે, તેથી તે માટે એકાગ્રતા શક્તિની જરૂર છે. લબ્ધલક્ષ્યતા દૂરદર્શિતારૂપ છે, તેથી વિશાળતાની જરૂર છે.

નિઃસ્વાર્થદૃષ્ટિતા અને પવિત્રતાની આવશ્યકતા છે. દૂરદર્શી, સૂક્ષ્મદર્શી, દીર્ઘદર્શી અને વિવેકદર્શી જીવ જ

કૃતજ્ઞ અને પરોપકારી થઈ શકે છે. મનુષ્ય ભવ
તેને માટે યોગ્ય સ્થાન છે, તેથી તેની પ્રાપ્તિ અનંત
પુણ્યરાશિ એકત્ર થવા બાદ થાય છે. બુદ્ધિના ગુણો જેમ
દૂરદર્શિત્વાદિ છે, તેમ હૃદયના ગુણો આત્મસમદર્શિત્વાદિ છે.
તેને મેળવવા માટે વિનીતતા, વૃદ્ધાનુસારિતા, દયાળુતા,
દાક્ષિણ્યતા, અક્રૂરતા, પ્રકૃતિ સૌમ્યતા, અક્ષુદ્રતા અને
મધ્યસ્થ સૌમ્યદૃષ્ટિતા વિગેરેની જરૂર છે.
તે ગુણોનું સંપૂર્ણ આત્મસમદર્શી જીવનમાં જ પ્રગટી શકે છે.
તેના આત્મસમદર્શી જીવને મળેલ મન-બુદ્ધિ આદિ સાધનો
કૃતજ્ઞતા અને પરોપકારાદિનાં સાધન બની શકે છે.

આત્મસમદર્શિત્વમાંથી જ
ભીરૂતા, અશઠતા, લજ્જાળુતા, ગુણાનુરાગિતા અને
સત્યવાદિતા વગેરે ગુણો પેદા થાય છે,
કેમકે તે ન્યાયબુદ્ધિનું મૂળ છે.

ન્યાયબુદ્ધિને આત્મસમદર્શિત્વ સાથે સંબંધ છે.
આવા ગુણોવાળો જીવ સર્વત્ર વલ્લભ બને છે.
તેના એકવચનિતાના કારણે સુંદર પક્ષવાળો થાય છે.
વિઘ્નો તેને રોકતા નથી.
સમગ્ર પ્રકૃતિમંડળ તેને ધર્મ-કર્મમાં સહાયભૂત બને છે.

# મોક્ષનો મહામંત્ર છે નવકાર

'નમો'માં કૃતજ્ઞતા છે, પરાર્થકારિતા છે, આત્મસમદર્શિતા છે, પરમાત્મસમદર્શિતા છે, તેથી 'નમો' એ વિનયનું અને વિનય એ મોક્ષનું બીજ છે, તેથી જ નમસ્કારમંત્ર એ 'મોક્ષના મહામંત્ર' તરીકે ગણાવાય છે. કૃતજ્ઞતાની સાધના માનવજન્મનાં મુખ્ય ફળરૂપ છે. જ્યાં દયા-દાક્ષિણ્ય-વિનય-વૃદ્ધાનુસારિત્વ-અક્ષુદ્રત્વ-પ્રકૃતિસૌમ્યત્વ-અક્રૂરત્વ અને મધ્યસ્થ સૌમ્ય દૃષ્ટિત્વ છે, ત્યાં આત્મસમદર્શિત્વ ભાવનો જ શુભ અભ્યાસ હોવાથી નવકારનો જ અભ્યાસ છે, કેમકે નવકાર એ આત્મસમદર્શિત્વભાવનું જ શિક્ષણ છે. વળી જ્યાં કૃતજ્ઞતા, પરોપકાર દીર્ઘદર્શિતા, સૂક્ષ્મદર્શિતા, લબ્ધલક્ષિતા વગેરે ગુણો છે,

ત્યાં પણ નવકાર જ છે,

કેમકે નવકાર એ કૃતજ્ઞતાદિ ગુણોનું જ પાલન છે, વળી પાપભીરુતા, આસ્તિક્ય, લજ્જાળુતા, અશઠતા કે

ગુણાનુરાગિતા વગેરે ગુણો છે,

ત્યાં પણ એ નવકારની જ સાધના છે.

નવકાર એ પાપભીરુતા, લજ્જાળુતા, ગુણરાગિતા

તથા સરળતા વગેરે ગુણોની સાધનારૂપ જ છે.

અલ્પવચનિતા, સત્યવાદિતા, નિષ્કુટિલતાકારિતા
વગેરે ગુણોની આરાધના પણ અપેક્ષાએ
આ નવકારની જ આરાધના છે, કેમકે તે ગુણો જ
આત્માને પરમાત્મસ્વરૂપ બનાવવાની સાધનાના અંગો છે.

૦ એકત્વ કે અન્યત્વ ભાવના મમતાના છેદ માટે છે.
શરીર, સ્વજન, ધન, યૌવનાદિ
પર પદાર્થો ઉપર મમતાના તંતુથી બંધાયેલો જીવ
દુ:ખ અને ક્લેશનો અનુભવ કરે છે.
તેમાંથી તેને ઉગારી લેવા માટે શાસ્ત્રકારો
અન્યત્વ અને એકત્વનું ભાન આપે છે.
જે વિશાળ જીવ જગત વિદ્યમાન છે,
કે જેની સાથે જીવને મમતાનો કોઈ તંતુ રહેલો જ નથી,
તેનાથી ભિન્ન અને એકાકી જીવ છે,
એવું ભાન કરાવવાનો ઉદ્દેશ નથી, કેમકે
તેવું ભાન તો સ્વયંસિદ્ધ છે, પરંતુ તે એકાંગી હોવાથી
ત્યાં શાસ્ત્રકારો કથંચિત્ અભેદનું ભાન કરાવે છે.
જેની સાથે સર્વદા ભેદ માની વિરક્તપણે વર્તે છે,
તે જીવોની સાથે કથંચિત્ અભેદ સંબંધ રહેલો છે,
તેથી તેમના પ્રત્યે સ્નેહનો તંતુ સાધવો જોઈએ.

અન્યથા જેમ પુદ્ગલ પ્રત્યે રાગદ્વેષ, અભેદનું ભાન
ક્લેશ અને કર્મબંધનું કારણ છે,
તેમ જીવો પ્રત્યે અનાદિ અવિદ્યા અને
મોહવશ રાગદ્વેષ, ભેદનું ભાન પણ
નિઃસ્નેહતા અને નિરપેક્ષતા ભાવનાર હોવાથી
પરોપકાર અને કૃતજ્ઞતાભાવથી શૂન્ય બનાવે છે.
એ બે ભાવના અભાવમાં મુક્તિ અશક્ય બને છે.
પુદ્ગલમાં અહંતા-મમતા જેમ ત્યાજ્ય છે,
તેમ જીવોમાં નિરહંતા અને નિર્મમતા પણ ત્યાજ્ય છે.
જે અહંતા જડમાં છે, તે ચેતનમાં સ્થાપવી જોઈએ અને
જે મમતા જડના સંબંધોમાં છે,
તે મમતા ચેતનાના સંબંધોમાં ભાવવી જોઈએ.
જીવ જગત પ્રત્યેની મમતામાંથી પરાર્થભાવ જાગે છે અને
અહંતામાંથી કૃતજ્ઞતાભાવ જાગે છે.
જેમ ભેદવિજ્ઞાનથી
અહંતા અને મમતાનો વિલય થાય છે,
તેમ અભેદજ્ઞાનથી
કૃતઘ્નતા અને સ્વાર્થપરાયણતારૂપી પાપોનો વિલય થાય છે,
તેથી ભેદની સાથે અભેદજ્ઞાન હોવું પણ આવશ્યક છે.

ॐ नमः

આત્માને પરમાત્મા બનવા માટે
જેમ સર્વ જીવો સાથે આત્મદૃષ્ટિત્વભાવ કેળવવાનો છે,
તેમ આત્મસમદૃષ્ટિત્વભાવ કેળવવા માટે
દયા, પરોપકાર, ગુણાનુરાગ અને
સત્યવાદ આદિ ગુણો જરૂરી છે.

વ્યાપક દૃષ્ટિએ કોઈપણ સદ્‌ગુણની સાધના કર્યા પછી
તે મન, વચન, ક્રિયા, બુદ્ધિ કે હૃદય વડે થતી હોય, તે સર્વ
એક અપેક્ષાએ શ્રી નમસ્કાર મહામંત્રની જ સાધના છે.

જાણું કાંઈ નહિ પણ
જગતના બધા જીવોને
અહર્નિશ શ્રી નવકાર સંભળાવવો,
બધા જ તે સાંભળે છે તેમ વિચારી અંતરમાં જપવો.

માટીના ઉપર લખાતા શબ્દોની જેમ
નવકારના અક્ષરો વાતાવરણ ઉપર પોતાની છાપ પાડે છે,
તેમ જ ઊંડે સુધી ફેલાય છે અને
જે કોઈ જીવ તે પ્રદેશના સંબંધમાં આવે છે,
તેના ભાવને પ્રેમપૂર્વક આલિંગે છે.

પૂર્ણ નમસ્કારમાં સકલ મોહાંધકારને નિર્મૂળ કરવાની
સંપૂર્ણ ક્ષમતા રહેલાની વાત સો ટકા સાચી પ્રતીત થાય છે.

ॐ नमः

પોષ સુદી-૧૧, બુધ

અગ્નિ પાસે બધાંય શાસ્ત્રાજ્ઞા કાર્ય છે, તેમાં અગ્નિએ શું કર્યું? 'બાળનારનો પુરુષાર્થ કાર્ય કરે છે' એમ માનનારને પ્રશ્ન છે કે અગ્નિ પાસે બાળવાનું મન કોણે કરાવ્યું? અગ્નિમાં શાસ્ત્રાજ્ઞાનો ગુણ છે એવું માને? તો એ જ્ઞાન કોણે કરાવ્યું? અગ્નિના સ્વભાવે કે બાળનારે? એટલે અગ્નિના સ્વભાવે જ જ્ઞાન, ઇચ્છા અને પ્રવૃત્તિ કરાવી, તેથી શાસ્ત્રાજ્ઞા થયું? એટલે શાસ્ત્રાજ્ઞામાં મુખ્ય હેતુ અગ્નિ છે, અગ્નિજ્ઞાન વગેરે સહકારી કારણો છે.

એ નિયમ મુજબ મુક્તિમાં મુખ્ય હેતુ પ્રભુ છે,
પ્રભુનું ધ્યાન વગેરે સહકારી કારણો છે.

'મુખ્ય હેતુ તું મોક્ષનો,
એ મુજને સબળ વિશ્વાસો રે.'

○

The body of man is the body of God. Spirit cannot be limited in any way, and man is Spirit incarnate. Any limitation under which man labours is merely a false belief in the reality of something which is actually unreal.

આવું સ્વરૂપ જ જો તત્ત્વરૂપ ન હોત તો તેના પ્રત્યે
સ્નેહાર્પણ, પૂજા, આત્મદૃષ્ટિત્વનો ભાવ જાગત કેવી રીતે?

તેથી મુખ્ય હેતુ આવું સ્વરૂપ છે.

તે જ માનનીય છે.

*Fit for reverence* એ તત્ત્વ છે.

ત્થાં = નમવું - ફરસવું,

ણ = अरिहंत - પ્રભુ, अरि = શત્રુ.

<u>સમત્વની સાધના</u>

ભેદબુદ્ધિ અસમત્વનું - અભેદબુદ્ધિ સમત્વનું કારણ છે.

સમત્વ સાધનાનું મૂળ છે.

સમત્વ લહ્યા પછી થતી સાધના
ઉપર ભૂમિમાં ભવન ચણવારૂપ છે.

મુક્તિનો અનન્ય ઉપાય સમત્વ છે.

તે સમત્વને સિદ્ધ કરવા માટે
બુદ્ધિભેદને આશ્રયી ઉપાયભેદ કીધા છે.

સમત્વ એ મુખ્ય ઉપાય છે.

સમત્વની સાધના રાગ-દ્વેષરહિતતામાંથી જન્મનારી છે.

રાગ-દ્વેષરહિતતા સર્વને તુલ્ય લેખવાથી લભ્ય છે.

પ્રથમ આત્મતુલ્ય, પછી પરમાત્મતુલ્ય એ ક્રમ છે.

આત્મકલ્યાણની સાધના એ સામાયિક છે.

પરમાત્મકલ્યાણની સાધના એ નમસ્કાર છે.

સામાયિક એ ચારિત્રધર્મ છે. નમસ્કાર એ શ્રુતધર્મ છે.

તેના સહિત થતી ચારિત્રની આરાધના મુક્તિનો હેતુ છે.

જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષઃ।

નમસ્કારનું જ્ઞાન તથા સામાયિકની ક્રિયા મળીને

ખરો મુક્તિમાર્ગ બને છે.

વિષયો ધ્યાન કરવામાત્રથી દુર્ગતિનો હેતુ થાય છે,

તેમાં ધ્યાન એ જ દુર્ગતિનું કારણ છે,

તેમ એ ધ્યાન માટે લલચાવનાર

વિષયોનું સ્વરૂપ પણ કારણ છે.

મુખ્ય હેતુ ધ્યાન નહિ પણ વિષયો છે,

કેમકે વિષયોનું અસ્તિત્વ છે, તો

ધ્યાન, કર્મબંધ અને પરંપરાએ દુર્ગતિ થાય છે.

તે જ રીતે પંચ પરમેષ્ઠિ ભગવંતોનું સમર્થ અસ્તિત્વ છે,

તો તેમનું ધ્યાન કરવા માટે ઉત્તમ ભાવો ખેંચાય છે.

કર્મક્ષય તથા પરમપદનો લાભ થાય છે,

માટે સંસારને હેતુ એમ વિષયો,

તેમ મોક્ષના હેતુ પંચ પરમેષ્ઠિઓને સ્વીકારવા જોઈએ.

આરાધનાથી સદ્ગતિ અને વિરાધનાથી દુર્ગતિ.
અહીં પણ સદ્ગતિ-દુર્ગતિનો મુખ્ય હેતુ
આરાધના-વિરાધના નહિ પણ આરાધના-વિરાધનાને
યોગ્ય ઉત્તમ તત્ત્વોનું અસ્તિત્વ જ કારણ છે. કહ્યું છે કે:
તવાયત્તો ભવો ધીર! ભવોત્તારોઽપિ તે વશઃ ।
એવં વ્યવસ્થિતે કિં વા સ્થાપ્યતે પરમેશ્વર! ||૧||
અર્થાત્ હે ભગવન્! સંસાર કે તેનો પાર તારે વશ છે,
તો પછી શા માટે વિલંબ કરવામાં આવે છે?
આ વિલંબ ભગવાન તરફથી નહિ પણ
ભગવાનના તે સ્વરૂપને ન સ્વીકારનાર
જીવની અજ્ઞાનતા, અશ્રદ્ધા અને સંશયાત્મકતા કારણ છે.
તેનો નાશ પણ ભગવાનના શરણથી જ છે.
કર્મનું સ્વરૂપ વિચારવાથી નમ્રતા આવે છે.
ધર્મનું સ્વરૂપ વિચારવાથી નિર્ભયતા આવે છે.
ધર્મ એટલે દાન, દયા, ક્ષમાદિક ગુણો
જેનાથી ઉત્પન્ન થાય છે તે.
આત્મસમદર્શિત્વની અને પરમાત્મસમદર્શિત્વની
ભાવના એજ ભાવધર્મ છે.
એ ભાવધર્મસહિતના દાન-શીલ-તપ ધર્મો સફળ છે.

૦ વીતરાગતા સર્વજ્ઞ સમદર્શિત્વરૂપ છે અને તેથી જ
તે સર્વજ્ઞતા અને સર્વદર્શિતાનું કારણ છે.
સમદર્શિત્વ જ વીર્યાંતરાયાદિ અંતરાયોને તોડી દાનાદિ
અનંત શક્તિને પ્રગટ કરી આપે છે.
વીતરાગતા, નિર્મોહિત્વ, સમદર્શિત્વ સમાર્થક છે.
સર્વજ્ઞત્વ અને સર્વદર્શિત્વનું તે જ મુખ્ય કારણ છે.
તેનાથી લાભ-દાન-ભોગ ઉપભોગને
આવનારી વિજાતીય શક્તિઓ નાશ પામે છે.
ધર્મનું કારણ સમત્વ, જેનું કારણ સમદર્શિત્વ છે.
સમદર્શિત્વ અને સર્વદર્શિત્વનો સંબંધ છે.
ધર્મ એ સહેલામાં સહેલી વસ્તુ છે,
જેનું કારણ તે સર્વજ્ઞ સમદર્શિત્વ શાશ્વત છે અને
તે વસ્તુ સર્વને સમાન રીતિએ પ્રિય છે.
શેકેલું ધાન્ય ભૂખ ભાંગે પણ અંકુર પેદા કરી શકે નહિ.
૦ સર્વ પાપ આશ્રવ અનાત્મસમદર્શિત્વથી છે.
સર્વમંગલનું આગમન પરમાત્મસમદર્શિત્વથી છે.

૦

It matters everything what you are within, for everything without will be mirrored and Coloured accordingly.

0 નવકારનો સાર તેની ચૂલિકા અને

ચૂલિકાનો સાર આત્મસમદર્શિત્વ અને

પરમાત્મસમદર્શિત્વરૂપી સર્વોત્કૃષ્ટ ભાવોની પ્રાપ્તિ થાય છે.

શ્રી નવકારના મંત્રજાપ

જીવને ભમરી ભવની છોડાવે,

બોધિલાભ અર્પે

શ્રી જિનપ્રણીત વિશુદ્ધ ધર્મની પ્રાપ્તિ કરાવે છે.

હૃદયમાં નવકારને ધારણ કરી રાખવાથી

ચિત્તની વિપરીત ગતિ અટકે છે.

એ રીતે નવકારને મહાન અર્થનો સાધક કહ્યો છે.

મરણ સમયે તેને વારંવાર અને

અનેક વાર ફરવાનું કહ્યું છે.

એથી સર્વપાપનો નાશ અને

સર્વમંગળોમાં પ્રધાન મંગળનો લાભ થાય છે.

આત્મદૃષ્ટિ તથા પરમાત્મદૃષ્ટિનો લાભ

સર્વ લાભથી ચઢીયાતો લાભ છે.

માટીના માણસની માલિકી

એના પોતાના શરીર ઉપર પણ નથી,

તો બીજા અન્યો ઉપર તો ક્યાંથી હોય?

ॐ
नमः

પોષ સુદી - ૧૫, રવિ

કૃતજ્ઞતા અને પરોપકાર વિશેષ નિપુણમતિ વડે જન્મે છે.
વિશિષ્ટ નિપુણમતિ સ્થૂલ નહિ, પણ
સૂક્ષ્મ બુદ્ધિ મળે ત્યારે જ પ્રાપ્ત થાય છે.
તે માટે પંચેન્દ્રિય પ્રાપ્તિ અને મન વડે જે દીર્ઘકાલિકી
સંજ્ઞા કે દીર્ઘદર્શિતા પ્રાપ્ત થાય છે, તેની જરૂર પડે છે.
ઇંદ્રિય અને મન જ્ઞાનના સાધનો છે.
તે મળ્યા પછી પણ
વિશેષજ્ઞતા અને લબ્ધલક્ષ્યતાની જરૂર રહે છે.
બુદ્ધિના આ બંને ગુણો વડે
કૃતજ્ઞતા અને પરોપકારનું માહાત્મ્ય સમજાય છે.
જ્ઞાન અને તેના સાધનો મળ્યા પછી ય
જો તેનો સદુપયોગ ન થાય,
તો વિશિષ્ટ દુર્ગતિનું કારણ બને છે.
જ્ઞાનના સાધનો વડે
પોતે બીજા ઉપર કરેલ ઉપકારોનું સ્મરણ કરવું અને
બીજાએ પોતા ઉપર કરેલા ઉપકારોનું વિસ્મરણ કરવું,
તે ભયંકર દુરુપયોગ છે,
કારણ કે તેથી કુટિલ સંસ્કારો પેદા થાય છે.

સંક્લેશજનક વિચાર સંસ્થાનક છે.

સંક્લેશ તો જ શમે જો જ્ઞાનના સાધન વડે જગતના હતાં
ઉપકારોને યાદ રાખીએ અને અપકારોને ભૂલી જઈએ.
અપકારની અપેક્ષાએ ઉપકારની સંખ્યા વધારે જ રહેલ છે.

ઘણા ઉપકારો વચ્ચે
એકાદ અપકારને યાદ કરવો એ કૃતઘ્નતા છે,
દુઃખ અને ક્લેશજનક છે.
અપકાર યાદ રાખવાથી કષાય પેદા થાય છે.
ઉપકાર યાદ કરવાથી આનંદ, સંતોષ, ઉલ્લાસ વધે છે,
તેથી કૃતજ્ઞતાને ગુણ અને કૃતઘ્નતાને દુર્ગુણ મનાય છે.
દુર્ગુણ તેને કહેવાય જેનાથી સ્વપર ઉભયને સંક્લેશ થાય.
સદ્ગુણ તેને કહેવાય જેનાથી સ્વપર ઉભયને સંતોષ થાય.
કૃતજ્ઞતા સંતોષજનક છે. કૃતઘ્નતા સંક્લેશજનક છે.
પરાર્થતા આનંદકારક છે. સ્વાર્થતા શોકકારક છે.
સ્વાર્થપરાયણતા સર્વને અપ્રિય છે.
પરાર્થપરાયણતા સંતોષ, શાંતિ અને આનંદજનક છે.
વિશ્વના ઉપકારો ઋણ ને આપણે ભોગવીએ છીએ, તેથી
આપણને મળેલા સાધનો વડે જગતનો ઉપકાર કરવો,
તે આપણો ધર્મ છે, ફરજ છે, કર્તવ્ય છે.

તે કર્તવ્ય સદા ન ચૂકવું અને
કેવળ સ્વાર્થપરાયણ જીવન ગાળવું એ બુદ્ધિનો દ્રોહ છે.
બુદ્ધિની શક્તિ મળવા છતાં પણ જો તેનો
ઉપયોગ ન કરવામાં આવે, તો સ્વાર્થપરાયણતા આવે છે.
જો તેનો થોડો પણ ઉપયોગ થાય,
તો અનેકના ઉપકારો લઈને જીવી રહેલ પોતે
સ્વાર્થપરાયણ બની શકે જ નહિ.
દાનનું સાચું ફળ બીજાના ઉપકાર પ્રત્યે કૃતજ્ઞ રહેવું અને
'સ્વાર્થપરાયણ રહેવાથી સ્વરૂપને કેવળ સંકડાશ છે'
એમ સરળતાથી સ્વીકારવું.
બીજાના ઉપકારને ન ભૂલો, અપકારને ભૂલો.
પોતે કરેલા અપકારને ન ભૂલો, ઉપકારને ભૂલો.
તે રીતે વર્તવાથી જ
સુખ અને શાંતિનો અનુભવ કરી શકાય છે.
જગતમાં ઉપકારનું પ્રમાણ વધારે છે, અપકારનું અલ્પ છે,
તેથી અલ્પ અપકાર યાદ રાખવાનો આપણને અધિકાર નથી,
કારણ કે અધિક ઉપકાર લઈએ છીએ.
ઘણા ઉપકારને ભૂલવાનો આપણને અધિકાર નથી,
કારણ કે તેમ કરવામાં બુદ્ધિનો દુરુપયોગ છે.

ॐ
नमः

બુદ્ધિનો સદુપયોગ ઉપકારો પ્રત્યે કૃતજ્ઞ રહેવામાં અને
સ્વાર્થપરાયણતાને સર્વદા, ત્યાજ્ય માનવામાં છે.
જ્ઞાનના સાધનો મળવા છતાં જે કૃતજ્ઞને બદલે કૃતઘ્ન બને,
તે નરકનો અધિકારી છે.
પરાર્થને બદલે સ્વાર્થને જ મુખ્ય માને,
તે પશુતુલ્ય છે.
દીર્ઘદર્શિતા અને પારિણામિકી બુદ્ધિ એ બે એક જ છે.
દેવ અને ગુરુ, સંઘ અને સાધર્મિક આદરણીય વત્સલ છે.
સાચું બહુમાન કૃતજ્ઞતાભાવજનિત હોય છે.
એવા બહુમાનથી ક્ષાન્ત્યાદિ-જ્ઞાનાદિ ગુણોની વૃદ્ધિ થાય છે,
કેમકે તેથી માન જાય છે, વિનય આવે છે,
કોપ રહેતો નથી, વંચના કરવાનો પરિણામ પણ જાગતો નથી.
બહુમાનથી પ્રસન્ન થયેલા ગુર્વાદિ તરફથી
જ્ઞાન, પદ, ગૌરવ ઇત્યાદિની પ્રાપ્તિ થાય છે.
ધર્મનું રહસ્ય જાણતો આત્મા
જ પરહિત નિરત થઈ શકે છે.
પરહિત નિરત થયા વિના
વિશ્વનું ઋણ ઉતરતું નથી.
એ ન ઉતરે ત્યાં સુધી કર્મક્ષય કે મોક્ષ મળતો નથી.

'विज्ञात धर्म-सद्भावः यथावद्बुद्धधर्म-तत्त्वः ।'
गीतार्थभूत इति यावत् ।
लब्धमिव लब्धः, लक्ष्यं शिक्षणीयानुष्ठानं येन स
लब्धलक्ष्यः, सुखेन अक्लेशेनात्मनः शिक्षयितुश्च
निर्वेदमनुत्पादयन्, प्रतनुज्ञानावरणत्वात्
स्तोककालेन शिक्षापारगामी स्यात् ।
(પરિશિષ્ટ-૯)

'નમો' કૃતજ્ઞતાદર્શક છે.
'અરિહંતાણં' પરોપકાર માહાત્મ્યસૂચક છે.
અહંત્વ-મમત્વ પરપદાર્થોને વિષે કાલ્પનિક છે.
તે બંનેની ઉત્પત્તિ જે મનમાં છે,
તે મનમાં મહામંત્ર આવવાથી અને
તેનું પુનઃપુનઃ ઉચ્ચારણ થવાથી
અહંત્વ અરિહંતત્વમાં અને
મમત્વ નમસ્કારભાવમાં વિલીન થઈ જાય છે.
મમત્વ આત્મગુણોમાં અને
અહંત્વ આત્મદ્રવ્યમાં પ્રસ્થાપિત થાય છે.
મંત્રજાપનો એ જ મહાન લાભ છે કે જેથી
અહંત્વ-મમત્વજનિત સંક્લેશોનો અંત આવે છે.

'નમો' એ પરપદાર્થોમાં મમત્વનું વિસર્જન છે અને
આત્માના જ્ઞાનાદિ સ્વગુણોમાં મમત્વનું સ્થાપન છે.
'અરિહંતાણં' એ ૩ પ્રકારના શરીર, ૯ પ્રકારના કોષ
અને ૪ પ્રકારની અવસ્થામાં રહેલા અહંત્વને શોષે છે.

તે બધાના અધિષ્ઠાન અને આધારસ્વરૂપ
આત્મદ્રવ્યમાં તાદાત્મ્યની બુદ્ધિ જન્માવે છે.

આત્મદ્રવ્યમાં અહંત્વ એ અરિહંતના ધ્યાનનું ફળ છે.
આત્મગુણોમાં મમત્વ એ નમસ્કારની ક્રિયાનું ફળ છે.

અહંકાર-મમકારરૂપી અનાદિ અવિદ્યાજનિત અસત્ કલ્પના
નિવારવા માટે 'નમો અરિહંતાણં'નો સતત જાપ કર્તવ્ય છે.

નમો 'ત્વં' પદ છે, અરિહંત 'તત્' પદ છે,
ચતુર્થ અધ્યાહૃત ક્રિયાપદ 'અસિ' પદ છે, તેથી મહાવાક્ય રૂપ છે.

તેનો અભ્યાસ વધવાથી
પરબ્રહ્મ સાથે જીવનું તાદાત્મ્ય સધાઈ જાય છે.

આત્માનું સ્વસંવેદન સિદ્ધ કરવા માટે
પરમાત્માના નામનો જાપ અનન્ય સાધન છે.

અરિહંતમાં પંચપરમેષ્ઠિ, નવકાર, વીશ સ્થાનક સમાઈ જાય.
તે સર્વ વડે સર્વ જીવો સાથે ઉચિત સંબંધ સ્થપાય છે,
તેથી પાપપ્રકૃતિનો નિરોધ-શુભપ્રકૃતિનું ઉપાર્જન થાય છે.

અરિહંતમાં સ્વ આત્માનું અને
સ્વ આત્મામાં અરિહંતનું દર્શન થાય,
ત્યારે સમજવું કે આત્મજ્ઞાન પરિપક્વ થયું છે
અથવા
સર્વજીવોમાં આત્મા અને
પોતાના આત્મામાં સર્વજીવો દેખાય,
ત્યારે પણ આત્મજ્ઞાન સુદૃઢ સમજવું.

तत्त्वं धर्मस्य सुस्पष्टं, मैत्रीभाव-विकासनम् ।
परोपकार-निर्माणं, शान्तवृत्तेरुपासनम् ॥१॥

(પરિશિષ્ટ-૧૦)

○

## Truth alone stands

Truth does not depend upon any man but all men depend upon Truth. The renunciation of self is the way of Truth. your eternal dwelling place is within. Without is change & decay within is all surety and blessedness. The image & likeness of god is consisted in man's self - consciousness, reason & power of choice.

ॐ नमः

## નમસ્કાર છે...

ઉપાસનાની અભિમુખતા છે, અનુકૂળતાનો સંકલ્પ છે,
પ્રતિકૂળતાનું વિસર્જન છે, અસહાયતાનું પ્રકટન છે,
સંરક્ષણનો વિશ્વાસ છે, આત્માનું સમર્પણ છે
તથા આત્મરક્ષણ માટે પ્રાર્થના છે.

વ્યક્તિમાં વૈરાગ્ય હોય, ત્યારે સમાજમાં ઐશ્વર્ય હોય છે.
જ્યારે વ્યક્તિ ઐશ્વર્યમાં ચકચૂર હોય,
ત્યારે સમાજ ભિખારી બને છે.
આજે ઐશ્વર્ય નથી, ઐશ્વર્યની લાલસા છે.
વૈરાગ્ય તો છે જ નહિ પણ વૈરાગ્યની ઇચ્છા પણ નથી.

o જ્ઞાનની ઉપલબ્ધિ થવાય છે, ચોપડા વાંચીને નહિ. જેણે બહુ સાંભળ્યું છે તે વિદ્વાન અથવા બહુશ્રુત નહિ રટેલો પાઠનો ફરક છે. પાચન થયેલા ખોરાકની જેમ અનુભવની કસોટી એ જ પચેલું જ્ઞાન છે. કહેવત છે: 'જ્યાં જ્ઞાની ત્યાં વિદ્યાપીઠ, જ્યાં બ્રાહ્મણ ત્યાં વેદ.' બોલનારા, સાંભળનારા અને વાંચનારાઓને સર્વત્ર જ્ઞાન ભરેલું છે. જ્ઞાનદાયક સર્વ વસ્તુઓ ગુરુ તરીકે દેખાય છે. 'ગુરુ વિના જ્ઞાન નહિ' એ વાત જેટલી સાચી છે, તેથી ય સાચી વાત છે કે શિષ્ય થયા વિના છતે ગુરુએ જ્ઞાન નથી.

ગુરુનો તોટો નથી. તોટો સાચા શિષ્યનો, શિષ્યત્વનો છે.
સાગરત્વનો છે શિષ્યભાવ. એ હશે તો ગુરુ શોધતા આવશે.
એ નહીં હોય તો હાથ આવેલા ગુરુ પણ ભાગી જશે.
કુદરતનો અચળ નિયમ છે કે: ભૂખ હોય ત્યાં ભોજન
અને જ્યાં જિજ્ઞાસા હોય છે, ત્યાં જ્ઞાન મળે જ છે.
'નમો' એ ધ્યાનવાચક, યોગ એ મમત્વનાશક છે.
'અરિહંતાણં' એ ઉપયોગ, સમત્વભાવ એ સામ્યવાચક છે.

## યોગ, ઉપયોગ અને અધ્યાત્મ

એ ત્રણેનો સંયોગ એક નવકારમાં છે.

યોગથી પ્રદેશબંધ અને પ્રકૃતિબંધ થાય છે.
અધ્યવસાયથી સ્થિતિબંધ અને રસબંધ થાય છે.
ઉપયોગથી સંવર અને નિર્જરા થાય છે.

ક્રિયા વડે કર્મ, પરિણામ વડે બંધ, ઉપયોગ વડે ધર્મ.
પ્રત્યેક ધર્મક્રિયા વખતે ઉપયોગની શુદ્ધિ નિર્જરાનો
હેતુ છે. ઉપયોગ એ સમ્યગ્જ્ઞાન-દર્શનસ્વરૂપ છે.
તેની શુદ્ધિ 'સર્વ જીવો આત્મતુલ્ય છે અને આત્મા એ
પરમાત્મતુલ્ય છે' એવું જ્ઞાન અને દર્શન ટકી રહેવાથી જ
થાય છે, તેથી પરિણામ વિશુદ્ધ થાય. વિશુદ્ધ પરિણામ
એટલે મોહની મંદતા, ક્ષય-ક્ષયોપશમ. તે વડે યોગની

વિશુદ્ધિની સાથે શુભાશ્રવ અને સંવર પણ થાય છે. યોગસ્થૈર્ય વડે સંવર, યોગવ્યાપાર વડે શુભાશ્રવ થાય. વિદ્યા તે જ જે મુક્તિ આપે, અધ્યાસ ટાળે. બાહ્ય બધી વિદ્યા જોઈએ છે. બોધ મેળવવાની દાનત હોય તો ધૂળના કણમાં પણ ઊંડો બોધ અનંતકાળથી ભર્યો પડ્યો છે. જડ કે ચેતન વસ્તુમાત્રમાં ગૂઢ પદાર્થ છુપાયેલા છે. તે શોધી કાઢવાની ચીવટતા આપણામાં હોવી જોઈએ.

<u>આત્માને લગતું જ્ઞાન મેળવવાનું હોતું નથી,</u>
<u>તેને લગતું અજ્ઞાન જ દૂર કરવાનું હોય છે.</u>

સાચી સમજ વિષેની આપણી તાલાવેલી સંચિત પુણ્યથી જ મળે છે. આપણામાં શિષ્યતા પ્રગટી છે કે નહિ, તે જ આપણે વારંવાર વિચારવાનું રહ્યું. સૃષ્ટિ = મહાવિદ્યાલય. શિક્ષણ માટે માનવકૃત વિદ્યાલયોમાં જવાની સમજુને જરૂર નથી. સ્વાર્થ માટે જીવવું એ માતૃદ્રોહ છે. અહંના બદલે ત્વંનો અને ત્વંની જગ્યાએ સર્વનો વિચાર માનવ કરે તો દુનિયાની શકલ ફરી જાય. પર એટલે પરમાત્મા, તેને આધીન રહેવાનું શિક્ષણ વૃક્ષો પાસેથી મળે છે.

<u>એ રીતે વૃક્ષ મહાપ્રાધ્યાપક છે.</u>

પરાધીનતા એટલે પરની ઇચ્છાને આધીન જીવન વિતાવવું. પ્રભુની ઇચ્છામાં આપણી ઇચ્છાને વિસર્જિત કરવી.

## જ્ઞાન મેળવવાની ત્રણ શરતો

(૧) ત્રિગુણાતીત અવસ્થા = અત્રિ (૨) ઈર્ષ્યાદિથી મુક્તિ = અનસૂયા (૩) આત્મજ્ઞાન પ્રાપ્તિની અડગ-અચલ શ્રદ્ધા.

આ ત્રણ વિના જ્ઞાન મળતું નથી.

o અભેદરૂપે પરમાત્માનું સ્વરૂપ એક જ છે.

નામ-રૂપનો ભેદ તાત્ત્વિક નથી.

સુખ-દુઃખ દેહાદિને છે, આત્માને નહિ.

આત્મા તો અવિકાર, નિર્લેપ અને અવ્યક્ત છે.

## 'સાધૂનાં દર્શનં પુણ્યં ।'

ખરેખર સાધુ પુરુષોના દર્શનથી જ બુદ્ધિ નિર્મળ થાય છે.
દેહ એ જ્ઞાન-વૈરાગ્યનું કારણ ઉપાધિ અપેક્ષાએ ગણ્યું છે.
દેહ નાશ ન પામે ત્યાં સુધી પરમાત્મસ્વરૂપને
મેળવવા માટે સાધકોએ અહોરાત્ર પ્રયત્ન કરવો જોઈએ.
ઈશ્વરનું ચિંતવન કરનાર ઈશ્વરની ગતિને પામે છે.
'સાધુ' એટલે સમપણું રાખી જીવમાત્રને સરખા સમજે તે.
'સાધુ' એટલે બધાનો મિત્ર, બધાનો મદદગાર બને તે.
જગતના તમામ જીવો સાધુને મન સરખા.
સમગ્ર સુખનું મૂળ ધર્મ છે,
તેથી ધર્મપાલનને આપનાર તે જ 'સાધુ'.

જગતના બધા જીવો ધર્મ પામે એજ સાધુની ભાવના.

સમગ્ર વાણીનો સૂર વિશ્વપ્રેમ છે.

સાદી ભાષામાં ધર્મનું હાર્દ સમજવાની આજે જરૂર છે.

ધર્મ અને પ્રભુ બે જુદી વાત નથી.

પ્રભુની કૃપા વિના ધર્મનું સાચું રહસ્ય મળતું જ નથી

અને પ્રભુની કૃપા ભક્તિ વિના મળતી નથી.

આચારમાં ઉતારેલો થોડોપણ ધર્મ સૌથી મોટો છે.

આચાર એ જ ધર્મની કસોટી છે.

<u>ધર્મના ત્રણ પ્રમાણ</u>

(૧) પ્રભુ (૨) સંતપુરુષો (૩) નિર્મળ આત્મા.

<u>ગાંઠના બે પ્રકાર</u>

(૧) બાહ્ય પદાર્થ વગર સુખ ન હોય.

(૨) બીજાની સહાય વિના ઉદ્ધાર ન હોય.

(ગાંઠ = અભિનિવેશ - પૂર્વગ્રહ)

આનંદ વસ્તુ કે વિષયમાં નથી પણ મનમાં છે. ઉંઘનો

આનંદ બધા કોઈપણ ભૌતિક આનંદ કરતાં શ્રેષ્ઠ છે.

'મારામાં સ્વતંત્ર આનંદ છે અને

તે વસ્તુ વગર પણ વ્યક્ત થઈ શકે છે'

આ કલ્પના આવતા પ્રથમ ગાંઠ આપોઆપ છૂટી જાય છે.

'હું ક્ષુદ્ર - એકલો - દુર્બળ - લાચાર - પતિત - અસમર્થ છું;'
એ જાતનો પૂર્વગ્રહ છે. 'હું દિવ્ય - પ્રભુસમ છું;'
એ અનુભૂતિ થયા વિના આ ગાંઠ છુટે નહિ.
એ માટે જે વસ્તુ જોઈએ: વાત્સલ્યભક્તિ - કાંતાભક્તિ.
વ્યક્તિ અને સમષ્ટિ ઉભયના જીવનનું ધારણ-
પોષણ - શુદ્ધિ - વૃદ્ધિ થાય તે જ પ્રભુએ કહેલો ધર્મ.
ઈશ્વરથી આઘો જાય તે અનીશ્વર - દરિદ્ર થાય.
દેહ - ઈન્દ્રિયો - મન - પ્રાણ - અહંકાર - બુદ્ધિ વગેરે છે તો
આપણાં, પણ આપણે તેનાથી પર છીએ.
પરનાં દુઃખનો સમૂળ નાશ કરવાની તીવ્ર ઈચ્છા અને
તદનુરૂપ સર્વદેશ શક્ય પ્રયત્ન તે દયા.
દુઃખ દૂર કરવાની ઈચ્છા અને ચેષ્ટા તે દયા.
પ્રેમની જ સક્રિય અવસ્થા તે દયા.
દુઃખના મૂળ રૂપ અજ્ઞાનની સામે થનાર સાચો દયાળુ છે.
આત્મવિદ્યા એ દયાની અમૃતવર્ષિણી દેવી છે.
જ્ઞાની - આત્મજ્ઞાની દયાની દિવ્યમૂર્તિ છે.
આખી દુનિયા દયા માટે તલસી રહી છે.
સર્વાત્મા પ્રસન્ન કરવા સત્ય - પવિત્રતા - દયાદિ જે ૩૦
વિશ્વધર્મો છે, તે સમસ્ત વિશ્વનું કલ્યાણ કરનારા છે.

પરમાત્મા અને સંત-સેતાન, દેવ-દાનવ, રામ-રાવણને સરજી લે છે, તેમ માનવે પ સરજી લેવાની શક્તિ કેળવવી. તે માટે પરમેશ્વર પ્રીત્યર્થે સંધ્યા કરવાનો સંકલ્પ લઈ અંતે પ્રવૃત્તિમાત્ર પ્રભુચરણે અર્પણ કરવાનો સંકલ્પ કરી, પરમતત્ત્વ પાસે શુદ્ધ બુદ્ધિની જરૂર માંગણી કરવી.

## યોગીએ કોની પાસેથી કયા ગુણ ગ્રહણ કરવા?

(૧) વાયુ

વનવાયુ અને વાયુ નથી સાંકળતો - નથી રોકતો,
તેમ આપણે અનાસક્ત રહેવું.

પ્રાણ આહારમાત્રથી સંતુષ્ટ છે. તે ઇંદ્રિયોની સામાન્ય વૃત્તિ છે, પણ પોતે તો આહાર ઉપર જ રહે છે. તેને ઇંદ્રિયોથી પકડાતાં રૂપ, રંગ, રસાદિની દરકાર નથી. ટકવા માટે તે કેવળ આહારને જ ઝંખે છે. ઇંદ્રિયોની પ્રીતિ માટે માણસે જમવાનું નથી. માત્ર શરીર ટકે અને મન-વાણી અંકુશમાં રહે એટલું જ ધ્યેય રહેવું ઘટે. રસદૃષ્ટિથી આહારની ચૂંટણી એ દીન જીવનનું સૂચક ચિહ્ન છે. જીવવા માટે ખાવું, પણ ખાવા માટે ન જીવવું એ વિષયમાં પ્રાણને ગુરૂ કરવો જોઈએ. પ્રાણ જીવવા માટે જ આહાર કરે છે, તેમ મનુષ્યે જીવન ટકાવવા માટે જ આહાર લેવો જોઈએ.

ગુણ-દોષનાં દર્શન, પ્રિય-અપ્રિયત્વનો વ્યવહાર એ મૂળમાં જ અધ્યાસ અને ખંડિત દર્શનો છે. અખંડદૃષ્ટિનો ખપ હોય તેણે ખંડદર્શનનો ત્યાગ કરવો જોઈએ. શરીરાદિ પાંચ ભૂતોનો વિસ્તાર છે. યોગી સ્વરૂપે આત્મા છે. તેને જોઈ શકનાર યોગીએ શરીરના ગુણધર્મોને આત્મા ઉપર ન લાદવા. વાયુની જેમ પરના ગુણધર્મોમાં આસક્ત ન થવું.

(૨) આકાશ

આકાશ પાસેથી અનન્યપણું અને અસંગપણું શીખવું.
આકાશ સર્વવ્યાપક છતાં સર્વથી અલિપ્ત છે.
તે આત્મા સ્વરૂપે અપરિમિત અને ભેદશૂન્ય છે, સમરસ છતાં નિર્દોષ છે. વ્યાપકતા, નિરંજનતા, અનન્યતા, સમરસતા તથા સ્વનિષ્ઠતા આકાશ પાસેથી શીખવા જોઈએ.

(૩) પાણી

સ્વભાવથી જળ સ્વચ્છ, સ્નિગ્ધ, મધુર, પાવનકારી છે.
રાગ-દ્વેષાદિ મળથી રહિત માટે પ્રસન્ન છે.
પ્રેમનાં નીર બહુ આર્દ્ર, દ્રવ અને સ્નિગ્ધ છે.
મધુર, મિષ્ટ વાણી - વર્તનનું માધુર્ય એ જ માણસાઈ.
જીવનગંગા જગત માટે તીર્થભૂમિ બનવી જોઈએ.
પાપ ધુએ તે તીર્થના દર્શન, સ્પર્શન, કથનથી પાવિત્ર્ય મળે.

(૭) અગ્નિ

તે તેજસ્વી, પ્રદીપ્ત, દુર્ધર્ષ, ઉદરભાજન, સર્વભક્ષી છે.

આત્મભાવે તેજસ્વી, તપથી પ્રદીપ્ત, સર્વભક્ષીપણેથી ન રંગાય,

દુર્ધર્ષ એટલે અપરિગ્રહી, અમલીન - અવિષમ.

માયા એટલે અજ્ઞાન.

જેવા નથી તેવા માનવું અને વર્તવું તે અજ્ઞાન.

જેવા છીએ તેવા માનવું, સમજવું, વર્તવું તે જ્ઞાન.

(૮) ચંદ્ર

જેમ ચંદ્રની કળાનો ઉદય-અસ્ત છે, ચંદ્રનો પોતાનો નહિ,

તેમ જન્મ-મૃત્યુ આદિ વિકારો દેહનાં છે, આત્માના નહિ.

વારે - વારે કે એક-એક ફરવાની

જગતની ટેવ અસત્ય છે.

ચંદ્રની જેમ આત્મા સદા સત્ છે.

આત્મા કાળનો પણ કાળ છે.

કાળનો ગ્રાસ નથી.

તેને પડકારવાની ઊંડી તાકાત આત્માના જ્ઞાનમાં છે.

આત્મા સનાતન, સદાભવ, નિત્ય અને અમૃત છે.

આત્મભાનથી નિર્ભયતા આવે છે.

કાળનું પરાક્રમ દેહ ઉપર ચાલે છે, આત્મા ઉપર નહિ.

(6) સૂર્ય

તે પૃથ્વીનાં જળ શોષી વર્ષાકાળે પાછું સોંપે છે, છતાં અહંકારથી શૂન્ય છે, તેમ યોગીને ઉપભોગમાં રાગબુદ્ધિ કે ત્યાગમાં દ્વેષબુદ્ધિ નહિ. સરળપણું, અહંશૂન્યપણું કઠણ છે. અહં જેનો ગળી ગયો છે, તેના જેવો કેળવાયેલો બીજો કોણ છે?

સૂર્ય એક અને સ્વપર પ્રકાશક છે, તેમ આત્મા પણ એક અને સ્વપર પ્રકાશક છે. અનન્ત પ્રકૃતિના ભેદ, અનન્ત આત્મભેદ પ્રતીત થાય છે, પણ તે બધા ભેદમાં મૂળ આત્માનો તો અભેદ જ છે. ભિન્નતામાં અભિન્નતા, 'અવિભક્તં ચ વિભક્તેષુ |' આત્માની એકતાના સ્વીકાર વિના જીવનની સાચી કીંમત કદી ન આંકી શકાય.

(7) કપોત - હોલો

અતિ સ્નેહ અને અતિ આસક્તિ સર્વત્ર ત્યાજ્ય છે. તેના પરિણામે શોક-સંતાપ જ વધે. જ્યાં સાક્ષી થઈને વર્તવાની જરૂર છે, ત્યાં જીવ તન્મય થઈને વર્તે છે. એક આત્મા જ સદા છે કે જ્યાં કદી નવેસરથી સંયોગ-વિયોગ નહિ. અતિ સ્નેહ કે અતિ પ્રસંગ કરવા લાયક હોય તો પોતાના મૂળ સ્વરૂપમાં જ કરવો જોઈએ. માનવદેહ એ મુક્તિનું ખુલ્લું દ્વાર છે.

અતિ કીંમતી રત્નનો અતિ હીન ઉપયોગ થવો ન ઘટે.
હીરો વેચીને સેવ-ગાંઠિયા ખરીદે, કલ્લા આપીને ટીકડી
લઈ લે તે આરૂઢચ્યુત-પર્વત પર ચઢીને નીચે પડનારા છે.

(૮) યોગામાં અજગર જેવી નિષ્ક્રિયતા હોવી જોઈએ.

(૯) સમુદ્રની પ્રસન્ન ગંભીરતા, દુરવગાહ, દુરત્યય,
અનન્ત - અપાર, અક્ષોભ્ય.

સમુદ્રની જેમ ઉપરથી પ્રસન્ન-અંદરથી ગંભીર
સ્વરૂપાનુસંધાનવાળા યોગીને આ સર્વ લક્ષણો ઘટે.

(૧૦) પતંગ : તે ચગે ત્યારે દૃષ્ટનષ્ટ દૃશ્યોની જેમ વિષયોની
વધ-ઘટથી આત્મામાં કોઈ પ્રકારની વધ-ઘટ થતી નથી.

દેહ દેવાલય છે પણ ભોગાલય નથી. પદાર્થમાત્ર
પૂજ્ય છે, ભોગ્ય નથી, કેમકે પ્રત્યેકમાં પ્રભુ છે. ભોગમાં
કોહીનુરની કીંમત કોડીએ અંકાય છે. વસ્તુમાત્રના પરમ
દૃષ્ટિએ મૂલ્યાંકન કરી તદનુરૂપ જીવનને વળાંક આપવામાં
સાચું શિક્ષણ રહેલું છે. સમજની આંખે જ જો આંધળો હોય
તો ચામડાંની આંખ કમળ જેવી વિશાળ હોય તો પણ શું?

(૧૧) ભ્રમર : ઈશ્વર ઉપરનો અવિશ્વાસ અનન્ય આશ્રિતોને
જણાવે છે. 'ભગવાન તેનું યોગક્ષેમ વહન કરે જ છે';
એવો ઊંડો અને અટલ વિશ્વાસ યોગીને હોવો ઘટે.

ફરજિયાત સામ્યવાદ એ બુદ્ધિનો દુરાગ્રહ છે. સમજપૂર્વક આચરણમાં ઉતરેલો સામ્યવાદ એ બુદ્ધિની સુરૂપતા છે. આત્માના અસંગ અને અપરિગ્રહી સ્વભાવના સહજ અનુસંધાનમાં સંચયખોરીની ખોટી વૃત્તિનું અવસાન થાય છે.

(૧૨) <u>માતંગ</u>: દેહદૃષ્ટિનું ભાન આત્મદૃષ્ટિનાં ભાને ભૂલાવું જોઈએ. મારનો વિજય કર્યા વિના આજ સુધી કોઈ બુદ્ધ થયું નથી.

(૧૩) <u>પારધી</u>: <u>ધનની ૩ ગતિ</u>

ઉત્તમ ગતિ દાન, મધ્યમ ગતિ ભોગ, કનિષ્ઠ ગતિ નાશ.

(૧૪) <u>હરણ</u>: ભગવાનનાં ભજન છોડી

જે વિષયોનાં ભજન કરે, તેને શાંતિ ક્યાંથી હોય?

(૧૫) <u>માછલું</u>: દમનો દરદી જો

દહીં અને ભજીયાં સાથે ખાય તો શું થાય?

સર્વેષામેવરોગાણાં નિદાનં કુપિતામલાઃ ।

અર્થાત્ સર્વ રોગોનું કારણ કુપિત થયેલ આમલરસ છે. રોગ દ્વારા મળનું વિસર્જન કરવાને બદલે અજીર્ણ દ્વારા મરણ પ્રાપ્ત કરવું, એ માનવજીવનની શરમ છે. 'જિતં સર્વં જિતે રસે ।' અર્થાત્ રસ જીતે, સર્વ જીતાયું. સત્વનું કાર્ય જ હંમેશા સાચા રસોથી રસોનું હોય છે. સ્વરૂપે સુખપૂર્ણ આત્માને તૃષ્ણા જ દીન-દુઃખી કરે છે.

તે સદા કુંવારી છે. તેને જાણવા આત્માને વરવું જોઈએ.
ફરજીયાત ત્યાગ = સામ્યવાદ. મરજીયાત ત્યાગ = સંન્યાસવાદ.
સામ્યવાદ કૃત્રિમ છે, કેમકે તે કાયદાથી છે.
સંન્યાસવાદ સ્વાભાવિક છે,
કેમકે તે આત્માના મૂળ અસંગ સ્વરૂપમાંથી જન્મેલો છે.

(૧૬) <u>બાળક</u> : બાળકને માન-અપમાન ઘરબાર કે પૈસા છોકરાની ચિન્તા નથી. તેને સદા પોતાનામાં જ પ્રેમ હોય છે. પોતાની ક્રીડામાં જ મસ્ત રહે છે. આત્મામાં આત્મા ખાતર જ સદા ખેલતા રહેવાનું બાળક પાસેથી શીખી શકાય છે.

(૧૭) <u>કન્યા</u> : અદ્વૈત એ આત્માની સહજ ગુહ્ય છે, કેમકે
અંતમાં તત્ત્વ તો એક જ છે.

બાકી બધી માયા છે, અજ્ઞાન છે, જે નથી તે દેખાય છે. સાત્વિક એકાગ્રતા વડે આત્માનુભવની ખરી માધુરી સ્પષ્ટ અનુભવાતી જાય છે. આત્મદર્શન માટે અચળ ધ્યાનયોગ એ સાધન છે. સમાધિની ભાષાના ગૂઢ અર્થને લૌકિક ભાષામાં કેવી રીતે રજૂ કરી શકાય?

<u>એકાગ્રતા આવવાનાં ૩ કારણો</u>

(૧) સ્નેહ (૨) ક્રોધ (૩) ભય.

ધ્યાન તીવ્ર અને સતત હોવું જોઈએ.

(૧૮) <u>દેહ</u>: એ ઉત્તમ ગુરુ છે, કેમકે વિવેક અને વૈરાગ્યનું મોટું કારણ તે છે. દુઃખનું સ્વરૂપ જ તેમાંથી છૂટવાની ઇચ્છા પેદા કરે છે. 'દેહનું બીજું નામ જ દુઃખ છે' એમ સમજાય પછી દેહ દુશ્મન રહેતો નથી, પરંતુ તે જ દેહ દોસ્ત બની નિતાંત આત્મામાં રમવા પ્રેરે છે.

<u>જે છોડી દે, તેવા દેહ ઉપર વળી નેહ શાનાં ?</u>

<u>દેહ બળે તો અગ્નિનો, દટાય તો કીડાનો, જળમાં ડુબે તો માછલાનો,</u>
<u>અને જમીન ઉપર પડે તો શ્વાન-ગીધનો આહાર બને છે.</u>

આત્મનિષ્ઠાનો પાઠ અનંત દુઃખના દાન દ્વારા જે આપે છે,
તે દેહને ગુરુ તરીકે કોણ ન માને?

એક માનવ દેહ જ માત્ર સર્વાર્થ સાધનસંપન્ન દેહ છે.

<u>માનવ શરીર ભોગાર્થે નહિ પણ મોક્ષાર્થે છે.</u>

સુબુદ્ધિનો નિર્ણય મોક્ષાર્થે છે, કુબુદ્ધિનો નિર્ણય ભોગાર્થે છે.
નિર્ણયનું જ બીજું નામ 'જીવન' છે.

મનને ખુલ્લું રાખી જ્યાંથી મળે ત્યાંથી જ્ઞાનરત્નોને મેળવવા પ્રયત્નશીલ રહેવું એ જ સુશિષ્યની ફરજ છે.

સમત્વ - સમચિત્ત - સમવૃત્તિ - નિરાગીતા, નિર્ગ્રન્થતા, વીતરાગતા-સર્વસંગવિમુક્તતા એ પર્યાયવાચી શબ્દો છે.

ભવામિ-અહં, ભવસિ-ત્વં, ભવતિ-તત્ ।

પોતાના અહંના પોષણમાં જ અને તેના પરાક્રમમાં જ જીવ મશગુલ રહે છે. ત્યાંની જરૂર પણ અહંને પોષે ત્યાં સુધી જ રહે છે. તત્ત્વની તો જીવનમાં ભાગ્યે જ જરૂર લાગે છે. સત્યશીલ જીવને તત્ત્વની કથામાં જ આનંદ આવે છે.

What a wonderful thought!

તર્કના સ્થાને શ્રદ્ધા, લાગણીના સ્થાને લગની,
ઇંદ્રિયોથી અપ્રાપ્યને પ્રાપ્ત કરવા હૃદય અને
મનને ભાવુક બનાવવા માટે ક્રિયા રહે છે.

ભાવ દૃષ્ટિ થકી મન-હૃદયને વિંધી આત્મામાં સોંસરી ઉતારવાની ક્રિયા તે 'નિદિધ્યાસન'. ઈન્દ્રિયાતીત પરમેશ્વરમાં સમગ્ર અસ્તિત્વ એકરૂપ થઈ પરમશાંતિનો અનુભવ કરવો. દિવ્યભાવની સમાધિ દિવ્યપ્રકાશના સાક્ષાત્કારમાં પરિણમે.

ગૂઢ વચનો વડે મળતો બોધ
ગુપ્ત અને સુપ્ત શક્તિને પ્રગટ અને જાગ્રત કરે.

હાથનો ઉપયોગ સર્વમાં રહેલા ઈશ્વરને વંદન કરવામાં,
જીભનો ઉપયોગ ઈશ્વરનું રટણ કરવામાં અને
નેત્રનો ઈશ્વરને પ્રાણીમાત્રમાં જોવા માટે કરવો જોઈએ.
અવળબુદ્ધિ ઈશ્વર વિમુખ થયેલી ઇંદ્રિયો ઈશ્વર સન્મુખ બને.
એ રીતે સર્વ ઇંદ્રિયોને પ્રભુમય કરતાં શીખવું જોઈએ.

મનનથી શંકાઓ નષ્ટ થઈ શ્રદ્ધા સ્થાન લે છે.
મનનથી લાગણીઓના વમળો શાંત થઈ
એક પ્રભુ પ્રત્યે જ લાગણી જાગે છે.
નિદિધ્યાસન ઈશ્વરમાં જ એકરૂપ થઈ જવાની
ઉત્તમ આધ્યાત્મિક ક્રિયા છે.
તે વડે સમાધિ અને સાક્ષાત્કારનો પ્રકાશ પ્રાપ્ત થાય છે.
કર્તવ્ય કર્મ આત્માના પ્રકટનનાં દ્વાર છે.
શાસ્ત્ર માનવને ઓછામાં ઓછા સ્વાર્થે તથા
વધારેમાં વધારે પરમાર્થે જીવન જીવવાનું ફરમાવે છે.
પૂરા પરમાર્થમાં સ્વાર્થનો સ્વયમેવ સમાવેશ થાય છે.
કર્તવ્યનું પ્રાગટ્ય એક જ અને તે આત્મદર્શન.
'સ્વભાવ-વિજયઃ શૌર્યમ્ ।'
અર્થાત્ સ્વભાવનો વિજય કરવો તે જ સાચું શૌર્ય છે.
પ્રકૃતિને પુરુષગામી કરવા માટે શાસ્ત્ર છે.
સ્વભાવ પુરુષગામી થયે માનવજીવન કૃતાર્થ થાય છે.
સંતોની વાણી આચરણાર્થે હોય, કેવળ વાંચવા માટે નહિ.
ખોરાક વગર 30, પણ ઊંઘ વગર માત્ર 3 દિવસ ચાલે.
વિચારથી બુદ્ધિ, ધ્યાનથી મન, ઉપવાસથી પ્રાણનો વિકાસ થાય.
પ્રતિમાસ ૨ ઉપવાસ કરવાથી જીવન આનંદનું કેન્દ્ર બનશે.

શ્રી મોહનલાલજી જૈન પાઠશાળા, દેરાસર ચોક, જામનગર
અષાઢ સુદી-૨, સં-૨૦૧૫ તા. ૮-૭-૫૯ બુધવારે સવારે
૮ વાગે ચાતુર્માસિક પ્રવેશ થયો - સાધુની સંખ્યા - કુલ ૧૮.
ઉપરાંત પં - રોહિતવિજયજી ઠાણા-૩ દિગ્વિજય પ્લોટમાં
તથા તપસ્વી હર્ષવિજયજી ઠાણા-૮ શાંતિ ભુવનમાં રહ્યા.

## પ્રથમ પ્રવચન

આધ્યાત્મિક અને ભૌતિક ઉભય સૃષ્ટિની જરૂરીયાતો
તીર્થંકર દેવોના પુણ્યથી પૂરી થાય છે.
તીર્થંકર દેવોનું પુણ્ય એક બાજુ ધર્મતીર્થની ઉત્પત્તિ કરે છે
બીજી બાજુ તે તીર્થની આરાધનાથી
પ્રાપ્ત થતાં પુણ્યની ઉત્પત્તિ કરે છે.
દાન, શીલ, તપ, ભાવ, ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ,
દયા, દાન, ધ્યાન આદિ ગુણો વડે પાપનો નાશ અને
પુણ્યની પુષ્ટિ થાય છે. તે ઉપકાર તીર્થંકર દેવોનો છે.
ઉપકારીઓનો ઉપકાર માનનારને ઉપકાર થાય છે માટે
તે માનવો જોઈએ, નહિ કે ઉપકારીઓને તેની જરૂર છે માટે.
ખરા ઉપકારી અને સૌથી મોટા ઉપકારી જે હોય છે,
તેમને પ્રત્યુપકારની ઇચ્છા કદી હોતી નથી તેટલા જ ખાતર
જો તેમનો ઉપકાર માનવાનો ન હોય તો જગ કૃતઘ્ની ઠરે.

કૃતઘ્નીની કદી શુદ્ધિ થતી નથી. કૃતઘ્નીને પ્રાયશ્ચિત હોતું નથી.
પ્રાયશ્ચિત પાપના પશ્ચાત્તાપવાળાને હોય છે.
કૃતઘ્નતા એ જ મોટું પાપ છે,
તેથી તેનાથી પાછા ન ફરનારને શુદ્ધિ કેવી રીતે થાય?
કૃતજ્ઞતા એ કૃતઘ્નતારૂપી પાપથી પાછા ફરવાની ક્રિયા છે,
કૃતઘ્નતારૂપી મહાપાપનું પ્રાયશ્ચિત છે.
દોષનું સેવન કરનારો દોષને કબૂલે નહિ અને
તેનાથી પાછો ફરવાની ક્રિયા કરે નહિ,
તો તેનો દોષ વધતો જ જાય છે.
પાપ કરવા કરતાં, પાપ કરવા છતાં તેનો સ્વીકાર ન
કરનારને અનંતગણો દોષ, મૂળ દોષનો ગુણાકાર થાય છે.
કૃતઘ્નતારૂપી દોષથી મુક્ત થવા કૃતજ્ઞતા ગુણનું પાલન છે,
તેથી તે ઉપકાર કરનારના પ્રત્યુપકાર રૂપ નહિ, પણ
કૃતઘ્નતાથી પોતાને થતા અપકારના પ્રતિકારરૂપ છે.
મનુષ્યમાત્રનો પ્રથમ ધર્મ કૃતજ્ઞતા છે.
તેનું જો તે પાલન ન કરે તો માતા-પિતાથી માંડી દેવ-ગુરુ
પર્યન્તના સર્વ ઉપકારીઓનો અપલાપ કરનારો થઈ
અનંત વિરાધક બને. મનુષ્યને સૌથી અધિક સાધન
મળ્યાં છે, તેથી તેના ઉપર ઘણા ઉપકારીઓનો ઉપકાર છે,

ॐ नमः

તેથી તેણે સૌથી વધુ નમ્ર, કૃતજ્ઞ અને પરહિતાર્થકારી થવું જોઈએ. અન્યથા તેની શુદ્ધિ ન થાય એટલું જ નહિ પણ બાકી બધી જીવ સૃષ્ટિ કરતાં અધિક દુર્ગતિ થાય. મનુષ્ય ૭મી નરકનો અને નિગોદનો અધિકારી કહ્યો છે, તે આ દૃષ્ટિએ સુઘટિત છે.

કૃતજ્ઞતાગુણને ન વિકસાવનાર મનુષ્ય
મોટી દુર્ગતિનો અધિકારી થાય છે,
તેથી શાસ્ત્રકારોએ મનુષ્યમાત્રમાં આવશ્યક
એવા સર્વ સામાન્ય ધર્મોમાં
કૃતજ્ઞતા ગુણની પ્રથમ ગણના કરી છે.

તે ધર્મને જીવન પર્યન્ત મનુષ્યે છોડવો જોઈએ નહિ.

o तथा धर्मे धन-बुद्धिरिति ।

धर्मे श्रुत-चारित्रात्मके सकलाभिलषिता-विकल-सिद्धि-मूले 'धन-बुद्धिः' मतिमतां धर्म एव धनमिति परिणामरूपा निरंतरं निवेशनीयेति ।

(परिशिष्ट-११)

o अल्पेच्छात् सुघृतादन्नादच्छिद्रात्सितवाससः ।
अपर-प्रेष्यभावाच्च शोभमिच्छन् पतत्यधः ॥
- धर्मबिन्दु अ०३ सू-१२५-२६ (परिशिष्ट-१२)

0 સાધુ અપેક્ષાએ દ્રવ્યસ્તવ = રજતની સાંકળ
(અંજન, પ્રદક્ષિણાદિ ઉપચાર વિનય)
ગૃહસ્થ અપેક્ષાએ દ્રવ્યસ્તવ = રજતનો હાર.
0 સાધુ અપેક્ષાએ ભાવસ્તવ = સોનાનો હાર
ગૃહસ્થનો ભાવસ્તવ = સોનાની સાંકળ (સામાયિકાદિ).
0 મિથ્યાદૃષ્ટિનો ધર્મવ્યાપાર = લોઢાનો હાર, તાંબાની સાંકળ.
મિથ્યાદૃષ્ટિનો પાપવ્યાપાર = માટીનો હાર, કાષ્ઠની સાંકળ.
0 स्खलित-प्रतिपत्तिरिति ।
स्खलितकाले दोषाद अनन्तगुणात्येन दारुण परिणामत्वात्तदप्रतिपत्तेः । -स्तु-२१ अ०५ (परिशिष्ट-१३)
વારંવાર ઉત્પન્ન થતી સ્ખલનાને આલોચના નિંદા-ગર્હા વડે દૂર કરવા પણ ફરીવાર તેના તે સ્ખલનોને કરવા નહિ.
સ્ખલનાઓનું નિગૂહન ન કરવું, નિહ્નવ પણ ન કરવો.
સ્ખલનાને સદા પવિત્રપણે પ્રકટ કરવી અને ફરી તેનાથી અસંસક્ત રહેવા માટે જિતેન્દ્રિય થવું.
0 દેવ-ગુરુ-ધર્મનો અનાદર અનન્તાનુબંધી કષાય છે.
જેનાથી જીવને ઐશ્વર્ય મળ્યું તેને જો ભૂલી જવામાં આવે, તો જીવની યોગ્યતા વિકાસ પામતી નથી.
ઉપકારીઓને ભૂલી જનાર તીવ્ર કષાયને આધીન છે.

માણસ કુદરતનું કરજ લઈને જન્મે છે.
એ કરજ અદા કરવામાં ન આવે તો માનવજીવન વ્યર્થ છે.
ઉપકારીઓને ન ભૂલવા એટલું જ નહિ,
પણ શોધવા માટે ફાંફાં ય મારવા જોઈએ.

o પ્રેમમાં સૌ પરાજય ઈચ્છે છે.
રાગમાં બીજાને પરાજય કરવા ઈચ્છનારો પણ
પ્રેમમાં બીજાથી પરાજિત થવા ઈચ્છે છે.
માતા પાસે રાગ નહિ - પ્રેમ છે, તેથી તેને જીતી ન શકાય.

માતાનું ગૌરવ

પિતા કરતાં હજાર ગુણું, આચાર્ય કરતાં લાખ ગુણું
અને ઉપાધ્યાય કરતાં ૧૦ લાખ ગુણું વધી જાય છે.
તે બતાવે છે કે પ્રેમનો ૧ અંશ
રાગના ૧૦ લાખ અંશને ય ટપી જાય છે.

તીર્થંકર પરમાત્માનું પૂજ્યતમત્વ
તેમના રાગના કારણે નહિ,
પણ તેમના પ્રેમના કારણે છે.
રાગ અથવા શક્તિના વિષયમાં તેમની બરાબરી કરી
શકે તેવા તો ઘણા છે, પરન્તુ પ્રેમના વિષયમાં તેમની
બરાબરી તેમના શિવાય બીજા કોઈથી થઈ શકે નહિ.

જેમ સૂર્યની બરાબરી સૂર્ય જ, ચંદ્રની ચંદ્ર જ, મેરૂની મેરૂ જ,
સમુદ્રની સમુદ્ર જ અને રામની બરાબરી રામ જ થાય,
તેમ માતાના પ્રેમની બરાબરી માતા જ કરે અને
તીર્થંકરોના પ્રેમની બરાબરી તીર્થંકરો જ કરી શકે,
નહિ કે સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય કે સાધુ જ.

શક્તિ સર્જક પણ છે, વિધ્વંસક પણ છે.
રાગ પ્રકાશક છે, સર્જક નહિ. પ્રેમ કેવળ સર્જક છે.
તેમાં બદલો લેવાની નહીં, કેવળ આપવાની જ ઈચ્છા છે,
તેથી બધા ગુણોમાં તે શ્રેષ્ઠ અને સત્વગુણથી ભરપુર છે.

પ્રેમમાં માધુર્યનો સાગર છે, પાવિત્ર્યનો પર્વત છે,
કુસુમની કોમળતા, ગંગાની નિર્મળતા, ચંદ્રની રમણીયતા,
સાગરની શાંતતા અને પૃથ્વીની ક્ષમતા છે.

તીર્થંકરો પ્રેમના ભંડાર, માધુર્યના સાગર છે.
તેઓ ચંદ્રની જેમ નિર્મળ છે, મેરૂની જેમ ધીર છે,
પૃથ્વીની જેમ સ્થિર છે, સાગરની જેમ ગંભીર છે,
કુસુમની જેમ કોમળ છે અને વજ્રની જેમ કઠોર છે.
પ્રેમનો એ સહજ સ્વભાવ છે.

તીર્થંકરોને રાગની દૃષ્ટિએ જોવાથી ભક્તિ નહિ જાગે.
શક્તિ કે વિભૂતિની નજરે જોવાથી પણ ભક્તિ નહિ જાગે.

માત્ર પ્રેમની દૃષ્ટિએ જોવાથી ભક્તિના સાગર ઉછળશે.

તીર્થંકરોનો પ્રેમ સર્વથી અધિક છે,

માટે તેમના ઉપર ભક્તિ પણ સૌથી વધુ પ્રગટવી જોઈએ.

પિતા પ્રત્યે પૂજ્યભાવ છે,

માતા પ્રત્યે ભક્તિભાવ છે.

પિતા રાજ આપે છે, માતા પ્રેમ આપે છે.

રાજથી બાહ્ય કાર્ય થાય છે.

પ્રેમથી આંતરિક કાર્ય થાય છે.

તીર્થંકરોમાં રાજ, શક્તિ, ચારિત્ર અને તપ બધું હોવા ઉપરાંત સર્વ જગ-જંતુ ઉપર સમાન અસ્ખલિત પ્રેમ છે.

પ્રેમના ભારથી તેમની દોષ દૃષ્ટિ ગળી ગઈ છે.

કર્મકૃત દોષ ઉપર નજર ન નાખતા

જીવમાત્રમાં રહેલા શિવતત્ત્વ તરફ

તેમની અંતરંગની નજર છે અને તેથી જ તેઓ

જગતની માતા અને જગતના ગુરુ બને છે.

ગુરુ એટલે મોટા ગૌરવવાન અને

ગૌરવ તો બધા કરતાં માતામાં જ વધે છે એ સિદ્ધ છે.

૦ તીર્થંકર પરમાત્મા જો સર્વજીવો પ્રત્યે પ્રેમ આપે,

તો સર્વ જીવોએ બદલામાં તેમને શું આપવું જોઈએ?

માતા પ્રેમ આપે છે,
તો તે માતા પ્રત્યે ભક્તિ કોને નહિ જાગતી?
એક ક્રોડ માતાનો પ્રેમ એકઠો કરીએ,
તો પણ તીર્થંકરના પ્રેમને ન પહોંચે,
કેમકે તેમનો પ્રેમ અનંતાનંત જીવો પ્રત્યે છે.

એટલું જ નહિ પણ એમનો પ્રેમ એકેક જીવના એકેક માતાના પૂર્ણ પ્રેમ કરતાં અનંત-અનંતગુણો અધિક છે.

૦ સમાનની સાથે સમાન મળે તો મૂળ સ્વભાવની વૃદ્ધિ થાય.
સમાનની સાથે અસમાન મળે તો મૂળ સ્વભાવનો હ્રાસ થાય.

દૂધ અને દૂધ મળે તો દૂધની વૃદ્ધિ થાય.

દૂધ અને પાણી મળે તો દૂધની કે પાણીની વૃદ્ધિ ન થાય પણ બંનેનો હ્રાસ થાય. એટલા દૂધત્વના જે અંશો હતા, તે પાણીવાળા દૂધમાં ન રહ્યા. એટલા પાણીમાં પાણીના જે અંશો હતા, તે દૂધવાળા પાણીમાં ન રહ્યા. વિજાતીયના મિશ્રણમાં સ્વભાવનો હ્રાસ-સજાતીયના મિશ્રણમાં સ્વભાવની વૃદ્ધિ.

જીવની સાથે જીવ મળે તો પ્રેમ-સુખ-આનંદ વધે.
જીવની સાથે જીવ મળે તો ક્લેશ શોક અને દુઃખ ઘટે.
જીવ સાથે જીવ ન મળે તો પ્રેમ-સુખ-આનંદ ઘટે.
જડ સાથે જીવ મળે તો ક્લેશ-દુઃખ-શોક વધે.

એક જીવની સાથે જીવનું મિલન પણ

સુખ, શાંતિ અને આનંદનું કારણ બને,

તો સર્વ જીવોની સાથે તથા તેઓની સાથે એકાત્મનો જીવ

મળેલો છે, તેવા તીર્થંકરો, ગણધરો અને પરમર્ષિ

ભગવંતોના જીવની સાથે જીવ મળે તો

કેટલો આનંદ થાય, કેટલું સુખ થાય, કેટલી શાંતિ થાય?

સુખ અને શાંતિ મેળવવાના બીજા બધા ઉપાય વૃથા છે.

ખરો ઉપાય જીવની સાથે જીવને મેળવવાનો છે,

સર્વ જીવોના જીવત્વના હિતની ચિંતાને

જ એક પરમ કર્તવ્ય તરીકે કેળવવાનું અને મેળવવાનું છે.

એ જ એક સત્ય પુરુષાર્થ છે.

લોભનું દાન ઘણા કરે છે.

અન્ન, વસ્ત્ર અને ધનના દાતારો પણ મળે છે, પણ

પ્રેમનું દાન કરનારાનો સદા દુકાળ છે.

પ્રેમ બધા લેવા ચાહે છે, પરંતુ આપવા માટે કોઈ નહિ.

લોભ બધા દેવા ચાહે છે, લેવા કોઈ નહિ.

તેથી જ જગતમાં લોભની ત્રુટિ નથી, પણ પ્રેમની ત્રુટિ છે.

ધનની, અન્નની કે વસ્ત્રની તેવી તંગી નથી, જેવી પ્રેમની છે.

પ્રેમના ભિખારી ઘણા છે, દાતાર કોઈક જ છે.

પોતાની પાસે પ્રેમ અખૂટ હોવા છતાં ય
તેને આપવાની વૃત્તિ કોઈ ધરાવતું નથી.
ગમે તેટલો આપે તો ય ખૂટે તેમ નથી,
તેટલો પ્રેમ દરેક પાસે ભરેલો હોવા છતાં
કોઈ તેને આપવા ઈચ્છતું નથી, લેવા ઈચ્છે છે.
તેથી જ જગતમાં દુઃખ છે, અશાંતિ છે,
ક્લેશ છે, કંકાસ છે, ઈર્ષ્યા છે, અસૂયા છે.
તેના નિવારણનો ઉપાય પ્રેમનું દાન છે.
તે દાન તીર્થંકરોએ કર્યું છે,
માટે જ દુનિયાનું દુઃખ થોડું ઓછું થયું છે.
બીજાને પ્રેમનું દાન કરવાનો ઉપદેશ પણ આપ્યો છે,
તેથી જ થોડી પણ શાંતિ અનુભવાય છે.
કેવળ ક્રોધાદિના અભાવથી શાંતરસ સુલભ નથી, પણ
સ્નેહાદિના દાનથી જ શાંતરસ પ્રગટ છે, તેથી જ તીર્થંકરો
કેવળ શાંતરસના નહિ પણ વાત્સલ્યરસના ભંડાર છે.
શાંતરસ તૃષ્ણાક્ષયથી ઉત્પન્ન થાય છે,
જે વૈરાગ્યના, સંસારની નિઃસારતાના અને
મોક્ષની સારભૂતતાના વિચારથી આવે છે.
તીર્થંકરોની ભક્તિ વાત્સલ્યરસની પોષક હોવાથી
સર્વ જીવો પ્રત્યેના સ્નેહભાવને વિકસાવનારી થાય છે.

એ સ્નેહથી તૃષ્ણાક્ષય શીઘ્ર સધાય છે.

માતા-પિતા, આચાર્ય, જ્ઞાતિજન, વૃદ્ધ પુરુષો,
ધર્મોપદેશકો બધા પૂજ્ય છે, કારણકે પ્રેમથી ભરેલા છે.
મનુ કહે છે: વૃદ્ધ માતા-પિતા, સતી-સ્ત્રી, બાળા પુત્ર-પુત્રી
સેંકડો અકાર્ય કરીને પણ પોષવા લાયક છે,
તેમાં પ્રેમનું તત્ત્વ જ મુખ્ય છે.

ભક્તિનું લક્ષણ

न त्वहं कामये राज्यं न स्वर्गं नाऽपुनर्भवम् ।
किं त्वहं कामये सर्वप्राणिनामार्तिनाशनम् ॥१॥

(પરિશિષ્ટ-૧૪)

ઈશ્વર વિષયક રાગ તે ભક્તિ નથી - પ્રીતિ તે ભક્તિ છે.
ભક્તિનું બીજું નામ રસ અથવા અનુરાગ છે.
ભક્તિ એ રાગ છે પણ ઉત્તમના સંગ સમો આદરણીય છે.
સંગ ત્યાજ્ય છે પણ સજ્જનોનો સંગ અસંગી બનાવે છે.
ક્રિયામાં કર્મ છે, ભક્તિમાં નથી. ભક્તિ ક્રિયા નથી, અર્પણ છે!
ભક્તિમાં ભાવનો વિશિષ્ટ લય છે.
ભક્તિની પરિશુદ્ધિ પ્રેમના ચિહ્નોથી જાણવી.
શ્રદ્ધા સાધનરૂપા છે, ભક્તિ અસાધનરૂપા છે.
તે શ્રદ્ધાથી કાંઈક વિશેષ છે, કેમકે તેનો વિષય વ્યક્તિ છે.
વ્યક્તિ ચેતન સંગત હોવાથી ફળવાન છે.

## પ્રેમના ચિહ્નો

સન્માન, બહુમાન, પ્રીતિ, વિરહની પીડા,
ઇતરાનપેક્ષા, અવિચિકિત્સા, માહાત્મ્ય કથન, ગુણ વર્ણન,
પ્રાણાર્પણ, તદીયતા, અપ્રાતિકૂલ્ય, આનુકૂલ્ય આદિ.
દ્વેષાદિકમાં તે ચિહ્નો અસંભવિત છે.
ભક્તિને પાત્ર ઈશ્વરવિષયક સર્વ વિભૂતિ અને
કર, પાદ, મુખ, હૃદય આદિ
સઘળા આકારો ખાંડની પુતળીની જેમ આનંદમય છે.
ગૌણી ભક્તિ એ પરાભક્તિમાં હેતુ છે.
પરાભક્તિ એ કેવળ અનુરાગરૂપ છે.
ભજન, કીર્તન, સેવન, નમસ્કાર વગેરે
ગૌણી ભક્તિનું ફળ પરાભક્તિ છે.
ગૌણી ભક્તિથી મનની શુદ્ધિ થાય છે,
તેથી તેને પણ પવિત્ર કહી છે.
અંગ-પ્રત્યંગોની બહાર ઘરનાં અંગોની જેમ યથાકાળ સંભવે.
જેનું દર્શન નેત્રને પસંદ પડે, તેને જે ભાવથી જોઈએ,
તે ભાવથી પરમાત્મતત્ત્વનું ચિન્તન કરવું એ 'ધ્યાન' છે.
સ્નાન, અર્ચન આદિ પણ પરાભક્તિનું કારણ છે,
પુણ્યરૂપ છે, તેથી શ્રેયસ્કર છે.
થોડો પણ ભક્તાધિકાર મોટા પાપોનો નાશક છે.

## જ્ઞાન અને ક્રિયામાં કર્મ છે.

**ભક્તિ સઘળાં કર્મોનું ઉલ્લંઘન કરીને મુક્તિને અપાવે છે.**

ઔપાધિક સંજોગોના મટવાથી નાનાત્વનું અસ્તિત્વ થઈ જાય છે.
અનન્ય ભક્તિ વડે ભૃંગ-કીટન્યાયે તદ્બુદ્ધિ થઈ જાય છે.
અંતે તે બુદ્ધિનો પણ લય થઈ
વાસનાઓનો ક્ષય અને પરમાનંદની પ્રાપ્તિ થાય છે.
સંસારનું કારણ કેવળ અજ્ઞાન નહિ પણ આસક્તિ પણ છે.

## ઈશ્વરને જાણવાના ૩ નેત્રો

શબ્દ - આગમ, લિંગ - અનુમાન, પ્રત્યક્ષ - વિશ્વદર્શન.
સઘળું ઈશ્વરસ્વરૂપ છે. ભજનીય ભગવાનથી જુદું નથી.
માયા પણ ભગવાનની શક્તિનું જ નામ છે.
આત્મજ્ઞાનના અધિકારી થવાને માટે આના-પાઈ સાથે
કર્મ ઋણ ચૂકવવા તૈયાર રહેવું જોઈએ.

## 'કર્મ ઋણ' એટલે ?

કર્મજનિત જે જે ભાવો પ્રાપ્ત થયા છે અને થાય છે,
તે બધાની સાથે ઠીક, ઔચિત્યપૂર્વક, ન્યાયપૂર્વક,
જવાબદારીના ભાનપૂર્વક યથાસ્થિત વર્તન. એવો જીવ
જ કર્મના ભારથી મુક્ત અને હલકો થઈ આત્મજ્ઞાનનો
અધિકારી બને છે, જ્ઞાનનો અનુભવ કરી શકે છે.

ॐ नमः

અષાઢ સુદ-૧૪

સૌથી વધુ બળવાન વસ્તુ જીવનો ઈરાદો, હેતુ, ભાવના છે.
તે જેટલો ઉચ્ચ, ઉદાર, વિશાળ, તેટલો જીવ ઉંચે આવી શકે.

૦ કર્મના કરજમાંથી મુક્ત થવાનો પ્રયત્ન તે જ 'ધર્મ'.
પૂર્વકૃત કર્મ જે માંગે તે આપીને છુટા થાઓ.
ના ન પાડો. ના પાડવાથી ઋણ છુટતું નથી પણ વધે છે,
કરજ આપો અને હસીને આપો.

વૈરાગ્ય = અનાત્મવસ્તુ વિષયક = દ્વેષકૃત.
અભ્યાસ = આત્મવસ્તુ વિષયક = અનુભૂત.

સંસારસાગરે પંચવિષયો તરફ વહેતી ચિત્તરૂપી નદીના
પ્રવાહને વાળી મોક્ષસાગર પંચ પરમેષ્ઠિ તરફ લઈ જવો,
તે અનુક્રમે વૈરાગ્ય અને અભ્યાસ છે.

અનાત્મવૃત્તિને રોકવી, આત્મવૃત્તિ પેદા કરવી.
પાપ આત્મવૃત્તિ = કર્મબંધન. મંગળ આત્મવૃત્તિ = ધર્મ-પુણ્ય.

०

*Blessed is he who has no wrongs to remember, no injuries to forget, in whose pure heart, no hateful thoughts about another can take roots and flourish.*

અષાઢ વદ - ૧

## કાર્ય સિદ્ધિ

(૧) જાણવાનું જાણી લીધું (૨) છોડવાનું છોડી દીધું
(૩) જ્ઞાન પ્રાપ્ત થવું (૪) વિવેક જ્યોતિ પ્રાપ્ત થઈ.

## ચિત્ત સિદ્ધિ

(૧) બુદ્ધિના ગુણદોષ રહિત થવું.
(૨) મોહ અને અજ્ઞાનનો અભાવ થવો, ગુણાતીત થવું.
(૩) સ્વસ્વરૂપમાં લીનતા થવી, કૈવલ્યની પ્રાપ્તિ થવી.

૦ મૂઢજીવ ગધેડાની ઉપમાવાળો છે.
અમૂઢજીવ ઘોડાની ઉપમાવાળો છે.
એકને કહેવું જોઈએ, બીજાને ચાબુક જોઈએ.
મન વાંદરું છે, શરીર ગધેડું છે.
મનને કાબુમાં લેવા જ્ઞાનરૂપી ચાબુક જોઈએ.
શરીરને કાબુમાં લેવા તપ અને ક્રિયારૂપી ઘોડી જોઈએ.
ઘોડી જરાક ચાબુક લગાડવાથી દોડે છે.
ગધેડો માર મારવા છતાં ચાલીને પાછો ઊભો રહી જાય છે.

વૈરાગી - સંસારના દરેક પદાર્થમાં દુઃખ જુએ છે
અને એક આત્મામાં જ સુખ જુએ છે.
રાગી - સંસારના દરેક પદાર્થમાં સુખ જુએ છે,
સુખની ઇચ્છા કરે અને મળે તો ભોગવે છે.

ॐ नमः

o સંસારના પદાર્થોમાં અને અનાત્મભાવોમાં દુ:ખ જોવું
તથા આત્મભાવોમાં સુખ જોવું એ સમ્યગ્દર્શન છે.
દ્રષ્ટિકોણ બદલાવવાની જરૂર છે.
સત્ત્વગુણ - પ્રકાશ, રજોગુણ - ક્રિયા, તમોગુણ - સ્થિતિ.
દ્રષ્ટા - ચેતન આત્મા, દૃશ્ય - જડબુદ્ધિ.
તે બંને જુદા છે એવો વિવેક થવો,
તે વિવેકખ્યાતિ અને સમ્યગ્દર્શન છે.
વાસ્તવ કે દુ:ખ કેવળ બુદ્ધિમાં છે, આત્મામાં નહિ.
આત્મા સુખ - દુ:ખ ઉભયથી પર છે.

o સારા - નરસા પદાર્થોનો સંયોગ અને પછી વિયોગ
થવાથી તે જે રાગ - દ્વેષના સંસ્કાર પડી જાય છે,
તે પાછા સુખ - દુ:ખનું કારણ બને છે.

o વિપાક અવશ્ય ભોગવવો પડે છે.
આશયને બદલી શકાય છે.

o

In the dark time of sorrow,
men approch very near to truth.
The end of sorrow is joy and peace.
The effect will always be of the
same nature as the cause.

યોગના અંગ

યમ-નિયમ યોગનાં બીજ છે, આસન-પ્રાણાયામ એ
અંકુર છે, પ્રત્યાહાર ફૂલ છે, ધારણાદિ ૩ અંગો ૩ ફળ છે.
ક્રિયાયોગ ક્લેશોનો નાશ કરી સમાધિનું સુખ મેળવવા છે.

ક્લેશો ત્યાગ કરવા લાયક છે.
જ્ઞાન વિના ક્લેશો જતાં નથી.
શાસ્ત્ર વિના જ્ઞાન થતું નથી.
શાસ્ત્રમાં ૪ વાત મુખ્ય:
હેય - દુઃખ, હેય હેતુ - અજ્ઞાન,
હાન - નિવૃત્તિ, હાનોપાય - વિવેકખ્યાતિ.
દૃષ્ટા દૃશ્યને સ્વરૂપથી સમજી લે છે,
ત્યારે ચિત્તના દોષો નાશ થઈ જાય છે અને
વિવેકખ્યાતિ પ્રાપ્ત થાય છે.

જેના ચરણકમળનું ધ્યાન કરવાથી સર્વ કાર્ય સિદ્ધ થાય,
તે પંચ પરમેષ્ઠિનું સ્મરણ કરું છું.

આસન સિદ્ધિ થવાથી ટાઢ, તાપ, ભૂખ, તૃષા બાધાકારક
થતાં નથી. મન-પ્રાણનો ઘનિષ્ઠ સંબંધ છે. પ્રાણને અંદર
જળના ઘડાની જેમ રાખવામાં આવે તેને 'કુંભક' કહે છે.
બહાર-અંદર સ્વતઃ પ્રાણ સ્થંભિત થવો તે ચોથો પ્રાણાયામ.

પ્રાણાયામાદિ ચિત્તનો મેલ નાશ પામે છે.
પ્રકાશનું આવરણ દૂર થઈ સત્ત્વગુણની વૃદ્ધિ થાય છે.
મન ધારણાને યોગ્ય બને છે.
પ્રત્યાહાર એટલે: ઇંદ્રિયોને મનની અંદર સમાવી લઈ,
અંતર્મુખ કરી મનમાં લીન કરવી તે.
ચિત્તસ્વરૂપ = ઇંદ્રિયોનું સ્વરૂપ. તે અલગ નહિ રહેવું.
ઇંદ્રિયો મનને આધીન થાય ત્યારે બહિરંગ સાધન પૂર્ણ થાય.
ધ્યાન – એક જ પદાર્થમાં મનનું રહેવું તે.
એકાકાર વૃત્તિ – શૂન્યાકાર વૃત્તિ.
ધારણા – કોઈપણ જગ્યાને બાંધી દેવી તે.
યમ-નિયમાદિ વડે ચિત્તને શુદ્ધ કરી
અંતઃકરણ સ્વચ્છ કર્યા પછી ધારણાની પ્રાપ્તિ થાય છે.
ધ્યાન-ધારણા માટે એકાંત, શાંત, સ્વચ્છ પ્રદેશ જોઈએ.
સમાધિ – એકાકાર, શૂન્યાકાર વૃત્તિ થતાં પોતાનું ભાન ભૂલી
જવું, કેવળ લક્ષ્યની જ પ્રતીતિ રહેવી તે સમાધિ છે.
સંયમનું ફળ, બુદ્ધિમાં પ્રકાશ, વિવેકજ્યોતિનો ઉદ્ભવ
સ્થૂળસંયમ, સૂક્ષ્મસંયમ, આત્મસંયમ.
સબીજ સમાધિ એ નિર્બીજનું બહિરંગ સાધન છે.
નિર્બીજ સમાધિ એટલે કોઈપણ પદાર્થનું અવલંબન નહિ.

ॐ नमः

નિરોધ

વિક્ષેપ અવસ્થાના સંસ્કાર દબાય અને
નિરોધના સંસ્કાર સ્ફુરે તે.

સમાધિ

વિક્ષેપના સંસ્કાર ક્ષય થઈ જાય અને
એકાગ્રતાનો ઉદય થાય તે 'સમાધિ' છે.
વિક્ષેપ-અસ્થિરતા. એકાગ્રતા - એક જ આલંબનમાં સ્થિરતા.
નિરોધ પરિણામ એટલે દબાવું.
સમાધિ પરિણામ એટલે ક્ષય થવું.
નિરોધમાં - વિક્ષેપનું દબાવું.
સમાધિમાં - વિક્ષેપનો ક્ષય થવો.
એકાગ્રતામાં - એકરસ પરિણામ થવો.
સમાનરૂપથી એક જ દેશમાં
વૃત્તિનું શાંત થવું તથા ઉદ્ભવ પામવું.
ચિત્તની વૃત્તિ
એક જ પદાર્થમાં ઉદ્ભવ થાય છે
અને તે જ પદાર્થમાં શાંત થાય છે.
ચિત્તના પરિણામ કહ્યાં.
હવે પદાર્થના પરિણામ કહે છે.

## ધર્મ પરિણામ

ધર્મ પરિણામ, લક્ષણ પરિણામ, અવસ્થા પરિણામ.
માટી ધર્મી છે. મૃત્પિંડમાંથી ઘડાનું પરિણામ થવું તે ધર્મ પરિણામ.
અનાગત માર્ગને ત્યાગ કરી વર્તમાનમાં આવ્યો અને
વર્તમાનમાંથી અતીત માર્ગમાં આવ્યો તે લક્ષણ પરિણામ.
વર્તમાનમાં ક્ષણ-ક્ષણ ઘડાનું રૂપાંતર થવું તે અવસ્થા પરિણામ.
ધર્મી તેનો તે રહે છે અને ધર્મમાં ફેરફાર થાય છે. ધર્મ
3 પ્રકારે : ઉદિત - ઉત્પાદ, શાંત - વ્યય, અવ્યપદેશ્ય - ધ્રૌવ્ય.
ભિન્ન પ્રકારનો ક્રમ થવાથી ભિન્ન પ્રકારનો પરિણામ થાય.

દૂધમાંથી દહીં, દહીંમાંથી ઘી એ ક્રમિક પરિણામ છે.

ધર્મી ધર્મથી ભિન્ન પણ છે, અભિન્ન પણ છે.

## અશોકનો સંદેશ

આધ્યાત્મિક બળની વૃદ્ધિ અનેક આકારોમાં વ્યક્ત થાય છે, પણ તેનું મૂળ વાણીનો એવી રીતે સંયમ કરવામાં રહેલું છે કે વિના બીજા ધર્મને ઉતારી પાડવાની રીતે આપણા ધર્મની પ્રશંસા કરતાં કે આપણા ધર્મને ઉંચે ચઢાવતા આપણે અટકીએ અથવા તો પ્રસ્તુતતા કે પ્રસંગ વિરુદ્ધ બીજા ધર્મો વિષે તુચ્છકારથી બોલવાની ભૂલ આપણે કદી ન કરીએ. યોગ્ય પ્રસંગ ઉપસ્થિત થયે, અન્ય ધર્મોની વિશિષ્ટ

વ્યક્તિઓનું પણ યોગ્ય રીતે સન્માન કરવું જ જોઈએ.
આમ વર્તીને એક ધર્મનો અનુયાયી પોતાના ધર્મનો ઉત્કર્ષ
જ કરે છે અને સાથે બીજા ધર્મના લોકોને મદદ કરે છે.

એથી વિપરીત રીતે વર્તીને કોઈપણ એક
ધર્મનો અનુયાયી તેના પોતાના ધર્મને હાનિ પહોંચાડે છે
અને સાથે સાથે બીજાના ધર્મોની કુસેવા કરે છે.
જે પોતાના ધર્મનું બહુમાન કરે છે અને અન્યને તેના
પોતાના ધર્મની અત્યાધિક બહુમાન કરવાનો અને અન્ય
ધર્મોથી પોતાનો ધર્મ ચઢિયાતો છે એવું ઠસાવવાનો પ્રયત્ન
કરે છે, તે ચોક્કસપણે પોતાના ધર્મને જ હાનિ પહોંચાડે છે.

o બધા આચારો છેવટે ભાવસાર છે, એટલે બધા જ
વિધિનિષેધોનો સાર ચિત્તશુદ્ધિરૂપ ભાવ ઉપજાવવો તે છે.
એ ભાવ ન ઉપજે તો વિધિનિષેધો નિષ્પ્રાણ છે,
રાગ-દ્વેષ-મોહને ન પોષે તે પરિશુદ્ધ શાસ્ત્રાજ્ઞા કર્તવ્ય,
તેને અનુસરીને જ કર્તવ્યનો ઉપદેશ કરવો જોઈએ.

o વચનની પરીક્ષા પુરુષથી છે. પુરુષની પરીક્ષા વચનથી છે.
પુરુષ રાગ-દ્વેષ-મોહરહિત હોય તો તેનું વચન સત્ય છે.
વચન જો રાગ-દ્વેષ-મોહને પોષનાર ન હોય,
તો તેને કહેનાર પુરુષ સત્ય છે.

o શબ્દો એ વિચારોનું વાહન છે.

જ્યારે આત્મા કર્મદ્રવ્ય કે તેનાથી ઉત્પન્ન થતાં કાર્યોથી આવૃત્ત થઈ સ્વરૂપાનુભવ વિનાનો બની જાય છે. જ્યારે મુક્ત આત્મા માત્ર સ્વરૂપાનુભવ કરતો હોઈ, કર્મદ્રવ્ય કે તેના કાર્યોની અસરથી અલિપ્ત રહે છે.

o લક્ષ્યની સિદ્ધિ અર્થે સુવિચારીત અને સુનિશ્ચિત એવા વિવિધ ઉપાયોને યથાશક્તિ જીવનમાં ઉતારવાનો પ્રયત્ન તે આચાર યા ક્રિયા. આવા પ્રયત્ન જ્યારે મનોભાવ વિના દેખાદેખી અથવા રૂઢિવશ થાય છે, ત્યારે તે કાયિક ક્રિયા અથવા શારીરિક સ્થૂલ દ્રવ્ય આચાર બની રહે છે.

સમજણ, વિવેક અને બહુમાનગર્ભિત
માનસિક ક્રિયા યા ભાવના જ
સૂક્ષ્મ ભાવ આચાર છે.

o કાયિક કે વાચિક તપ કે જપ જેવા
બાહ્ય આચારોનું અવલંબન સાધક કરે છે,
ત્યારે તેના બાહ્ય અને શરીર આચારોમાં રોકાયેલાં હોવાથી
વિકારોને શરીર કે વચન દ્વારા
આવિર્ભાવ પામવાનો અવકાશ ઓછો રહે છે.
એ રીતે દોષો શમે ખરાં પણ નિર્મૂળ ન થાય.

નિમિત્ત કે છિદ્ર મળતાં તે દોષો ઉગી આવે,
પણ ભાવનાપૂર્વક પ્રવૃત્તિ હોય તો
ક્લેશનાં જાળાં મૂળમાંથી જ નાશ પામે.
ભાવનામાં સમજણ, વિવેક અને બહુમાનનું તત્ત્વ હોય છે.
તેનો ઉદય શુદ્ધ ચેતનામાંથી થાય છે,
તેથી એ જ ચેતનાને આવરતાં દોષો
વિરોધી સદ્ગુણોના પ્રભાવે મૂળમાંથી જાય છે.
દેડકાનાં ચૂર્ણ અને ભસ્મમાં,
માટી અને સુવર્ણના ઘટમાં,
સૂર્ય અને ખજવાનાં તેજમાં
જેટલો તફાવત છે, તેટલો દ્રવ્ય અને ભાવ વચ્ચે છે.
o ક્ષપકશ્રેણિગત ચિત્ત વાસીચંદન કલ્પ છે
તેને બૌદ્ધો 'આશયરત્ન' કહે છે.
o આરાધકયોગમાં વૈદ્યનું દૃષ્ટાંત છે.
રોગીને ઔષધ નહિ, વૈદ્યની આજ્ઞા જ પ્રમાણ છે.

આરાધકયોગ

આધ્યાત્મિક જીવન જેમણે અનુભવ્યું હોય,
તેવા પુરુષોએ જીવનની શુદ્ધિને લક્ષમાં રાખી
સૂચવેલા વિધિનિષેધ પ્રમાણે વિવેકપૂર્વક વર્તવું.

સારી લેશ્યાની સાથે આજ્ઞાયોગ
ભળે તો જ તે ભવનિસ્તારનું કારણ બને.

ઉત્તમ લેશ્યા = શુભભાવ, આજ્ઞાયોગ = વિવેકપૂર્વકનું વર્તન.

દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવ, પુરુષ, પડિસેવા વગેરેના વિચારપૂર્વક સ્વભૂમિકાને ઉચિત વર્તન અથવા પ્રત્યેક વર્તનની પાછળ તેના આદ્ય પ્રકાશક તીર્થંકર દેવનું સ્મરણ.

(૧) ઇચ્છાયોગ : જ્ઞાની પણ પ્રમાદીની વિકલ ક્રિયા તે.

(૨) શાસ્ત્રયોગ અથવા આજ્ઞાયોગ : જ્ઞાની, શ્રદ્ધાવાનની આદરપૂર્વક અપ્રમત્તપણે કરવામાં આવતી અવિકલ ક્રિયા તે.

(૩) સામર્થ્યયોગ : જેનું સામાન્ય કથન શાસ્ત્રમાં હોય, પણ જેનો વિશેષ વિચાર શાસ્ત્રથી ઉપર હોય તેવું ધર્મવર્તન તે સામર્થ્ય અર્થાત્ યોગશાસ્ત્ર કે બાહ્ય આલંબનના ટેકા વિના જ આંતરિક શુદ્ધિના બળથી જ સહજ શુદ્ધ ધર્મ વર્તન તે.

આજ્ઞાયોગ ઉપર સુવૈદ્યનું દૃષ્ટાંત

રોગીને નિરોગી થવા માટે ઔષધ નહિ પણ સુવૈદ્યની આજ્ઞા જ પ્રમાણ છે. કઈ દવા કેટલા પ્રમાણમાં, કેટલા વખત, કયા અનુપાન સાથે, કયા સમયે, કેવા રીતની પરેજીપૂર્વક, કેટલા દિવસ અને નિરોગી થયા પછી પણ કેમ વર્તવું, એ બધો આજ્ઞાયોગ છે.

0 સદ્ગુરુ એટલે દિવ્યજ્ઞાન.
તે પ્રાર્થનાના બળથી પોતાના આત્મામાં જ પ્રગટે છે.
'ધર્મ એવ હતો હન્તિ ધર્મો રક્ષતિ રક્ષિતઃ।' (પરિશિષ્ટ-૧૫)
જેટલું વિકૃતિ છે તે પ્રમાદ છે, એ જ સ્વભાવદશાપણું છે.

0 'મૂર્તિ' એટલે પરમેશ્વરની શક્તિનું મૂર્તત્વ.
પરમેશ્વરનું જ્ઞાન અને ધ્યાન કરવા માટે
મૂર્તિ અને મંદિરોની પ્રથમ જરૂર છે.

0 પોતાની મેળે જ પોતા પર લાગુ કરાયેલો સંયમ એ
બંધન નથી. પોતા ઉપર સંયમ રાખશો નહિ તો નષ્ટ-ભ્રષ્ટ થશો.

0 તમારા શત્રુને આપવા લાયક સારામાં સારી
કોઈ વસ્તુ હોય તો તે ક્ષમા છે.

0 અંતર્મુખ થઈ પોતાની જાતને જ
સુક્ષ્મપણે તપાસવા અને એ તપાસતાં જે ક્લેશમળ અને
તેનાં કારણો ધ્યાનમાં આવે તેને નિવારવાની વૃત્તિ કે
વલણ ધરાવવું એનું જ નામ 'આધ્યાત્મિકતા'.

વેદ્ય સંવેદ્ય પદ : જેમાં વેદ્ય વિષયોનું યથાર્થ સ્વરૂપ
જાણી શકાય અને તેથી તેમાં અપ્રવૃત્તિ બુદ્ધિ ઉપજે તે.
અવેદ્ય સંવેદ્ય પદ : જેમાં બાહ્ય વિષયોને યથાર્થ સ્વરૂપે
સંવેદી કે જાણી શકાય નહિ તે.

0 અનુબંધ ઘટતે ઉત્તરોત્તર દૂબળાયા.

0 અચરમાવર્તકાલીન અવસ્થા એ ઓઘદૃષ્ટિ છે.

ચરમાવર્તકાલીન અવસ્થા એ યોગદૃષ્ટિ છે.

યોગબિન્દુ/દ્વાત્રિંશિકા પ્રમાણે યોગના ભેદ

(૧) <u>અધ્યાત્મ</u>: દેવસેવારૂપ અધ્યાત્મનો સમાવેશ સ્થાન-યોગમાં, જપરૂપ અધ્યાત્મનો સમાવેશ વર્ણયોગમાં, તત્ત્વચિંતનરૂપ અધ્યાત્મનો સમાવેશ અર્થયોગમાં થાય.

(૨) <u>ભાવના</u> : આ યોગનો સમાવેશ પણ સ્થાનયોગમાં, વર્ણયોગમાં અને અર્થયોગમાં સમજવો.

(૩) <u>ધ્યાન</u> : આનો સમાવેશ આલંબન યોગમાં અને

(૪-૫) <u>સમતા</u> અને <u>વૃત્તિસંક્ષય</u> એ બે યોગનો સમાવેશ અનાલંબન યોગમાં થાય છે.

અધ્યાત્મ, ભાવના, ધ્યાન તથા

સ્થાન, વર્ણ, અર્થ, આલંબન, અનાલંબનયોગ.

0 ચરમ પુદ્ગલપરાવર્ત - નિવૃત્તાધિકારી પ્રકૃતિ.

અચરમ પુદ્ગલપરાવર્ત - અનિવૃત્તાધિકારી પ્રકૃતિ.

સમ્યગ્દૃષ્ટિ - અંતઃકોટાકોટિ બંધ.

બોધિ સત્ત્વ - કાયપાતી હોય, ચિત્તપાતી નહિ.

પરોપકારી, ગુણરાગી, ઉચિતમાર્ગગામી હોય.

સમ્યગ્દર્શન એટલે બોધિ.

જે જીવમાં બોધિ પ્રધાનપણે છે, તે 'બોધિ સત્ત્વ'.

બંનેનો સંકલ્પ પણ નીચે પ્રમાણે અને સમાન:

'હું ઉત્તમ બોધિથી યુક્ત થઈ મોહાન્ધકારમાં ડૂબેલાં

દુઃખી જીવોને મુક્ત કરવા યથાશક્તિ પ્રયત્ન કરીશ.'

o જે ઐશ્વર્યયુક્ત છે, તે જ ઈશ્વર છે.

પછી તે ભલે નામથી મુક્ત, બુદ્ધ કે અર્હત હો.

એ તો કેવળ શબ્દના ભેદ છે, અર્થના નહિ.

એમાં જે અનાદિ - સાદિ આદિ ભેદો છે, તે નિરર્થક છે,

કારણકે અસર્વદર્શી જીવો મૂળ વસ્તુને જાણતા નથી તથા

અનુમાનનો વિષય સામાન્ય છે, વિશેષ નહિ.

વિશેષસ્વરૂપની બાબતમાં એકબીજાના અનુમાન આભાસ

રૂપ છે. વળી તેમાં માન્યતા ગમે તે હો પણ શુભ ઈરાદે

ભજનારને ક્લેશક્ષય રૂપ ફળ એકસરખું જ મળે છે.

આ જ વાત અવિદ્યા, ક્લેશ, કર્મ આદિને લાગુ પડે છે.

માટે શબ્દભેદને વળગી કુત્સિતાગ્રહ કરવો નહિ.

સામાન્ય સર્વસત્ત્વ તો સૌને માન્ય જ છે.

જે કાંઈ મતભેદ છે, તે એના વિશેષ સ્વરૂપની બાબતમાં

અને વિશેષ તો અતીન્દ્રિય હોઈ છદ્મસ્થને અગોચર છે.

ॐ
नमः

વળી સર્વજ્ઞ તરીકે ગણાતાઓની દેશના
ભિન્ન-ભિન્ન ભાસે છે, તેનાં કારણો નીચે મુજબ છે:
(૧) દેશકાળ ભેદે પણ દેશનાનો ભેદ હોય.
(૨) એક જ દેશના શ્રોતાભેદે ભિન્ન ભિન્ન ભાસે છે.
(૩) શિષ્યની યોગ્યતા પ્રમાણે શિષ્ય કલ્યાણાર્થે જુદી જુદી.
(૪) ઋજુવાદથી અતીન્દ્રિય બાબતોનો નિર્ણય ન થઈ શકે તેથી.
સર્વજ્ઞોનો અભિપ્રાય જાણ્યા સિવાય
તેનો પ્રતિવાદ કરવો યુક્ત નથી.

o દેવપૂજનની બાબતમાં અધ્યાત્મ વાંછુ વ્યક્તિઓએ
બધા જ દેવોનો સમાનભાવે આદર કરવો જોઈએ, પછી
ભલે તે કોઈ એક વિશિષ્ટ દેવમાં વિશેષ શ્રદ્ધા સેવે.
'નિર્વાણ' નામનું તત્ત્વ સદાશિવ, પરબ્રહ્મ, સિદ્ધાત્મા
જેવા જુદાં જુદાં નામોથી ઓળખાવા છતાં તત્ત્વથી
નિરામય, નિરાબાધ, જન્માદિરહિત એવું એક સ્વરૂપ જ છે.
પૂર્વસેવા, તપ, બ્રહ્મચર્ય વિનય, જપ, આત્મસંપ્રેક્ષણ,
ઔચિત્યાલોચન, મૈત્રી આદિ ભાવોને
અધ્યાત્મયોગના પ્રકારો તરીકે સમાવ્યા છે.
યમ, નિયમ તથા અધ્યાત્મશાસ્ત્રોનું ચિન્તન
પ્રાપ્ત કરાવે છે ધૃતિ, સ્મૃતિ તથા નિર્વેદમતિ.

## સમન્વયના 3 પ્રકાર

(૧) કોઈ એક પ્રશ્ન પરત્વે મતભેદ હોય ત્યારે
કયો મત, કયા દૃષ્ટિબિંદુથી પ્રવૃત્ત થયો છે તે જાણવા,
તે પ્રશ્ન સંબંધી બધા દૃષ્ટિબિંદુઓને યથાસ્થાન ગોઠવવા
અને એકેનો તિરસ્કાર ન કરવો.

(૨) ખાસ શબ્દોને વિશાળ અર્થ આપી
પોતાને અભિપ્રેત અર્થમાં ઘટાવવા.
વિચારસરણી ભિન્ન હોવા છતાં
રૂઢ શબ્દો દ્વારા ભેદરેખા દૂર કરવી.

(3) વસ્તુની તાત્ત્વિક એકતા જોઈને ભિન્ન શબ્દોને એક જ
અર્થમાં ઘટાવવા. ઉપરથી દેખાતો ભેદ દૂર કરવો જોઈએ.

ધર્મ - આચારપ્રધાન શબ્દ છે.

દર્શન - તેની પાછળનો જ્ઞાનપ્રધાન શબ્દ છે.

શાસન - દર્શન અને ધર્મ બંને સમાઈ જાય છે.

## દુઃખના કારણો

બહારના કારણો : વ્યક્તિ કે કર્મ, સ્વજનોનો વિયોગ,
ધનનાશ, અપમાન, શરીરનો રોગ, પ્રતિકૂળ વિષયો આદિ.

અંદરના કારણો : અનુકૂળતાની ઇચ્છા, પોતાના દોષ,
(સ્વ) મોહ, (સ્વ) લોભ, (સ્વ) માન, (સ્વ) રાગ આદિ છે.

વસ્તુનું સ્વરૂપ બાહ્યદૃષ્ટિ - અંદરદૃષ્ટિ જુદું હોઈ શકે છે.
બાહ્યદૃષ્ટિ : પોતાની, સુંદર, સુખદાયી, મનોહર, કુશલ, વિશ્વ.
અંદરદૃષ્ટિ : પરાયી, અસુંદર, દુ:ખદાયી, ભયાનક, અકુશલ,
વિશ્વાધાર આદિ રૂપે વસ્તુઓ વિદ્યમાન હોઈ શકે છે.

o મહામોહના બે પુત્ર : રાગ અને દ્વેષ.
રાગકેસરીના બે પુત્ર : માયા અને લોભ.
દ્વેષગજેન્દ્રના બે પુત્ર : ક્રોધ અને માન.
રાગકેસરીના વિષયાભિલાષ મંત્રીની ૫ પુત્રી.
૫ ઇંદ્રિયો, તેનો પ્રપંચ અને તે જ સકલ સંસાર.

<u>તમે માયાળુ છો?</u>

દીર્ઘ જીવન, સુખી જીવન જીવવા માટે સૌથી વધુ શક્તિશાળી સહાયક છે બાળકોના સુખ પ્રત્યેની નિષ્ઠા. એ હૃદયને નવી શક્તિ આપે છે. સાચા હૃદયથી સ્નેહ અને કાળજીનો અનુભવ કરવો એ જીવનની સમૃદ્ધિ છે. જેઓ આપીને ભૂલી જાય છે અને લઈને યાદ રાખે છે, તેઓ જ ખરેખરા નિરભિમાન અને નીતિમાન છે.

o ધર્મની ઉત્પત્તિનું મૂળ કૃતજ્ઞતા ગુણ છે. જે મનુષ્યમાં કૃતજ્ઞતા નથી, તેને ધર્મની શરૂઆત જ થતી નથી. બધા દોષોમાં કૃતઘ્નતા એ મોટો દોષ છે. એ દોષ ન ટળે, ત્યાં સુધી તેને ધર્મનો અધિકાર જ પ્રાપ્ત થઈ શકતો નથી.

મહાપુરુષોમાંથી કૃતઘ્નતા જાય અને કૃતજ્ઞતા આવે છે,
ત્યારે તે નમ્ર બને છે.
અને નમ્રતા તેને બધા ગુણો મેળવી આપે છે.
o જે આંગળા ભેગા થાય ત્યારે પંજો કહેવાય.
જે આંગળી ભેગી થાય ત્યારે મુઠ્ઠી કહેવાય.
જે જ્ઞાન ભેગા થાય ત્યારે જ્ઞાન કહેવાય.
જે પદ ભેગા થાય ત્યારે પરમેષ્ઠિ કહેવાય.
o જ્ઞાન સમાન કોઈ ધન નહિ.
જ્ઞાનનો વિચાર કોટિ પાપોને કાપે છે.
ધન મેળવવાનો એક ઉપાય ઉદ્યમ - બીજો ઉપાય સંતોષ -
ત્રીજો ઉપાય તૃષ્ણારહિત થવું તે છે.
જે માન લક્ષ્મીથી મળે છે,
તેથી અનેકગણું માન તૃષ્ણારહિતને મળે છે.
o ધર્મ તેના કારણને (પાપ - ના કારણનો
નાશ કરે છે એટલે તે કર્મરોગનું ઔષધ છે.
ઔષધ સેવવાથી રોગ દૂર થાય છે,
ન સેવવામાં આવે તો મૃત્યુ આવી શકે છે.
o યોગ, ઉપયોગ અને અધ્યાત્મ
એ ત્રણેનો યોગ એક નવકારમાં છે.

ગણધરવાદ આશ્રિત રૂપ વિચારકણિકાઓ

(૧) જ્ઞાન સવિષયક હોય.

'અહં' અહીં જ્ઞાનનો વિષય જે છે, તે આત્મા છે.

(૨) વિજ્ઞાનઘન = જ્ઞાનના અનેક પર્યાયોનો સમૂહ.

નૂતન જ્ઞાનપર્યાયનો આવિર્ભાવ,

પૂર્વકાલીન જ્ઞાનપર્યાયોનો તિરોભાવ.

(૩) 'ભૂત' શબ્દથી પંચભૂત નહિ પણ પ્રમેય માત્ર,

જડ-ચેતન સમસ્ત જ્ઞેય પદાર્થોનો સમૂહ.

(૪) ન પ્રેત્ય સંજ્ઞાઽસ્તિ। પરલોક નથી એમ નહિ પણ પૂર્વપર્યાયનો ઉપયોગ નથી. નવા નવા જ્ઞાનપર્યાય ઉત્પન્ન થાય છે, ત્યારે પૂર્વકાલીન જ્ઞાનનો ઉપયોગ વ્યવહિત થઈ જાય છે. સ્મૃતિપટ પર પ્રગટતો નથી.

(૫) ઇંદ્રભૂતિ ૫૦ વર્ષે અને અગ્નિભૂતિ ૪૬ વર્ષે ગણધર થયા.

(૬) સમવસરણની રચના નયનાભિરામ, દોષરહિત વાણી.

(૭) પુણ્યઃ પુણ્યેન કર્મણા। પાપઃ પાપેન કર્મણા।
પુણ્યકર્મથી આત્મા પવિત્ર, પાપકર્મથી મલીન થાય છે.

(૮) કર્મ કેવલીને પ્રત્યક્ષ છે, છદ્મસ્થને અનુમાનગમ્ય છે.

કાર્યાનુમાન - કારણાનુમાન

કાર્ય = સુખ-દુઃખનું પ્રત્યક્ષ, કારણ = હિંસા-દયાનું પ્રત્યક્ષ.

(૯) જેમ ભીંત, વાઘ વગેરેનું પ્રત્યક્ષ બધાને નથી, છતાં
તેનું અસ્તિત્વ સ્વીકારાય છે, તેમ પરમાણુ પ્રત્યક્ષ નથી,
છતાં તેના સમૂહરૂપ બનેલો ઘટ બધાને પ્રત્યક્ષ થાય છે.

(૧૦) જેમ કાર્યરૂપ અંકુર દેખાય છે,
તો તેના કારણરૂપ બીજનો સ્વીકાર કરવો જોઈએ,
તેમ સુખ-દુઃખરૂપી અંકુરનું બીજ શુભાશુભ કર્મ છે.

(૧૧) દૃષ્ટ કારણ ચંદનાંગના, પુષ્પમાળા, વિષકંટક અગ્નિ છે.
પછી અદૃષ્ટને માનવાની શી જરૂર? દૃષ્ટમાં વિસંવાદ છે.
સુખ-દુઃખના સમ સાધનમાં સુખ-દુઃખની વિષમતા દેખાય છે.
વિષમતા કાર્ય છે, તેનું કારણ માનવું જોઈએ.
વિષ મૃત્યુ પણ લાવે, તેમ તે રોગીના રોગને પણ હરે છે.
એક જ વસ્તુ એકને સુખનું કારણ અને બીજાને દુઃખનું
કારણ થાય છે અથવા ઓછું વધતું દુઃખ કે સુખ થાય છે.
તેનું કારણ શું? અદૃષ્ટ કર્મ.

(૧૨) સચેતન વ્યક્તિએ આચરેલી ક્રિયા અવશ્ય ફળ આપે છે.
કૃષિ ક્રિયા ધાન્યાદિની જેમ દાનાદિ ક્રિયા પણ ફળે છે.

(૧૩) ફલપ્રધાના સમારંભા| બુદ્ધિમાન પુરુષ જે ક્રિયા કરે છે,
તે તેમાં ફળ માનીને જ કરે છે. અજ્ઞાન અથવા
સાધનોની ખામીને લઈને ફળ ન પણ મળે, એ જુદી વાત છે.

દાનાદિ ક્રિયા મનઃશુદ્ધિપૂર્વકની ન હોય તો ન ફળે. સામગ્રીની
પ્રકૃતિ હોય તો સત્પાત્રે આચરેલી ક્રિયા અવશ્ય ફળે.

(૧૪) દાનાદિ ક્રિયાનું મનઃપ્રસાદિ દૃષ્ટ ફળ છે.
કૃષિક્રિયાના ધાન્યાદિની જેમ મનઃપ્રસાદિ દાન પણ
એક ક્રિયા જ છે. તેનું ફળ માનવું જ જોઈએ.

(૧૫) દાનાદિથી મનઃપ્રસાદ, તેથી શુભકર્મ, પરંતુ દાનાદિથી
મનઃપ્રસાદ અને તેનાથી દાનાદિ માનીએ તો શું વાંધો?
વાંધો એ જ કે પીંડમાંથી ઘડો બને પણ ઘડામાંથી પીંડ ન બને.
કારણમાંથી કાર્ય બને, કાર્યમાંથી પાછું કારણ ન બને.

(૧૬) અરઘટ્ટિકાઘટ ન્યાય, જલ બુદબુદ ન્યાય,
ભૂતસમૂહથી ચૈતન્યભૂત પોતે જ ચૈતન્ય.

(૧૭) રેતીના કણમાં તેલ નથી માટે સમૂહમાં પણ નથી.
તલના કણમાં તેલ છે માટે તેના સમૂહમાં પણ છે.

(૧૮) પ્રત્યેકમાં હોય તે સમૂહમાં હોય.
પ્રત્યેક નમસ્કારમાં પાપનાશની શક્તિ છે,
તેથી તેના સમૂહરૂપ પાંચ નમસ્કારમાં પણ
પાપનાશક શક્તિ છે.

પ્રત્યેક સમૂહથી ભિન્ન પણ છે, અભિન્ન પણ છે.
પ્રત્યેકમાં અવ્યક્ત હોય, તે સમૂહમાં વ્યક્ત થાય છે.

(19) આત્મા આપણી પાસે ગૂઢાતિગૂઢ અને
સૂક્ષ્માતિસૂક્ષ્મ છે. તેને અનુમાન જ જણાવી શકે છે.

(20) અંતઃકરણશુદ્ધિત્વં ધર્મત્વં
કષાય - નિવૃત્તિત્વં ધર્મત્વં। અકૃતિ

અંતઃકરણની શુદ્ધિ અને કષાયની નિવૃત્તિ એ ધર્મ છે.
અહિંસાથી સુખ, સંયમથી શાંતિ, તપથી સમતા - સંતોષ -
ધર્મચિન્તન - ધર્મપાલન - ધર્મનો વિચાર - ધર્મનો આચાર.
અંતઃકરણની શુદ્ધિ એટલે બધાનો પોતાના આત્મા જેવો
જ વિચાર અને વર્તન. જુદાપણું ન રહે અને 'આપણે સૌ
એક છીએ' એ વાતનું ભાન થાય, તો અંધકાર મટી જાય.

(21) જે શક્તિ હિતાહિતનું ભાન ધરાવે છે,
તે શરીરનો ધર્મ કદી ન હોઈ શકે.

આ નિયામક શક્તિનું ઉદ્‌ગમ સ્થાન શરીરથી ભિન્ન છે.
શરીરની ચેષ્ટાઓનો કર્તા તેમાં વસનારો આત્મા છે.

(22) જેનું અસ્તિત્વ ન હોય, તેને વિષે સંશય ન થાય.
જે હોય તેને વિષે સંશય થાય.
ભાનની ઉત્પત્તિ ભેદને અવલંબીને છે,
એથી કશું જ ભેદ ન હોય, તો સંશય જન્મે ક્યાંથી?

(23) પ્રાણ - વિકલેન્દ્રિય, ભૂત - વનસ્પતિ,
જીવ - પંચેન્દ્રિય, સત્ત્વ - પૃથ્વીકાયાદિ.

(૨૪) યોગ - મોક્ષનું વિરોધ, કષાય - કેવળજ્ઞાનના વિરોધ,
અવિરતિ - વ્રતપાલનના વિરોધ,
મિથ્યાત્વ - શ્રદ્ધા-સમ્યક્ત્વના વિરોધ.

(૨૫) જુદાં જુદાં દ્રવ્યોના મિશ્રણથી સર્પ, વીંછી, મત્સ્ય આદિની ઉત્પત્તિ અને રત્નો, મણિ આદિ પણ ઉત્પન્ન થાય છે. મદ્યાદિનું અને મૂર્છા આદિનું વૈચિત્ર્ય પ્રસિદ્ધ છે. ઘણી સ્વભાવથી નહિ પણ કરણ અને કારણથી ઉત્પન્ન થાય છે.

(૨૬) સ્વભાવ એ વસ્તુ છે.
વસ્તુ એ ધર્મ છે કે અકારણતા છે?
સ્વભાવ જો વસ્તુ છે, તો મૂર્ત કે અમૂર્ત?
વસ્તુ ધર્મ છે, તો મૂર્તનો કે અમૂર્તનો?
અકારણતા સર્વત્ર સમાન છે,
તો કાર્યમાં વૈસદૃશ્ય શાથી?

(૨૭) અમૂર્ત સ્વભાવ મૂર્ત શરીરાદિનું ઉપકરણ કેમ બને?
નિષ્કારણ વસ્તુ ઉત્પન્ન થતી હોય,
તો ખર વિષાણ કેમ ઉત્પન્ન ન થાય?

(૨૮) જીવ એ કર્મ દ્વારા શરીરને ઉત્પન્ન કરે છે, એથી શરીરનો કર્તા છે અને શરીર દ્વારા કર્મને ઉત્પન્ન કરે છે, માટે કર્મનો ય કર્તા છે. કર્મ અતીન્દ્રિય છે પણ અસિદ્ધ નથી.

કાર્ય દ્વારા તેની સિદ્ધિ થાય છે.
શરીર એ કાર્ય છે, માટે તેનો કર્તા અને કારણ જોઈએ.
જીવ એ કર્તા છે અને કર્મ એ કારણ છે.

(૨૯) અનાદિ સંબંધનો પણ અંત આવે છે.
બીજ-અંકુર, કૂકડી-ઈંડું, સુવર્ણ-માટીની જેમ.
જીવ ને કર્મનો સંબંધ અનાદિ સંતતિગત હોવા છતાં
શ્રદ્ધાદિ રત્નત્રય વડે તેનો નાશ કરી શકાય છે.

(૩૦) દેવો નથી આવતાં એમ નહિ, પણ કાર્ય વગર નથી આવતાં એ સાચું છે. વિશેષિત એટલે નયવિશેષથી યોજિત.
નયવિશેષ એટલે વિષય પરિશોધક.

(૩૧) દેવોને 'માયોપમ' કહ્યાં છે, પણ 'માયામય' કહ્યાં નથી. સ્વપ્રત્યક્ષ જેટલું જ પરપ્રત્યક્ષ હોઈ શકે છે. સિંહ, શરભ અને હંસનું પ્રત્યક્ષ બધાને ક્યાં હોય છે? છતાં પ્રત્યક્ષ જ મનાય છે. બધાં જ દેશ, નગર, ગામ, નદી કે સમુદ્ર બધાએ નથી જોયાં હોતાં, છતાં બીજાના પ્રત્યક્ષથી તે પ્રત્યક્ષ જ મનાય છે.

(૩૨) ઇંદ્રિય પ્રત્યક્ષની જેમ અતીન્દ્રિય પ્રત્યક્ષ પણ હોય છે. ઇંદ્રિય પ્રત્યક્ષ ઉપચારથી છે. સાચું પ્રત્યક્ષ તો અતીન્દ્રિય જ છે,
કારણકે તે કેવળ આત્માની અપેક્ષાથી પ્રગટે છે.
ઉપલબ્ધિનો કર્તા તે આત્મા છે, ઇંદ્રિયો માત્ર દ્વારો છે.

(૩૩) અન્યમનસ્ક કે શૂન્યમનસ્કને ઇંદ્રિયોથી ઉપલબ્ધિ થતી નથી માટે ઇંદ્રિયોથી આત્મા જુદો માનવો જોઇએ. કોઈ ઝરૂખો પોતે કશું જોઈ શકતો નથી, પણ ઝરૂખા દ્વારા ત્યાં ઉભેલો દેવદત્ત જ જૂએ છે, તેમ ઇંદ્રિયો કરણ છે. વેદ વાક્ય 'નારકી મરીને નારકી ન થાય' એ અર્થને જણાવે છે.

(૩૪) પાપ-પુણ્ય બંને પુદ્ગલ છે, છતાં મેરૂ સમાન સ્થૂલ કે પરમાણુ સમાન સૂક્ષ્મ નહિ. પુરુષ એવેદં એ પુણ્ય-પાપના નિષેધ પરક નહિ પણ અર્થવાદ રૂપ છે.

(૩૫) આત્માનું લક્ષણ ઉપયોગ છે. રાગ-દ્વેષ, વિષય, કષાયાદિ વડે અનંત અધ્યવસાય ભેદો હોવાથી તે ઉપયોગ અનંત પ્રકારનો છે. તેના આધારે આત્મા પણ એક નહિ અનંત ઘટે છે.

(૩૬) કાળાં વાદળાં વિખરાઈ ગયા પછી

તેના સૂક્ષ્મ પરિણામને કારણે તે વિદ્યમાન છતાં દેખાતા નથી. સુરભિ વાયુના સ્પર્શથી ઉડી જાય તો તે વિદ્યમાન છતાં તેની સૂક્ષ્મરજના કારણે દેખાતો નથી, તેમ જ દિપક બુઝાયા પછી સૂક્ષ્મ પરિણામના કારણે વિદ્યમાન હોવા છતાં દેખાતો નથી.

(૩૭) સોનાના વરખ દેખાય, ભસ્મ ન દેખાય. ગોળ, સુંઠ, મહુડું, હરડે, ચિત્રક પ્રથમ આંખે દેખાય છે, પછી તેનું ચૂર્ણ, કવાથ અવલેહ કે સત્ત્વ રૂપે પરિણામાન્તર થાય, ત્યારે આંખે ન

દેખાય, પરન્તુ જાણે ગ્રહણ થાય. કપૂર કે કસ્તુરી આંખે દેખાય, છતાં વાયુથી ઉડીને અન્ય પ્રદેશમાં જાય ત્યારે આંખ વડે નહિ પણ નાક વડે ગ્રહણ થાય છે. પુદ્ગલોનો સ્વભાવ સામગ્રીભેદે વિચિત્રતાને પામે છે. આંખે દેખાતો દીપક બુઝાયા પછી અંધકારના પુદ્ગલરૂપે ગૃહીત થાય છે.

(૩૮) મુક્તાત્માને સ્વાભાવિક સુખ હોય છે. મુનિના સુખની જેમ મુક્તાત્માઓને રાગ અને બાધા બંનેનો અભાવ છે. કર્મોદયજન્ય હોવાથી પુણ્યનું ફળ સુખ નહિ, પણ દુઃખ છે.

(૩૯) લાલસા છોડી, કામના છોડી, મમતા છોડી, પરિગ્રહ છોડી. જેને સુખ માનો છો તે સુખ નહિ પણ બંધન છે. બંધનમાત્ર દુઃખ છે. બંધન તોડ્યા વગર આત્માની મુક્તિ નથી.

બંધન તુટવાથી જ આત્મમસ્તી પ્રાપ્ત થાય છે.

(૪૦) સિદ્ધત્વની મહાસત્તા એ સાક્ષિભાવની મહાસત્તા છે.

તીર્થંકરોને ય તે સત્તા પૂજે-માને છે.

માટે જગતપૂજ્ય બને છે.

જેટલા અંશે સાક્ષિભાવ સાધી શકીએ,

તેટલા અંશે સિદ્ધત્વ સમાન બનીએ.

નમસ્કાર કે નમો અરિહંતાણં = સાક્ષિભાવનો પ્રતિનિધિ.

(૪૧) સ્વસ્વરૂપનું બોધક એ to be છે.

સ્વસ્વરૂપનું પરિણમન એ to become છે.

(૭૨) સિદ્ધત્વની મહાસત્તા - તીર્થંકરત્વનું શાસન

'સિદ્ધત્વ' એટલે માત્ર સાક્ષીભાવ. એનું સમર્થન કરનાર,
તે તરફ દોરી જનાર શાસન વિશ્વવત્સલ તીર્થંકરભગવંતનું,
તેથી તે સર્વમાન્ય, સર્વપૂજ્ય, તારક.
'તીર્થંકરત્વ' = સ્વાત્મભાવ, સર્વાત્મભાવ, વિશ્વાત્મભાવ.
સિદ્ધત્વ એટલે માત્ર સાક્ષીભાવ.
પોતાના આત્માને - સર્વજીવોને - સમગ્ર વિશ્વને
સાક્ષીભાવના માર્ગે ચઢાવનાર શાસન તીર્થંકરોનું શાસન છે.
મહાસત્તા - સાક્ષીભાવની,
અવાંતર સત્તા - વિશ્વાત્મભાવની.
બાકી બધી જ સત્તાઓ તેની નીચેની છે.

(૭૩) પર્યાય ક્રમભાવી એટલા માટે કે

એક વસ્તુનો એક પર્યાય નાશ પામ્યા પછી જ
તેના સ્થાને ઉત્તર બીજો પર્યાય ઉત્પન્ન થાય છે.
ગુણ સહભાવી એટલા માટે કે એક વસ્તુનો એક ગુણ તેજ
વસ્તુના બીજા ગુણોનો નાશ કર્યા વિના સાથે રહી શકે છે.
ગુણ અને પર્યાય બંને દ્રવ્યમાં જ રહે છે,
તો પણ એક વસ્તુમાં એક કાળે અનેક ગુણ રહી શકે છે,
પરંતુ એક કાળે અનેક પર્યાય રહી શકતા નથી.

નિગોદકાળે અનંત પર્યાય દ્રવ્યમાં રહે છે.

દ્રવ્યમાં સમકાળે અનંત ગુણ રહે છે.

એક કાળે અનેક ગુણોનું અસ્તિત્વ એ સહભાવિતા છે.

એક કાળે એક જ પર્યાયનું અસ્તિત્વ એ ક્રમભાવિતા છે.

(જ્ઞ) રાગ-દ્વેષ કર્યા વિના જાણવું-જોવું તે સાક્ષીભાવ છે.

રાગ-દ્વેષ સહિત જાણવું - જોવું તે અહંભાવ ને મમભાવ છે.

મમભાવ રાગમાં પરિણમે છે.

અહંભાવ કે ભેદભાવ દ્વેષમાં પરિણમે છે.

અહંભાવનો નાશ અભેદભાવથી થાય.

મમભાવનો નાશ સાક્ષીભાવથી થાય છે.

રાગભાવરૂપ મમભાવ અને દ્વેષભાવરૂપ અહંભાવનો નાશ કરનાર સાક્ષીભાવ છે, તેથી જ તે શ્રેષ્ઠભાવ છે.

સાક્ષીભાવ સર્વ જીવોનું આકર્ષક છે, લોહચુંબક છે.

સિદ્ધોનો સાક્ષીભાવ તીર્થંકરોને આકર્ષે છે.

તીર્થંકરોનો સાક્ષીભાવ અહમિન્દ્રોને આકર્ષે છે.

અહમિન્દ્રોનો સાક્ષીભાવ ચક્રવર્તીઓને, ચક્રવર્તીઓનો સાક્ષીભાવ રાજાઓને, રાજાઓનો સાક્ષીભાવ પ્રજાઓને અને પ્રજાઓનો સાક્ષીભાવ બાળ જીવોને આકર્ષે છે.

આમ જગતનું વશીકરણ એક સાક્ષીભાવ છે.

જાણવું-જોવું છતાં રાગ-દ્વેષ ન થવું, કિન્તુ સાક્ષીભાવમાં રહેવું, એ સિદ્ધ ભગવંતોમાં રહેલું છે, તેથી જ સિદ્ધ ભગવંતો અવ્યાબાધ સુખ-ઉત્કૃષ્ટ જ્ઞાનનો અનુભવ કરે છે. અવ્યાબાધ સુખ - ઉત્કૃષ્ટ જ્ઞાનનો ઉપાય સાક્ષીભાવ છે. સાક્ષીભાવથી જેટલા અંશે ચ્યુત, તેટલા અંશે સુખમાં બાધા.

તેનાથી જ્ઞાનમાં સ્ખલન થાય છે.

રાગ-દ્વેષના રંગે રંગાયેલું જ્ઞાન કદી પૂર્ણ સત્ય ન જાણે.

રાગ-દ્વેષના રંગે રંગાયેલું હૃદય
કદી અવ્યાબાધ શાંતિનો અનુભવ કરી ન શકે.

(૭૯) જ્ઞાન એટલે વિશેષ બોધ.

દર્શન એટલે સામાન્ય બોધ.

દ્વેષ સામાન્ય બોધમાં બાધક છે. રાગ સામાન્ય જ્ઞાન થવા દે છે, અસ્પષ્ટ જ્ઞાન થવા દે છે, પણ વિશેષ બોધમાં બાધક છે. વસ્તુનો જેવો છે તેવો બોધ થવા દેતું નથી. તેનું કારણ રાગ એ દોષને અને દ્વેષ એ ગુણને જોવા દેતો નથી, તેથી એક કાણો છે - એક આંધળો છે.

<u>સામાન્ય બોધને પણ ન થવા દેનાર દ્વેષ આંધળો છે.</u>

<u>વિશેષ બોધને ન થવા દેનાર રાગ કાણો છે.</u>

<u>સાક્ષીભાવને સાધવા માટે એ બંને દોષોથી દૂર થવું જોઈએ.</u>

(૪૬) જેટલા અંશે જીવ અનાક્રમભાવ ઇચ્છા કરે છે,
તેટલા અંશે તે સુખી છે, ગુણી છે, જ્ઞાની છે તથા
જગત ઉપર પોતાની સત્તા ધરાવી શકે છે.
સ્વદેહમાં અનાક્રમભાવે રહેલો જીવ
દેહપિંડનું વ્યવસ્થિત ભૂલ વિનાનું સંચાલન કરી શકે છે.
બ્રહ્માંડનું વ્યવસ્થિત સંચાલન સિદ્ધોના અનાક્રમભાવથી છે.
તેમાં જે અવ્યવસ્થા છે, અસ્વાસ્થ્ય છે, વ્યાબાધા છે,
તે અનાક્રમભાવ ચૂકવાના કારણો છે.
અનાક્રમભાવ, માધ્યસ્થભાવ, ઔદાસિન્યભાવ, સાક્ષીભાવ,
કૈવલ્યભાવ વગેરે પર્યાય શબ્દો છે.
તે જ મોક્ષભાવ છે.
તેજ જીવોનું પરમ પ્રયોજન છે.

(૪૭) જે પોતામાં તથા પરમાં રહેલા ઈશ્વરનું સમ્યગ્ રીતે
દર્શન સર્વમાં કરે છે, તે અન્યને હણીને પોતાને
જ હણવાની ભૂલ કરતો નથી અને પરમગતિને પામે છે.

(૪૮) અહિંસાનો આધાર અથવા પાયો
આપણી આંતરિક એકતાનું ભાન છે.
આપણે એ વિષે વિચાર કે ચિંતન ભાગ્યે જ ન કરીએ,
તો અહિંસાના કારણો જ જડ બનીએ તો નવાઈ નહિ.

ધર્મધ્યાન માટેની સ્ફૂર્તિ મેળવવાને બદલે ધર્મને કારણે જ જડ બનતા હોઈએ અને કોઈ નવા વસ્તુ ગ્રહણ કરવાની શક્તિ જ ગુમાવતા હોઈએ તો તેનું કારણ શોધવું.

જેટલું આત્મસ્વરૂપનું વિસ્મરણ, તેટલો પરિગ્રહનો વધારો.
જેટલો પરિગ્રહનો વધારો, તેટલું આત્મસ્વરૂપ ઓછું.

(૮૯) નવીન ધર્મબંધનો સંભવ કઈ રીતે?
જો દરેક ધર્મ શુદ્ધ ચિત્ત, નિર્મળ હૃદય, નિષ્કામભાવ સંગે, ઈશ્વર પ્રીત્યર્થે, ધર્મપ્રણેતાની સ્મૃતિપૂર્વક, વિધિતત્ત્વના ગ્રહણે, આજ્ઞાપાલન કરવા અને ધર્મહિત થવા માટે થાય રહે, તો નવીન ધર્મબંધનો સંભવ થતો રહે છે.

(૯૦) ઈશ્વર ચિન્તન = જીવ-શિવની એકતા, આત્મત્વનું પરમાત્મત્વમાં અર્પણ. ઈશ્વર કાયદા ઘડ્યા પછી શાંત છે.
'ઈશ્વર નથી' એમ કહેનારને પણ ઈશ્વર ચલાવી લે છે.

મનુષ્યની ઈશ્વર સાથે જેટલી એકરૂપતા,
તેટલો એ પોતાની વાત કરીને શાંત ખામોશ બેસી જશે.
સૃષ્ટિમાં જે ચાલી રહ્યું છે, તેમાંથી બોધપાઠ મળે જ છે.

અધિકાર ચલાવવામાં મોટો ભય એ છે કે
એમાં અધિકાર ચલાવનારની ભલાઈ અને બુરાઈ બંને પ્રચાર પામે છે, પણ જો અધિકાર ચલાવવામાં ન આવે

અને પોતાનું જીવન સીધેસાદું જીવવામાં આવે, પૂર્ણ તેને સાચી સલાહ આપીને બેસી રહેવામાં આવે, તો આપણામાં જે સારું છે, તે જ ચાલશે. દુનિયામાં બુરું પ્રચાર કે પ્રસાર નહિ પામે. જેટલા અધિકાર ચલાવવાની જરૂર લાગે, તેટલી ખામી અથવા ઉણપ માનવી જોઈએ.

આ સૃષ્ટિમાં જે ગુણ પડેલા છે, તે ભગવાનના ગુણોનો જ અંશ છે. એટલે પારકાના કે પોતાના ગુણ જ ગાવાના. 'તું જુદો - હું જુદો' કહેવાથી જુદાઈ ગઈ નથી. માટે સમજાઈ જવું જોઈએ કે જુદાઈનો સંબંધ શરીર સાથે છે, માટે ગમે ત્યારે એ જવાની. ગુણગાનમાં આગ્રહ રહેતો નથી. કોઈનો કાંઈ દોષ હોય તો તે પ્રકૃતિને લઈને છે. એ તો ક્યારેક ને ક્યારે જવાનો છે. એટલે દોષ પર ભાર દેવો તે આગ્રહ છે. ગુણ ઉપર ભાર દેવો તે આગ્રહ નહિ પણ વસ્તુસ્થિતિ છે. સ્થાયી વસ્તુનો આગ્રહ રાખવો એ આગ્રહ નહિ પણ હકીકતનો સ્વીકાર છે. અસ્થાયી વસ્તુનો આગ્રહ એ દુરાગ્રહ છે.

સત્ય અને પ્રેમનો આ એક જબરો ઝઘડો છે. પ્રેમ વધે - સત્ય ઘટે, તેથી એ જરૂરી છે કે બંનેની માત્રા સમતોલ રહે. તેથી જ કહ્યું છે કે: કોઈનો દ્વેષ પણ ન કરો, કોઈ પર રાગ પણ ન રાખો. પ્રેમની સાથે આગ્રહ ભળે ત્યારે

સત્ય ઘટે. સત્યની સાથે આગ્રહ ભળે તો પ્રેમ ઘટતો નથી.

અગ્નિ સાથે ધુમાડાની જેમ

દરેક કર્મની સાથે કંઈક દોષ જોડાયેલો રહેલ જ છે.

જોવાનું એટલું જ છે કે અગ્નિ ઝાઝો છે કે ધુમાડો?

પોતાને જ્ઞાનથી ભૂલ જણાય છે છતાં તેને કેમ સુધારતા નથી? આને બુદ્ધિનો અપરાધ, જ્ઞાનનું પાપ કે આત્માનો પ્રમાદ ઇત્યાદિ છે. તાત્પર્ય એ છે કે જ્ઞાન છે પણ તે ખરેખર જ્ઞાન નથી એટલે કે સ્પષ્ટ જ્ઞાન નથી. સ્પષ્ટ જ્ઞાન હોય તેની સામે ભૂલ કે દોષરૂપી અંધકાર કે ધૂમ ટકી શકે નહિ.

'કંઈક બગાડ્યું છે એમ લાગે છે'

અહીં 'લાગે છે' એ શબ્દ જ બતાવે છે કે

'છે જ' એવું સ્પષ્ટ જ્ઞાન નથી.

પાયાની વસ્તુ ન સમજાય ત્યાં સુધી સ્પષ્ટ જ્ઞાન થતું નથી.

પાયાની વસ્તુ છે '<u>બ્રહ્મવિદ્યા</u>'.

એ સમજાઈ જવું જોઈએ કે 'હું અને તમે જુદા છીએ' અહીં જુદાપણું દેહના કારણે છે, તેથી મિથ્યા છે.

(૯૧) શિષ્ય: શિષ્યત્વમાપ્નોતિ શિષ્ટમાર્ગાનુપાલનાત્ ।

અર્થાત્ શિષ્ટાચારનું પાલન એ

શિષ્યપણું પામવાનું નિદાન છે.

ક્ષયોપશમની વિચિત્રતા અને વિષયની
અનંતતાથી શ્રુતાનુસારી જ્ઞાનનું અનંતપણું છે.

(૯૨) અકારાદિ અક્ષરોના ૧૮ ભેદ આ પ્રમાણે છે:

ઉદાત્ત અનુદાત્ત સ્વરિત 3
હ્રસ્વ - દીર્ઘ પ્લુત × 3
સાનુનાસિક - નિરનુનાસિક × 2 = ૧૮

'अर्थं बुद्ध्वा शब्दरचना |'

અર્થ જ્ઞાન એ શબ્દ પ્રયોગ કે શબ્દ રચનામાં કારણ છે.

(૯૩) ચૈત્યવંદન સૂત્રથી મિથ્યાત્વ ભોગીની
એમ કહે ઉપયોગી ફળ બતાવ્યું નહિ.

ચૈત્યવંદનનું ફળ લોકોત્તર કુશળ પરિણામ.

તેનું ફળ કર્મક્ષય. જ્ઞાનાવરણીય, મોહનીયાદી કર્મગ્રંથીઓ કરવાના અધ્યવસાયનો ફેર કુશળ = કુશળ પરિણામ.

कारणसत्त्वे कार्यानुत्पादरूपोऽन्वय - व्यभिचारः |
અહિં
કારણ હોતે છતે કાર્ય ન થવું તે અન્વય વ્યભિચાર છે.
અશુભભાવમાં કારણ ચૈત્યવંદન નહિ પણ અનાભોગાદિ દોષો કારણ છે અને દોષોથી અશુભભાવ પેદા થાય છે.
અર્થજ્ઞાનના સત્કારથી ક્રિયા સમ્યક્ ક્રિયા બને છે.

અર્થનું જ્ઞાન આત્માને આહ્લાદક છે. માયાદિ વડે થતી ક્રિયામાં બાહ્ય શુદ્ધિ છે, પણ આંતરશુદ્ધિ નહિ. અર્થજ્ઞાન હોવા છતાં માયાદિ દોષો ન જાય, તો તે ક્રિયા સમ્યગ્ ન બને.

(૯૪) कार्यप्रयोजकीभूताभाव प्रतियोगित्वं
प्रतिबन्धकत्वं । અર્થાત્

પ્રયોજક-અવચ્છિન્ન કારણ જેનો અભાવ તે પ્રતિયોગી શુભભાવરૂપ કાર્યમાં પૌદ્ગલિક ફલની ઇચ્છાનો અભાવ,
પ્રયોજક કારણ છે, અવચ્છિન્ન કારણ છે.

(૯૫) સંતકવિ માનસ કહે છે : 'તું અસત્ય ઉપરાંત ક્રોધાદિ આસુરી ભાવોને છોડી શકતો નથી પણ પ્રભુ નામનો જપ છોડી શકે છે તે આશ્ચર્ય છે. જો પ્રભુનામનો જપ છોડી દઈશ, તો તારા જન્મ-મરણનો ફેરો તને નહિ છોડે!

(૯૬) સાકરનો ગાંગડો મોંમાં મૂકવાથી જ મનને સ્વાદ આવે છે,
તેમ પ્રભુનું નામ જીભ ઉપર ચડે,
તેના અનુપમ સ્વાદનો આપણે વિચાર પણ કરતા નથી.
પ્રભુનું નામ ભવરોગ મટાડવાની મહાઔષધિ છે.

(૯૭) 'कृते यद् ध्यायतो विष्णुं त्रेतायां यजतो मखैः ।
द्वापरे परिचर्यायां कलौ तद्धरि-कीर्तनात् ॥'

(પરિશિષ્ટ-૧૬)

(૪૮) અસત્ય ન બોલવું - ગુસ્સો ન કરવો - મંત્રજાપ ન છોડવો.

'સત્ય બોલવું, ક્ષમા આપવા અને મંત્ર જપવો'
એ ત્રણે પરસ્પર સંબંધ છે,
કારણ કે એક જ ગુણ વડે ત્રણે ક્રિયા થાય છે.

(૪૯) સૂર્ય સ્વકિરણો વડે પાણીને જો ઉંચે ન ખેંચે, તો પાણીની તાકાત છે કે તે સૂર્યમંડળ સુધી પહોંચે? શું બાળક પોતાની શક્તિથી - માતાની સહાય વિના માતાની કેડે ચઢી શકે? મન-વચનથી પર એવું બ્રહ્મ કેટલું ઉંચે છે? માયાથી ભરેલો અને ત્રણ ગુણથી જોડાયેલો સંસારી જીવ કેટલો નીચે છે?

(૫૦) જેમ બીજમાં બધાં જંગલ રહેલાં છે અને
અંકુર, થડ, પત્ર, પુષ્પાદિ જંગલમાં રહેલાં છે,
તેમ બધાં જંગલમંત્રો કવચ રૂપી બીજમાં અને સાધના વડે
ઉપાર્જન થયેલ શક્તિ અને સિદ્ધિ જંગલમાં રહેલ છે.

(૫૧) 'મંત્ર' તે છે કે જેના મનન વડે ત્રાણ, વિશિષ્ટ જ્ઞાન,
અને જીવ-બ્રહ્મ એકતાનો બોધ થાય.
જે બંધન મુકાવે, ધર્મ-અર્થ-કામ અને મોક્ષને આમંત્રણ આપે,
વિશ્વમાં રહેલ બ્રહ્મને જોવાની શક્તિ આપે,
સંસારના બંધનથી છુટવાનું સામર્થ્ય આપે અને
ચારે પ્રકારના પુરૂષાર્થોને મેળવી આપે તે 'મંત્ર' છે.

(52) એક બાજુ મન-વચનાદિ પર ઇષ્ટ દેવતા છે,
બીજી બાજુ આધિવ્યાધિગ્રસ્ત જીવરાશિ છે.

(53) મંત્રમાં અચિન્ત્ય શક્તિવાળા દેવતાને બોલાવવાનું સામર્થ્ય છે, સમર્થ એવી પ્રકૃતિને હલાવવાનું સામર્થ્ય છે, જીવત્વને દૂર કરીને શિવત્વ આપવાનું તથા અણિમાદિ ૮ સિદ્ધિઓને પ્રગટાવવાનું સામર્થ્ય છે.

(54) અધિગત્યાખિલં શબ્દબ્રહ્મ શાસ્ત્રદૃશા મુનિઃ ।
પરં બ્રહ્મ તતઃ શબ્દબ્રહ્મણા સોઽધિગચ્છતિ ॥

અર્થાત્: મુનિ શાસ્ત્રદૃષ્ટિ વડે સમગ્ર શબ્દબ્રહ્મને જાણી, ત્યારબાદ તે વડે પરમબ્રહ્મને પામે છે.

(55) સ્વરૂપયોગ્યતા એટલે કારણતા.
ફલોપધાયકતા એટલે કાર્યતા.
કારણરૂપે અસ્તિત્વ અનાદિકાળથી રહેલ છે.
જ્યારે સહકારી કાર્યરૂપે સામગ્રી મળે, ત્યારે તે આવે છે.

## જ્ઞાન અને ક્રિયા

અજ્ઞાનપૂર્ણ આચરણને જૈન દૃષ્ટિએ 'આચાર'નું નામ આપાતું નથી. સદાચારની પ્રથમ જ શરત છે સમ્યગ્દર્શન. દૃષ્ટિ શુદ્ધ થયે જ જ્ઞાન 'સમ્યક્' કહેવાય છે. અર્થ પ્રતિભાસ રૂપે જ્ઞાન તો સર્વ કોઈ કરે જ છે.

એ જ્ઞાન આધ્યાત્મિક પરિભાષામાં સમ્યગ્ ત્યારે જ કહેવાય,
જ્યારે મનુષ્ય વસ્તુનું મૂલ્યાંકન કરતાં શીખે.
એ મૂલ્યાંકન લૌકિક દૃષ્ટિએ નહિ,
આધ્યાત્મિક દૃષ્ટિએ થવું આવશ્યક છે.
અર્થાત્ મોક્ષપ્રાપ્તિની દૃષ્ટિએ હેયોપાદેયનો
વિવેક થવો અનિવાર્ય છે.
અહીં વિવેક વિનાનું જ્ઞાન 'સમ્યગ્જ્ઞાન' કહેવાય નહિ.
સમ્યગ્જ્ઞાન વિનાનો આચાર 'સદાચાર' કહી શકાય નહિ.

<u>જ્ઞાન એટલે શું? કેવું અને કેટલું?</u>

જ્ઞાનની મર્યાદા ને પરિમાણ જણાવતાં શાસ્ત્રોમાં કહ્યું છે કે:
'આચરણ માટે સમગ્ર વસ્તુઓનું તત્ત્વજ્ઞાન આવશ્યક નથી,
પણ જેનો ઉપયોગ આચરણ માટે અનિવાર્ય છે,
તેવું જ્ઞાન જરૂરી છે.'
ઓછામાં ઓછો આત્મ-અનાત્મ વિવેક તો હોવો જ જોઈએ.
વિવેક સાક્ષાત્કાર કોટિનો નહિ પણ સંસારની અભિરુચિને
ઘટાડે મોક્ષની અભિરુચિ પ્રબળ બને એટલો જરૂરી છે.
પૂર્ણજ્ઞાન તો મહાવ્રતોના અને તપશ્ચર્યાના
પાલનના પરિણામે થાય છે અને તે સાક્ષાત્કારરૂપ હોય છે.
સાક્ષાત્કારરૂપ જ્ઞાન પાછું સંપૂર્ણ ચારિત્રના કારણરૂપ બને છે.

આમ 'જ્ઞાનપૂર્વકની ક્રિયા'માં જ્ઞાનનો અર્થ આત્મ-અનાત્મ
વિવેકરૂપ જ્ઞાનના અર્થે સમજવો, સાક્ષાત્કાર રૂપ નહિ.

## મોક્ષરુચિ

વિવેક પ્રાપ્ત થતાં મનુષ્યની રુચિ મોક્ષ પ્રતિ થાય છે અને
તેને અનુલક્ષીને જે ક્રિયા કરે છે,
તે વડે મોક્ષ નજદીક આવે છે.
મોક્ષરુચિના કારણે ચારિત્ર મહાવ્રતોનું પાલન
અધિક તપ-સંયમ બળવાન બને છે.
બળવાન બનેલ ચારિત્રપૂર્ણ જ્ઞાનમાં અને
પૂર્ણજ્ઞાન પૂર્ણ ચારિત્રમાં પરિણામી મોક્ષને આપે છે.

## આત્મૌપમ્ય દૃષ્ટિ

સમ્યક્ચારિત્રના મૂળમાં શાસ્ત્રમાં જે વસ્તુ
વારંવાર કહેવામાં આવી છે તે આત્મૌપમ્યદૃષ્ટિ છે.
અહિંસાનું શા માટે પાલન કરવું? એનો એક જ જવાબ છે કે:
'જગતના જીવોમાં કોઈપણ જીવ એવો નથી,
જેને દુઃખ કે પીડા પસંદ હોય.'
આપણને પોતાને પણ દુઃખ કે પીડા પસંદ નથી,
તો પછી આપણે શા માટે બીજા જીવને પીડવા?
'आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत्।'

આ જ છે આત્મૌપમ્યદૃષ્ટિ. આ દૃષ્ટિએ આચરણનું ઘડતર કરવામાં આવે તો જીવનમાં મહાવ્રતોને ઉતાર્યા સિવાય છૂટકો નથી. આપોઆપ મહાવ્રતોનું પાલન જીવનમાં આવી ઊભું રહે છે. આચરણનું સારું કે નરસું એની પરીક્ષા આ જ દૃષ્ટિએ કરવાની રહે છે. આનું જ બીજું નામ 'સામાયિક' છે.

બધા જીવો પ્રત્યે સમભાવ,

બધા જ જીવો મારી જેવા જ છે,

એમ માની સાવદ્ય પ્રવૃત્તિનો ત્યાગ કરવો તે સામાયિક છે

અને એનો જ વિસ્તાર પાંચ મહાવ્રત છે.

આ રીતે જૈન આચરણના પાયામાં સામાયિક વ્રત રહેલું છે.

## અપ્રમાદ

આત્મૌપમ્યદૃષ્ટિથી એ નક્કી થયું કે સ્વાર્થસિદ્ધિ માટે બીજા જીવોને પીડા આપવી એ સદાચરણ નથી. જૈન તત્ત્વજ્ઞાન કહે છે કે: સમગ્ર લોક જીવથી ભરેલો છે. સૌ માટે શ્વાસોચ્છ્વાસની ક્રિયા વિના જીવન ટકાવવું દુર્લભ બને છે, તે પણ બીજા જીવોની પીડાજનક છે.

આવી સ્થિતિમાં અહિંસક કેમ રહી શકાય?

સમભાવની સિદ્ધિ કેવી રીતે થાય?

આ પ્રશ્નનું સમાધાન આ મુજબની ગાથાથી થાય છે:

'जयं चरे जयं चिट्ठे जयमासे जयं सए ।
जयं भुंजंतो भासंतो पावं कम्मं न बंधइ ॥'

– दशवैकालिक सूत्र अ. ४ श्लोक ८ (परिशिष्ट-१७)

યતનાપૂર્વક આચરણ કરવાથી પાપનો બંધ થતો નથી.

યતનાનું બીજું નામ અપ્રમાદ.

શાસ્ત્રોમાં વારંવાર કહેવામાં આવ્યું છે કે

પ્રમાદ એ હિંસા અને જાગૃતિ એ અહિંસા છે.

સાવધાની, સતત જાગૃતિ, અહિંસક રહેવાની અસ્ખલિત તમન્ના,

આ બધું અપ્રમાદસૂચક છે.

જો તે રહીએ તો બીજા જીવને પીડા થાય તે છતાં

પીડાની બુદ્ધિ કરી ન હોવાથી તે ક્રિયા અહિંસક છે.

આ રીતે આચરણના મૂળમાં આત્મૌપમ્યની સાથે અપ્રમાદને પણ

સ્થાન મળ્યું. સતત જાગ્રત પુરુષ આત્મૌપમ્યદૃષ્ટિ સંપન્ન હોય,

તો તેનું આચરણ સદાચાર ગણાય અને સચ્ચરિત્ર મનાય.

० નમસ્કારનું માહાત્મ્ય

इतो न किंचित् परतो न किंचित् ।
यतो यतो यातु ततो न किंचित् ।
विचार्य पश्यन्तु जगन्न किंचित् ।
तत्त्वं नमस्कारसमं न किंचित् ॥

(परिशिष्ट-१८)

## ૯ શાસ્ત્રોમાં 'રસ' શબ્દની પરિભાષા

(૧) જીવનશાસ્ત્ર : જીવવામાં રસ છે.

(૨) શરીરશાસ્ત્ર : દેહનું ધારણ-પોષણ રસથી થાય છે.

(૩) આહારશાસ્ત્ર : રસાસ્વાદ ૬ પ્રકારનો છે.
લવણ, મધુર આદિ ભેદે રસ ૬ છે.

(૪) રસાયણશાસ્ત્ર : ધાતુવાદ
રસ એટલે પારદ, રોગનિવારણ, દીર્ઘાયુષ, આકાશગમનાદિ.

(૫) શિક્ષણશાસ્ત્ર : ભણવાનો ભણાવવાનો રસ.

(૬) સિદ્ધિશાસ્ત્ર : પ્રણિધાન અર્થાત્ ધ્યેય પ્રત્યે રસની જમાવટ પ્રવૃત્તિનું કારણ છે, વિઘ્ન વિજય થઈ શકે છે.

(૭) સાહિત્યશાસ્ત્ર : શૃંગારાદિ
૯ રસોવાળું વાક્ય આગર કાવ્ય.

(૮) ઉપચારશાસ્ત્ર : રસનાં છાંટણાં-બુંદા નહિ,
રસનું સાતત્ય એ બિંદુરૂપ નહિ પણ
ધારારૂપ-ધારાપ્રવાહરૂપ-પ્રવાહ ગંગારૂપ બને છે.

(૯) ધર્મશાસ્ત્ર : રસનું તીવ્ર સંવેદન
કર્મબંધને ગાઢ બનાવે છે.
પ્રશસ્ત ભાવમાં ઉછળેલો રસ
કર્મનિર્જરાનું કારણ બને છે.

## નવકારમાં નવરસ

નવકારમાં નવેરસો છે.

અંતરાત્માને પરમાત્મા ઉપર પ્રેમ છે.

અંતરાત્માને બહિરાત્મભાવ ઉપર હાસ્ય છે.

તેઓની દીન-હીન અવસ્થા પ્રતિ કરુણા છે.

અંતરાત્માને વિઘ્ન કરનાર પ્રતિ રોષ છે.

વિઘ્ન વિજય કરવાનો ઉત્સાહ છે.

અંતરાત્માને અવસ્થા ચાલી ન જવાનો ભય છે.

અંતરાત્માને ભાવશૂન્ય પ્રત્યે જુગુપ્સા છે.

અપૂર્વ પ્રાપ્તિનો વિસ્મય છે. નિરંતર તૃપ્તિ છે.

એ તૃપ્તિ સર્વને મળો તેની ચાહના પણ છે.

વૃક્ષ, ફુલ, લતા, વન, પર્વત, પશુઓ, સાગર, સરોવર, ચાંદની, પ્રભાત, સંધ્યા અને ઋતુ વગેરેમાં રસદર્શન કરી શકનારા દ્રષ્ટા કવિઓ પંચ પરમેષ્ઠિ સ્વરૂપ મહાન વિભૂતિઓમાં કેવું દર્શન ન કરી શકે એ બને જ કેમ? નવકારના એક પદ ઉપર માત્ર કાવ્ય નહિ, પણ મહાકાવ્યો લખી શકાય અને તેમાં નવે રસોની હાજરી હોય, શ્રોતાગણ રસ તરબોળ બની શકે, સાંભળવા આતુર રહે એવો સમય ક્યારે આવશે? એવો સમય આવવો રહ્યો છે.

## ૧૦ પ્રકારના રસનો ગુઢાર્થ

(૧) <u>કરુણ</u> : ઇષ્ટનાશાદિથી થતો ચિત્તનો ઉદ્વેગ.

(૨) <u>શૃંગાર</u>: ચિત્તમાં જાગતી ઇચ્છાવિશેષ રતિ.

(૩) <u>હાસ્ય</u> : ભાવની વિડંબના જોઈને ચિત્તમાં થતો વિકાર.

(૪) <u>રૌદ્ર</u> : બીજાએ કરેલા અપકારથી થતું ચિત્તનું પ્રજ્વલન.

(૫) <u>વીર</u> : લોકોત્તર કાર્યમાં ચિત્તની ઉત્સુકતા તે ઉત્સાહ.

(૬) <u>ભય</u> : રૌદ્ર દર્શનાદિથી ચિત્તમાં થતી અનર્થની આશંકા.

(૭) <u>બીભત્સ</u> : અર્થમાં દોષદર્શનાદિથી ચિત્તમાં થતી ગર્હા અથવા જુગુપ્સા.

(૮) <u>અદ્ભુત</u>: અપૂર્વ અર્થને જોવાથી સૌને થતો ચિત્તનો વિસ્તાર તે વિસ્મય.

(૯) <u>શાંત</u>: વૈરાગ્ય, ભક્તિ, જ્ઞાનાદિ વડે થતું ચિત્તનું નિર્વિકારપણું તે શમ. વૈરાગ્યથી રાગ જાય છે, ભક્તિથી દ્વેષ જાય છે, જ્ઞાનથી મોહ જાય છે. રાગ-દ્વેષ અને મોહ એ વિકાર છે. તેને દૂર કરવાના ઉપાય જ્ઞાન-દર્શન-ચારિત્ર છે.

(૧૦) <u>વાત્સલ્ય</u>: સ્વસંબંધીપણાના જ્ઞાનથી થતું ચિત્તનું આર્દ્રપણું, સ્નિગ્ધપણું, મધુરપણું તે સ્નેહ.

<u>રસના ૩ ગુણો છે: માધુર્ય, ઓજ અને પ્રસાદ.</u>

(૧) <u>માધુર્ય</u>: ચિત્તનું કઠોરપણું ચાલ્યું જાય, આહ્લાદ થાય,

ચિત્ત પાણી-પાણી થઈ જાય, તે માધુર્ય ગુણ છે.
તે મોટે ભાગે સંભોગ, શૃંગાર, કરુણ અને
વિપ્રલંભમાં ઉત્તરોત્તર અધિક હોય છે.

(૨) ઓજ: જેમ મનમાં જાણે અગ્નિ પ્રજ્વલિત થયો હોય, તેવો જુસ્સો ઉત્પન્ન થાય. તે વીર, બીભત્સ ને રૌદ્રમાં ઉત્તરોત્તર અધિક હોય છે. ચિત્તના વિસ્તારનો હેતુ છે.

(૩) પ્રસાદ: ચિત્ત વિકાસનો હેતુ છે. સૂકા લાકડામાં અગ્નિ તુરત વ્યાપી જાય, સ્વચ્છ જળ સર્વત્ર તુરત પ્રસરી જાય, તેમ મનમાં જે એકદમ ફેલાઈ જાય તે પ્રસાદ ગુણ છે.
તે સર્વત્ર અને સર્વરસમાં રહેલ છે.

ચિત્તનું આર્દ્રપણું, ઉગ્રપણું અને સ્વચ્છપણું
અનુક્રમે માધુર્ય, ઓજ અને પ્રસાદરૂપે રહેલું છે.

(૧) આચારનો રસ → પાપપ્રણાશ ન કરે.
(૨) જીવનનો રસ → મંગળમયતા ન અર્પે.
(૩) ધાતુનો રસ → મંત્રાધિરાજ દૂર કરે.
(૪) પારદ રસ → તંત્રાધિરાજ પોષે.
(૫) બ્રહ્મચર્યનો રસ → યંત્રાધિરાજ પોષે.
(૬) ધર્મનો રસ → નવગ્રહ સહાય કરે.
(૭) સાહિત્યનો રસ → શ્રુતસ્કંધ પોષે.
(૮) કર્મનો રસ → સર્વ સંગ્રાહક બને.

## સ્થાયીભાવનાં ૯ લક્ષણો

(૧) સંભોગ વિષયક ઇચ્છા વિશેષ તે <u>રતિ.</u>
'परस्परास्थाबंधात्मिका।'

(૨) વિકૃત વેષ વગેરે જોવાથી થતો વિકાસ તે <u>હાસ્ય.</u>
'चेतसोविकासः।'

(૩) ઇષ્ટનાશ અને અનિષ્ટ પ્રાપ્તિથી થતી
ચિત્તની ઉદ્વિગ્ન વૃત્તિ તે <u>શોક.</u> 'चित्तवैधुर्यं।'

(૪) શત્રુ ઇત્યાદિએ કરેલા અપકારથી થતું
મનનું પ્રજ્વલન તે <u>ક્રોધ.</u> 'तैक्ष्ण्यप्रबोधः।'

(૫) લોકોત્તર કાર્યમાં ઉત્સુકતા તે <u>ઉત્સાહ.</u>'स्थेयानसंरंभः।'

(૬) રૌદ્રદર્શનાદિથી થતી અનર્થ શંકા તે <u>ભય.</u>'चित्तवैक्लव्यम्।'

(૭) અર્થમાં દોષદર્શનથી થતી ગર્હા તે <u>જુગુપ્સા.</u> 'संकोच।'

(૮) અપૂર્વાર્થદર્શનથી થતો ચિત્તનો વિસ્તાર તે <u>વિસ્મય.</u>

(૯) વૈરાગ્યાદિ વડે ચિત્તનું નિર્વિકારપણું તે <u>શમ.</u>
'तृष्णाक्षय।' આદિ શબ્દથી ભક્તિ અને વાત્સલ્ય લેવાં.

°

*The ages have witnessed the
stars in their orbits, but this day
has no age witnessed.
It is a new appearance, a new reality.*

નમસ્કાર એ આંતરિક ધન છે, તેથી તેમાં નવરસો રહેલા છે.

ધનવાનને ધન ઉપર પ્રેમ છે,

નિર્ધનની અણઆવડત ઉપર હાસ્ય છે.

નિર્ધનની દુર્દશા પ્રતિ કરુણા છે.

પોતાના ધનનું અપહરણ કરનાર ઉપર ક્રોધ છે.

નવુંનવું ધન કમાવાનો ઉત્સાહ છે.

ધન ન ચાલ્યું જાય તે માટેનો સદા ભય છે.

ધનરહિત અવસ્થા ઉપર ઘૃણા છે.

ધનની પ્રાપ્તિની અપૂર્વતાનો વિસ્મય છે.

ધનથી થનારી તૃપ્તિનો સંતોષ છે.

પોતાના સંબંધી ધનવાન બને તે અભિલાષા છે.

નમસ્કારમાં કૃતજ્ઞતા છે, ભક્તિ છે, જ્ઞાન છે.

કૃતઘ્ન-ભાવહીન આત્મા Heartless છે.

ભક્તિહીન આત્મા ભાવિ પ્રત્યે Careless છે.

જ્ઞાનહીન આત્મા મૂઢ, senseless છે.

કૃતજ્ઞતા એ કર્મરોગનું ઔષધ છે.

ભક્તિભાવ એ અનુગ્રહ, કૃપા અને આશિષ પામવાનું ઔષધ છે.

જ્ઞાનદશા સર્વપાપ અને કર્મનો નાશ કરવાનું ઔષધ છે.

Expression of the Divine and translation of the external.

ॐ
नमः

# નમસ્કાર મહામંત્રનું દર્શન

(૧) સંત પુરુષોએ તેને
સર્વપાપ પ્રણાશક તરીકે દર્શન દીધાં છે.

(૨) મુમુક્ષુઓને તેણે પોતાની
મંગળમયતાનો પરિચય આપ્યો છે.

(૩) યોગીઓને અષ્ટમહાસિદ્ધિના અધિષ્ઠાનરૂપ ભાસ્યો છે.

(૪) મંત્ર સાધકોને તે 'મંત્રાધિરાજ' તરીકે પુરવાર થયો છે.

(૫) તંત્ર સાધકોને તે અનેક પ્રકારોની
અજાયબીઓથી ભરેલો દેખાયો છે.

(૬) જ્યોતિષીઓને તે નવગ્રહોને અંકુશમાં
રાખનારી મહાશક્તિ તરીકે પ્રતીત થયો છે.

(૭) વૈદ્યરાજોને તે રોગનિવારણ માટે અમૃત સમ લાગ્યો છે.

(૮) ગણિતશાસ્ત્રીઓને પોતાની બુદ્ધિશક્તિ દ્વારા
તે અનંતરૂપે અધિગત થયો છે.

(૯) શાસ્ત્રવેત્તાઓને મહાશ્રુત સ્કંધરૂપે
તે પ્રતિભાસિત થયો છે.

(૧૦) તત્ત્વસંગ્રહની અભિરુચિવાળાઓને મન
તે સર્વશ્રુતના સારરૂપ જણાયો છે.

(૧૧) કવિ હૃદયને તે રસગંગારૂપ પ્રતીત થાય છે.

આ પંચ પરમેષ્ઠિ નમસ્કાર એ સર્વ ધર્મ ક્રિયાઓનો પ્રાણ છે, નિષ્કર્ષ છે, સાર તત્ત્વ છે, જેમ કે ગોરસનો સાર માખણ અને કવિતાનો પ્રાણ ધ્વનિ (વ્યંગ્યાર્થ) છે.

<u>રસ:</u> આવેગોનો અનુભવ એ રસ નહિ,
પણ આવેગોના અનુભવનું જે સ્મરણ તે રસ છે.
વિભાવ, અનુભાવ અને વ્યભિચારી ભાવો વડે
વ્યક્ત થતા સ્થાયી ભાવો એ રસ છે.
એ રસ માનસિક આવેગરૂપ નથી,
પણ ચોક્કસ નિમિત્તોને પામીને
જીવાત્મા જે આંતર અને બાહ્યભાવોનું
પુનઃ પુનઃ પરિશીલન અને ચિન્તન કરે છે,
તે પરિશીલન અને ચિન્તન જ રસરૂપ બની જાય છે.

○

## God is love

Love is the very nature of God. It's not some slushy & sentimental emotion, but a tremendous dynamic healing force. The whole of creation of healing, of perfection is the outcropping of Divine Love.

## મૂળ પ્રણિધાન

નિદિધ્યાસન અને સવિકલ્પ સમાધિ
એ બંને જીવ બ્રહ્મૈક્ય ચિન્તનને માનેલ છે.
આ જાતની અખંડાકાર વૃત્તિ
એ જ 'વિમર્શ' છે.
આનું બીજું નામ 'વૃત્તિજ્ઞાન' છે.
આ વૃત્તિજ્ઞાન
જડભાવનો નાશ કરીને ચાલ્યું જાય છે.
'જડભાવ' એટલે
હૃદયની ગ્રન્થિઓ, સંશયો અને
કર્મો સહિતની અવસ્થા.
સવિકલ્પ સમાધિમાં
ધ્યેય-ધ્યાતા-ધ્યાનની ત્રિપુટી રહેલ છે.
આ અભ્યાસના પ્રકર્ષથી
'આ પ્રકારે હું ધ્યાન કરું છું'
એવી ત્રિપુટી રહેતી નથી અને
સમાધિનું જ કેવળ ધ્યેય રહે છે.
'નિર્વિકલ્પ-ચિન્માત્ર-સમાધિ:।'
અર્થાત્ શુદ્ધ ચિન્માત્રાત્મક સ્થિતિવિશેષ.

કર્મયોગ એ કર્તવ્યબુદ્ધિથી કરાતું અનુષ્ઠાન છે. પ્રાપ્ત કર્મોનું ઋણ ઉતારવા કરવાને કર્તવ્યબુદ્ધિ કહે છે. જે વસ્તુ પોતાને જાણ વગર મળી, તે વસ્તુ પોતે જાણીને આપે તો જ ઋણ પતે છે. મળેલાનું જેમ ઋણ ચૂકાવવા કર્મયોગ છે, તેમ નવું મેળવવા માટેનું વાવેતર કરવા ભક્તિયોગ છે. ભક્તિ વગર કૃપા વિના નવું કાંઈ મળતું નથી. પોતાનું જે છે તે પ્રાપ્ત કરવા માટે જ્ઞાનયોગ છે, પ્રણિધાન અને ઐક્યાનુસંધાન તેના સાધન છે.

મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય એ ૪ ભાવો આત્મામાંથી દુર્બુદ્ધિ નાશ કરવાનાં સાધનો છે. મૈત્રી અને કારુણ્યથી કૃતજ્ઞતા, પ્રમોદથી ભક્તિભાવ અને માધ્યસ્થ્યથી જ્ઞાનભાવ પોષાય છે.

કૃતજ્ઞ આત્મા પોતાને ક્ષમા કરી શકતો નથી, જગતને ક્ષમા કરે છે. પોતે દેવાદાર છે, મોટું દેવું ચૂકવી શકતો નથી, તેથી પોતાનું સ્વત્વ લેણું જતું કરી શકે છે. શેઠની સહાય વિના આગળ વધી શકાતું નથી, તેમ સમર્થની સહાય વિના મોક્ષમાર્ગ કાપી શકાતો નથી. જગતને પૂર્ણપણે જાણ્યા છતાં પોતાને ન જાણ્યો તેણે કાંઈ જાણ્યું નથી અથવા જાણ્યા છતાં કાંઈ મેળવ્યું નથી.

એમ પોતાનું નામ ભૂલી જનાર બધાના નામને ભૂલી,
તો તેને નિરૂપદ્રવતા છે, તેમ આત્માને ન જાણનારનું
બધું જાણપણું શાણપણાનાં ઘરનું નહિ.

પોતાની પ્રિય વસ્તુનું નામ માત્ર જાણવા-સાંભળવાથી
ઉત્સાહનો અનુભવ થાય છે. જેવી રીતે પ્રાણીઓને મોદકનું,
પ્રિયતમને પ્રિયતમાનું અને પ્રિયતમાને પ્રિયતમનું નામ
અને રૂપ બન્ને જાગૃતિ લાવે છે, એ રીતે પ્રભુ પ્રત્યે
પ્રેમ અને ભક્તિવાળાને પ્રભુનાં નામ-રૂપ હર્ષિત કરે છે.

જ્યાં સુધી તેમ ન થાય ત્યાં સુધી
પ્રેમ અને ભક્તિ જાગ્યાં નહિ, એમ માનવું વ્યાજબી છે.
તે જગાડવા માટે પ્રભુને 'પ્રભુ' તરીકે સમર્થ માનવા જોઈએ.

સૌથી અધિક સામર્થ્યવાન તત્ત્વ
આ જગતમાં જે કોઈ હોય તેનું જ નામ 'પ્રભુ' છે.
એ સામર્થ્ય ભોક્તાને અભોક્તા કરી શકે છે,
પછી અશુભ ભાવને શુભ બનાવી શકે
એ માટે પૂછવું જ શું?

પ્રભુની સાથે સંબંધ ધરાવતી પ્રત્યેક વસ્તુમાં
તેમનું પ્રભુત્વ છુપાયેલું છે.
તેને શોધીને અનુભવવું એમાં જ પુરુષાર્થની સફળતા છે.

## સહજ સ્થિતિ - ચિતશક્તિ : મહાપ્રકાશ રૂપ

અદ્વૈતાવસ્થામાં વિમર્શ વૃત્તિની કોઈ જરૂર નથી.

આંતર વિમર્શ પોતે પણ ચિતશક્તિ રૂપ છે.

ગુપ્ત શક્તિઓ, કર્મ, ભક્તિ, વૈરાગ્ય, ગુરુપાદસેવન, જપ, મંત્ર, હઠયોગ, શ્રવણ, મનન, નિદિધ્યાસનાદિ સર્વ આવરણ દેવતાઓ ચિતશક્તિમાં સમાઈ જ જાય છે.

ચિતશક્તિ મહાપ્રકાશ રૂપ છે,

જે પ્રકાશ વાણી અને વિચારથી પણ પર છે.

જ્યાં પરમાત્માથી અભિન્નપણે ચિતશક્તિનું સ્થાન છે, તે દહરાકાશ કે હૃદયમાંથી ચિતશક્તિને સંક્લેશ વિષયો બહાર લઈ ગયા હતા, તે પાછી લાવવી તે 'વિસર્જન' છે.

અજ્ઞાનની જે ચિતશક્તિ છે: આવરણ અને વિક્ષેપ.

આવરણ એ રાગાદિ છે અને વિક્ષેપ એ ચાંચલ્યાદિ છે.

એ કેવળ ત્રણ રોગોનો વ્યાપ્ત આવરણરહિત વિક્ષેપ છે.

વિક્ષેપમાં કેવળ મન રહે જ કારણ છે.

અજ્ઞાનાંશ એ જગતરૂપ અને નામરૂપ છે.

અસ્તિભાતિપ્રિય એ બ્રહ્મરૂપ છે.

વ્યાપક મંડળ એ અખંડાકારવૃત્તિ છે.

'ૐ' એ નામનાશક પ્રકાશ અર્થાત્ કે પ્રણવ છે.

'હ્રીં' એ રૂપનાશક વિમર્શ પ્રણવ છે. 'હું ફટ્ સ્વાહા' એ છે
પ્રદક્ષિણા, નમસ્કાર અને જપ - act of driving.
પ્રદક્ષિણા = ઇંદ્રિયો દ્વારા મન વિષયોના નામ-રૂપ ઉપર
પહોંચવા પ્રયત્ન કરે, તેને શાંત કરવા નમસ્કાર = નામ-રૂપ
રહિત ચૈતન્યરૂપ થઈ રહેવાની ક્રિયા. જપ ૩ પ્રકારે: નિગદ
(વાચ્ય), ઉપાંશુ, માનસિક. જ્ઞાનેન્દ્રિય - કર્મેન્દ્રિયના વ્યાપારો
રોકીને સતત અનાહત નાદનો અનુભવ કરવો તે જ છે
માનસિક જપ. આ નાદ એ જ વર્ણમાલાનું મૂળ બીજ છે.

આ વર્ણમાલા બધા મંત્રોનું બીજ છે,
તેથી નાદાનુભવ એ બધા મંત્રોની સિદ્ધિને પેદા કરે છે.
અનાહત નાદને ચૈતન્યસ્વરૂપમાં લઈ જવાની ક્રિયા
વસ્તુઃ ચિત્શક્તિની વિધ્યાત્મક-નિષેધાત્મક સ્તુતિ છે.

## અર્હં

એ અક્ષર નથી પણ અક્ષર રૂપે પરમાત્મા પોતે છે.
મૂર્તિ એ મૂર્તિ નથી, પણ પ્રભુનું જ મૂર્ત સ્વરૂપ છે.
પ્રભુ પોતે જ અર્હં રૂપે મૂર્ત સ્વરૂપ લઈને બેઠા છે.
દૂધને દૂધ માનીને પીવાનું નથી, પણ દૂધ છે માટે પીવાનું છે.

જિનમૂર્તિને જિન માનીને પૂજવાની નથી,
પણ જિનસ્વરૂપ છે માટે પૂજવાની છે.

## પ્રાર્થના એટલે શું ?

માગવું શું અને કોની પાસે? એક સદાનો કાનૂન - નિરંતર છે
જે જગતની વ્યક્તિ અને સમષ્ટિને પ્રગતિ, ઉન્નતિ
કરવાની પ્રેરણાશક્તિ આપે છે. એ શક્તિ સર્વત્ર છે.
તેનો ઉદ્દેશ સર્વ સૃષ્ટિનો ઉત્તરોત્તર - ઉત્તમ આધ્યાત્મિક
- નૈતિક વિકાસ થાય એવો છે. એ વિકાસવૃત્તિ એ જ
માણસનો મૂળ સ્વભાવ છે. એ વૃત્તિના વિકાસથી જ આત્માને
સાચો, સમગ્ર ને સંપૂર્ણ સંતોષ મળી શકે છે. એવું હોવાથી
માણસને એક જ વસ્તુની વિશેષ જરૂર છે કે તેણે અખિલ
બ્રહ્માંડના પતિ અથવા અખિલ બ્રહ્માંડની શક્તિ પાસે એવી
માંગણી કરવી, વિનંતિ કરવી, પ્રાર્થના કરવી કે એ એને
નૈતિક અને આધ્યાત્મિક વિકાસના પંથે દોરે. વળી એ
બ્રહ્માંડપતિ કે બ્રહ્માંડશક્તિની ઈચ્છા પણ એવી જ છે.
તે પ્રાર્થના કરે કે: 'તારી ઈચ્છા પૂર્ણ થજો, મારી નહિ.'
પ્રભુની ઈચ્છા પૂર્ણ થવા માટે માનવીએ પોતાની સ્વાર્થી
ઈચ્છાનો ક્ષય કરવો રહ્યો, તેથી માણસના અહંકારને ઓછો
કરવા માટે જ ધર્મની મૂળભૂત સાધના હોય છે. મમત્વનું
મરણ થાય ત્યારે જ હૃદયમાં ઈશ્વરનો વાસ થાય છે.
પછી જીવનમાં શ્વાસે - શ્વાસે દાસત્વભાવ વિકસે - પુષ્ટ

થાય છે, તેમ તેમ હૃદયમાં પ્રભુના કાયમ સહવાસ માટે પ્રાર્થના કરવાની તાલાવેલી વધતી જાય છે. રોમરોમમાં રામ વસે એવી અનંત આકાંક્ષાઓ પ્રગટતી જ જાય છે.

*Thy will, not mine, be done.*

'तेरी इच्छा, मेरी नहि, पूर्ण हो।'

ભગવાનની ઇચ્છામાં પોતાની ઇચ્છા લીન કરી દેવી તે ખરેખરી પ્રાર્થના છે. પ્રભુની પ્રાપ્તિનો આ સર્વોત્તમ ઉપાય છે. આ પ્રાર્થનાથી આત્મા ઊંચે ચઢે છે. બીજાના કલ્યાણ માટે પ્રાર્થના કરવાથી પ્રભુ અને કુદરત બંને પ્રસન્ન થાય છે. મનને શિથિલ કરો, બે નેત્રને બંધ કરો, વિરૂદ્ધ વિચારોને દૂર કરો, પ્રાર્થના ઉપર ચિત્ત લગાડો.

ચિત્તને વારંવાર પ્રાર્થના ઉપર ચોંટાડો.

જેમ આત્માનો પરમાત્મા સાથે સંબંધ અધિક અધિક જોડાશે,

તેમ તેમ રોમે-રોમમાં પવિત્રતાનો સંચાર થશે.

શ્રદ્ધા સિંચિત પ્રાર્થનાથી તુરત લાભ થશે.

શ્રદ્ધા અને વિશ્વાસયુક્ત પ્રાર્થના સુંદર બનશે.

પ્રભુ એક ગતિ છે. પ્રાર્થના એ પાંખ છે.

પ્રાર્થનામાં પ્રીતિ, પ્રતીતિ અને ગતિ ત્રણે ત્રણ જોઇએ.

પ્રાર્થના રોગીઓને ધન્વંતરી,

અસહાયોને સહાય, અનાથોને નાથ, નિર્બળોનું બળ છે.

પ્રભુની કૃપા, દાસપણું અને સેવા સિવાય સર્વસ્વ વડે
થતી પ્રાર્થનાનો વિષય જાણે એક પણ ન રહેવો જોઈએ.

પ્રભુની વસ્તુ પ્રભુની સેવામાં વપરાય
એ જ એક ઇચ્છા રહે.

'નૈવાઽહમેકોઽપિ ભવજ્જનાનાં
ભૂત્વા નિષેવે તવ પાદપલ્લવમ્ ।'

અર્થાત્ હું એકલો પણ આપના જનોનો થઈને
તમારા ચરણકમળની સેવા કરું.

વૈરાગ્ય વિના કર્મ, ભક્તિ, જ્ઞાન, રાજ કે હઠ
કોઈપણ યોગ સિદ્ધ થતો નથી.

## તાત્ત્વિક પ્રતિષ્ઠા

પોતાનો આત્મા પરમાત્મતુલ્ય રહે અને પરમાત્માની સ્વઆત્મામાં પ્રતિષ્ઠા કરવી તે 'તાત્ત્વિક પ્રતિષ્ઠા' છે અને પીતળના કે ભગવાનની મૂર્તિમાં પ્રતિષ્ઠા કરવી તે 'ઔપચારિક પ્રતિષ્ઠા' છે. પરમાત્માની પ્રતિષ્ઠા મૂર્તિમાં કરવી એટલે સ્વહૃદયમાં રહેલ પરમાત્મભગવાનની મૂર્તિમાં પ્રતિષ્ઠા કરવી. બાહ્યપરમાત્માની મૂર્તિમાં પ્રતિષ્ઠા કરવી એ પણ ઔપચારિક છે. આધાર મનુષ્ય ભૂતિને પામતો નથી. અહિંસા, સત્ય વગેરે શરીરની સિદ્ધિ છે. દૂરદર્શન, દૂરશ્રવણ વગેરે આદિ

ઇંદ્રિયોની સિદ્ધિ છે. ઈશ્વર પ્રણિધાનથી સમાધિની સિદ્ધિ થાય છે. એનું તાત્પર્ય એ છે કે ઈશ્વર પ્રણિધાન વૃત્તિનો નિરોધ કરવાનું તથા વાસનાઓનો ક્ષય કરવાનું શ્રેષ્ઠ સાધન છે. એ સાધન સહિત યોગાભ્યાસ કરવાથી સમાધિની પ્રાપ્તિ સહેલાઈથી અને જલ્દીથી પણ થઈ શકે છે. Die unto thyself that He may live in thee. તું તારામાં જ મરણ પામ, જેથી પ્રભુ તારામાં વસે.

o 'ન શ્વઃ તિષ્ઠતિ ઇતિ અશ્વત્થં ।'

આવતી કાલે જે રહેવાનું નથી તે અશ્વત્થ.

સંસારને અશ્વત્થ વૃક્ષની ઉપમા છે.

સંસારમાં તન-મન-ધનથી મોટા કેવી રીતે બનાય?

મોટાનું મન મોટું હોય છે,

દિલ દરિયા જેવડું હોય છે જેમાં પ્રત્યેક નદી, તોફાન, તરંગ, અગાધિત જીવ-જંતુ સમાઈ જાય છે. એવા જે મનથી-દિલથી મોટા હોય, તેના સાથે પોતાના દિલને મળાવો. રામથી દિલ મેળવીને રાક્ષસ પણ ભક્ત થઈ ગયા. કૃષ્ણથી દિલ મેળવીને ગોપીઓ ય યોગીઓની ગુરુ બની ગઈ. મોટાના દિલથી પોતાના દિલને મેળવતા રહો, જેઓએ લોહને જળ અને પથ્થરને નાવ બનાવવાની ક્ષમતા શીખવી છે.

ॐ नमः

<u>કાવ્યના ૧૨ દોષો</u>

શબ્દદોષ, અર્થદોષ, રસદોષ,
નિત્યદોષ, અનિત્યદોષ વગેરે સર્વે 'દોષો' કહેવાય છે.

(૧) ચ્યુત સંસ્કૃતિ (૨) ભગ્નપ્રક્રમ
(૩) શ્રુતિ કટુત્વ (૪) ક્લિષ્ટત્વ
(૫) અશ્લીલતા (૬) અપુષ્ટત્વ
(૭) ગ્રામ્યતા (૮) હતવૃત્તત્વ
(૯) અપ્રસિદ્ધતા (૧૦) અનૌચિત્ય
(૧૧) સંદિગ્ધતા (૧૨) કથિત પદત્વ

કોઢના એક ડાઘથી ઉત્તમ કાંતિવાળું પણ
શરીર કદરૂપું બની જાય છે, તેમ એક પણ દોષથી
ગમે તેવા પંડિતનું કાવ્ય પણ કર્ણકઠોર થઈ જાય છે.
પંડિત = કાવ્યની અર્થભાવના સમજવા પરિપક્વ બુદ્ધિવાન.
સાહિત્યની ભાષા શબ્દપ્રધાન હોય છે.
શબ્દનું ગ્રહણ બુદ્ધિથી થઈ શકે છે,
અર્થનું ગ્રહણ હૃદયથી થાય છે.
સ્યાદ્વાદી લોકો શબ્દગ્રાહી નહિ પણ અર્થગ્રાહી હોય છે.
<u>અર્થ બે પ્રકારના હોય છે: વાચ્ય અને લક્ષ્ય.</u>
<u>લક્ષ્ય અર્થનું ગ્રહણ કરે તે સ્યાદ્વાદી.</u>
<u>કેવળ વાચ્ય અર્થનું ગ્રહણ કરે તે એકાંતવાદી.</u>

એકાંતવાદી બુદ્ધિપ્રધાન હોય છે.

હૃદયપ્રધાન હોય તે જ સ્યાદ્વાદી બની શકે છે.

સહૃદયી સામાના શબ્દ પાછળ કયો ભાવ રહ્યો, તે શોધે છે.

0 સ્થાન, વર્ણ, અર્થ આલંબનયોગ પણ જેને માટે છે

તે મને ચંદનનું ફૂલ શુભચિત્તલાભ રૂપી યોગ છે.

સ્થાન આદિ દ્વારા ભાવ રૂપ ફૂલનો લાભ થાય છે.

ભાવોભક્તિરિત્યપીત્યર્થઃ = ભક્તિ, આસ્થા, પ્રેમયુક્ત ભાવ.

સહૃદય = સારા અંતઃકરણવાળો.

0 કરે તેવું પામે. વાવે તેવું લણે. આપે તેવું મેળવે.

આવા વાક્યો સત્યમય, શુભફલના સિદ્ધાંતને દૃઢ કરે છે.

o

## Healing made possible

Sickness is the greatest miracle
in life, for it is the
negation of Universal Law.
Health is the most normal thing in life.
Any one can have it who will stop
telling himself that he cannot have it,
and who will approach it from the
standpoint of the Universal law.

બહારનું જગત અંદરના જગતનું પ્રતિબિંબ માત્ર છે.
મનમાં જેવી ભાવનાઓ રહે છે, તેવું જ બહારનું જગત
આકાર ધારણ કરે છે. ભગવાનની કૃપા અદ્ભુત છે,
માટે ભક્તિ અવ્યભિચારિણી જોઈએ.

ગુરુ બનવાની મહેનત જન્માંતર માટે રાખો.
ગુરુરાગી બનવાની મહેનત આ જન્મમાં કરો.

ગુરુ ચિત્રકાર છે, તો ગુરુરાગી વિચિત્રકાર છે.
એક ચિત્ર દોરે છે, બીજો ચિત્ર દોરવાની ભીંત સાફ કરે છે.

યંત્ર

આકૃતિને જોવા એ અરિહંત ભગવંતોને જોવા બરાબર છે. બાહ્યદૃષ્ટિ આકાર ઉપર છે. અંતરદૃષ્ટિ અરિહંતો ઉપર છે. આકૃતિ રૂપી યંત્ર વડે દૂરસ્થ અરિહંતોને જોઈ શકાય છે. દૂર રહેલ અને સૂક્ષ્મ એવી વસ્તુઓને જોવા માટે યંત્ર જ સહાયક છે. દૂરદર્શી યંત્રને telescope અને સૂક્ષ્મદર્શી યંત્રને microscope કહેવાય છે.

અરિહંતો દૂર પણ છે અને સૂક્ષ્મ પણ છે.
તેને બતાવનાર આકૃતિ
એક સ્વરૂપે હોવા છતાં બે પ્રકારનું કાર્ય કરે છે.

ભક્તની ભાષામાં અર્થની પ્રધાનતા હોય છે, શબ્દની નહિ.

૨૭/૭/૧૯૫૯

૦ 'ભક્તિ એ મુક્તિની દૂતી છે' તથા
'ગુરુ પ્રત્યક્ષપણાનું બહુમાન એ
કર્મવનને બાળવા દાવાનળ સમાન છે' વગેરે
વાક્યો ક્રમે પણ ભગવાન જેવો ધર્મ છે, તેને બતાવે છે.
'જ્ઞાન જ સ્વયં ભગવાન છે' એમ જણાવનાર વાક્યો
જ્ઞાનમાર્ગની મહત્તા સ્થાપે છે. જ્ઞાની શ્વાસોશ્વાસમાં જે
કર્મને ખપાવે છે, તે કર્મને અજ્ઞાની બહુ ક્રોડો વર્ષના તીવ્ર
તપથી પણ ખપાવી શકતો નથી, માટે જ્ઞાન સ્વયં ભગવાન છે.
આત્મા ત્રિભુવન પ્રકાશક દીપિકા છે.
જેમજેમ શુદ્ધિકરણ થતું જાય છે,
તેમ તેમ લોકમાં વર્તતા ભાવો ભાસમાન થતા જાય છે.
રોજ આત્મચિંતન કરવું.
શ્રી સિદ્ધચક્ર મહાસત્તા તરફ આત્મસમર્પણવૃત્તિ વધારતા રહેવું.
અખિલ બ્રહ્માંડ શ્રી સિદ્ધચક્ર મહાસત્તાને સ્વાધીન છે અને
સર્વજ્ઞભગવાનો પરમ મહોદય એ મહાસત્તાના અનુગ્રહથી થાય છે.
જો પાણીના કુંડમાં પડેલા કચરાને બહાર કાઢવો હોય,
તો અંદર પાણી રેડતા જવું જોઈએ.
છેવટે સ્વચ્છ જળથી પરિપૂર્ણ કુંડ થશે.

o કિરણ અથવા તરંગ કેવળ સીધી દિશામાં કે સીધી લીટીમાં ફેલાતાં નથી. તેમને ફેલાવા માટે વર્તુળ જોઈએ છે. આથી જ તેઓ આકાશમાં ચારે તરફ વ્યાપ્ત થઈ જાય છે અથવા ચતુર્દિગ્ વ્યાપી આકાશને ભરી દે છે. એથી જ આપણા તરંગો રેડીયો દ્વારા પૃથ્વી આસપાસ ક્યાંયપણ સ્થળેથી પકડી શકાય છે. તરંગમાં ગતિ છે, આકાશમાં સ્થિતિ છે. ગતિ-સ્થિતિનું આ જોડું જ શક્તિની અભિવ્યક્તિરૂપ બને છે. મનનું સ્વરૂપ કામમય છે. કામ એ મનની ઉત્પાદક શક્તિ છે.

એ જ કામનો અર્ધો ભાગ કેન્દ્રમાં અને
અર્ધો ભાગ પરિઘમાં વહેંચાઈ જાય છે.
આ બંને અર્ધા ભાગ પતિ-પત્ની છે.
પોષા અને વૃષારૂપે કામની સત્તા
વિશ્વના સમસ્ત ચૈતન્ય પ્રાણીઓમાં દેખાય છે.
જ્યાં જ્યાં મન અને પ્રાણનો વિકાસ છે,
ત્યાં ત્યાં પોષા-વૃષાનું તંત્ર અવશ્ય રહે છે.
અર્થશાસ્ત્રમાં ધનના ૩ વિભાગ છે:
જેને ઉત્પાદન, વહેંચણી અને ભોગ કરે છે.
એ ત્રણેમાં ભોગ મુખ્ય છે.

o ૧૦ ગધેડા ભેગા કરવાથી ૧ ઘોડા જેટલી બુદ્ધિ ઉત્પન્ન ન થાય.

o પગે ફોલ્લો ઉઠ્યો હોય તો તે એકલા પગનો જ નથી,
પણ આખા શરીરનો છે. એમાં પગને જ લાગતું વળગતું નથી,
આખા શરીરને લાગે - વળગે છે.

અભેદબુદ્ધિ એ વાત્સલ્યભાવ ને પૂર્ણદૃષ્ટિ શાંતભાવ છે.
બંને ભાવો મૈત્રી-પ્રમોદ-કરુણા-માધ્યસ્થ્યથી પરિપૂર્ણ છે.

અહં એ ભેદબુદ્ધિનું પ્રતીક છે.
અર્હં એ અભેદબુદ્ધિનું પ્રતીક છે.
'ર'કાર એ અગ્નિબીજ છે, તેથી
રેફસહિત અર્હંનું ધ્યાન અહંનો નાશ કરે છે.
ભેદબુદ્ધિના નાશથી અભેદબુદ્ધિ અને
અભેદબુદ્ધિની સાધનાથી પૂર્ણદૃષ્ટિની પ્રાપ્તિ થાય છે.
તીર્થંકરત્વ અભેદબુદ્ધિનું ફળ છે.
સિદ્ધત્વ પૂર્ણદૃષ્ટિનું પરિણામ છે.

અભેદપણાની બુદ્ધિ = તીર્થંકરત્વ. પૂર્ણતાદૃષ્ટિ = સિદ્ધત્વ.
અભેદબુદ્ધિની ભાવના ભેદબુદ્ધિના નાશમાં સહાયક છે.
પૂર્ણદૃષ્ટિની નજર ગુણના વિકાસમાં ઉત્તેજક બને છે.
તત્ત્વજ્ઞાનીઓ હંમેશા દુનિયાની દૃષ્ટિએ જ વિચાર કરે છે.
હવા, પાણી અને પ્રકાશ જીવન માટે અનિવાર્ય વસ્તુઓ
છે, તેથી જ કુદરતે તેને વિપુલ પ્રમાણમાં ઉત્પન્ન કર્યાં છે.

આવી જ રીતે આધ્યાત્મિક જીવન જીવવાને માટે દયાના સ્થાને પ્રેમ, ક્ષમાના સ્થાને દાન અને સમાજના સ્થાને ચારિત્ર પણ પુષ્કળ પ્રમાણમાં આત્મામાં ભરેલાં છે. દયાની જેમ પ્રેમની સૌથી વધારે જરૂર છે, તેમ ઓછી ક્ષમાની જેમ દાનની અને તેમ ઓછી સમાજની જેમ ચારિત્રની છે, તેમ ઉત્તરોત્તર અધિક દુર્લભ છે. દયા, ક્ષમા, પ્રકાશની જેમ જ્ઞાન પણ આવશ્યક છે. કામ કરવાની શક્તિની જેમ ધ્યાનની એક શક્તિ હોય છે. કોઈ વિષય ઉપર મનુષ્ય one pointed mind કરે, એકાગ્ર ધ્યાન એમાં એક શક્તિ છે, એ તો બરાબર છે,

પણ આધ્યાત્મિકતા શું છે?

એકાગ્રતા સિદ્ધ થવા માત્રથી આધ્યાત્મિક મૂલ્યો બદલાતાં નથી.

એકાગ્રતા તો આર્ત અને રૌદ્રમાં પણ છે.

આધ્યાત્મિકતા એ તો સાવ જુદી વસ્તુ છે.

તેમાં આત્મરૂપે સર્વને જોવાની શક્તિ છે.

સર્વાત્મભાવ, વિશ્વાત્મભાવ અને પરમાત્મભાવ એ ખરી બ્રહ્મવિદ્યા કહો કે આત્મવિદ્યા કહો તે છે. 'મારામાં અને બીજામાં તત્ત્વદૃષ્ટિએ ફરક કોઈ નથી;' એવો અનુભવ જેને થશે, તેણે બ્રહ્મવિદ્યાનો સ્વાદ ચાખ્યો એમ કહી શકાય.

## મંત્રનો ખરો અર્થ

મંત્ર એ વાચ્યાર્થ કે લક્ષ્યાર્થ નહિ પણ ઐદંપર્યાર્થ છે.
તેનાથી પાપનો નાશ-મંગળનું આવાગમન થાય. તેનો અક્ષરાર્થ,
શબ્દાર્થ કે વાચ્યાર્થ ન જાણનાર પણ ઐદંપર્યાર્થ જાણીને
તેને ભાવનાપૂર્વક ગણે તો અવશ્ય ફળદાયી થાય છે.

મંત્રો હંમેશા ગૂઢ ભાષામાં જ લખાયેલા હોય છે.
સ્પષ્ટ ભાષામાં લખવાથી અનધિકારી આત્માઓને અનર્થ થાય,
તેથી બચાવવા માટે ગૂઢ રીતે લખવામાં આવે છે.
ગૂઢ રીત = દેખાવમાં અર્થ જુદો અને અંદરમાં જુદો હોય.

સાચા મંત્રોનો ગૂઢ અર્થ એક જ હોય છે અને તે એ કે:
અવિદ્યાનો નાશ - વિદ્યાની પ્રાપ્તિ થાઓ.
પરમાં સ્વપણાની અને સ્વમાં પરપણાની બુદ્ધિ તે 'અવિદ્યા' છે.
'પર' એટલે પુદ્ગલ. 'સ્વ' એટલે જીવ.
જીવમાત્રમાં જીવત્વ સરખું છે, તેથી તે 'સ્વ' છે.
પુદ્ગલમાત્રમાં પુદ્ગલત્વ સરખું છે, તેથી તે પર છે.
'સ્વમાં સ્વપણાની બુદ્ધિ પ્રાપ્ત થાઓ' તેનો અર્થ એ છે કે:
પર્યાયથી વિનાશી હોવાથી 'પર' છે,
દ્રવ્ય અવિનાશી હોવાથી 'સ્વ' છે.
દ્રવ્યમાં સ્વબુદ્ધિ સમાધિજનક છે.

મંત્ર formula છે, જે વડે અવિદ્યાનો નાશ સિદ્ધ કરવાનો
અને વિદ્યાનો લાભ મેળવવાનો છે.
વિદ્યાનો લાભ ભાવકર્મના નાશથી શક્ય છે.
ભાવકર્મનો નાશ થવા સાથે દ્રવ્યકર્મનો નાશ અવશ્યંભાવી છે.
'કર્મનો નાશ' એટલે કર્મના સંબંધમાં આવવાની જીવની
યોગ્યતાનો નાશ. તે કરવા મુક્તિના સંબંધમાં આવવાની
જીવની યોગ્યતાનો વિકાસ થવો જોઈએ. તેના સાધન છે
દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદન અને ચતુઃશરણગમન.
દુષ્કૃતરહિત થવાનો ઉપાય દુષ્કૃતગર્હા છે.
સુકૃતસહિત થવાનો ઉપાય સુકૃતાનુમોદન છે,
એ ઉભય પરિણામ મેળવવાના ઉપાય ચતુઃશરણગમન છે.
'શરણાગમન' એટલે સતત સ્મરણનો અભ્યાસ.
એ અભ્યાસ અન્ય સર્વનું વિસ્મરણ કરાવી,
જેઓ આપણા હિત-કલ્યાણનું સતત સ્મરણ કરે છે,
તેઓનું સ્મરણ કરાવનારી હોઈ
કૃતજ્ઞતા ગુણનો વિકાસ કરાવવાની સાથે
પરહિતાર્થની ભાવના વિકસાવે છે,
જે ભાવના પુણ્યાનુબંધી પુણ્યનું ઉપાર્જન કરાવી,
જીવને મુક્તિપુરીમાં લઈ જાય છે.

ॐ
नमः

'હું દુષ્કૃતરહિત અને સુકૃતવાન બનું' એમાં હુંપણું પોષાય છે.
'હું દુષ્કૃતમાત્રને ગર્હનારો થાઉં અને સુકૃતમાત્રને
સન્મતિ દેનારો થાઉં' એ વાક્યમાં અહંભાવ પોષાતો નથી.

દુષ્કૃતરહિત અને સુકૃતસહિત થવું એ જીવની તાકાત બહારનો વિષય છે. જીવની વર્તમાનકાલીન તાકાત સુકૃતવાન અને દુષ્કૃતહીન થવાની નથી. તેમાં રૂપાંતર લાવવું હોય તો પોતાના બળથી નહિ લાવી શકે. જેણે એ બળ પ્રાપ્ત કર્યું છે તેમની કૃપાથી, શુભાશિષથી, આંતરિક ભક્તિથી જ શક્ય છે, તેથી અશક્યક્રિયાને છોડીને શક્યક્રિયા 'દુષ્કૃતનો દુષ્કૃતરૂપે સ્વીકાર અને સુકૃતનો સુકૃતરૂપે સ્વીકાર' કરવાપૂર્વક સમર્થનું શરણું અંગીકાર કરવું જોઈએ. તેના વડે દુષ્કૃતના ત્યાગનું અને સુકૃતના સેવનનું બળ આપોઆપ પ્રગટે છે.

સઘળું બળ મેળવવાનું સાધન નમ્રતા છે.

ગર્હા અને અનુમોદનપૂર્વકના શરણા વડે લઘુતા, નમ્રતા, કૃતજ્ઞતા કેળવાય અને એ ૩ ગુણ એવા છે કે જેનું સેવન કરનાર જીવને સત્પાત્ર બનાવે છે.

સત્પાત્રને સઘળી સંપત્તિઓ આવીને વરે છે.

'પાત્રમાયાન્તિ સંપદઃ।'

○

*First deserve and then desire.*

ભક્ત પરિજ્ઞાપયન્ના ઉપદેશમાં ચતુઃશરણગમન,
દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદન ઉપરાંત શુભભાવના (મૈત્રી આદિ),
આહાર ત્યાગ, પરમેષ્ઠિ સ્મરણ, જીવરાશિને ક્ષમાપના,
પાપસ્થાનકોની આલોચના, અતિચારોનું શોધન કરીને જે
પ્રતિક્રમણ અને વ્રતોના ગ્રહણનો ઉપદેશ થાય છે.
આમાં આલોચના, પ્રતિક્રમણ, ક્ષામણા, વ્રત ગ્રહણ,
પરમેષ્ઠિ સ્મરણ, ભાવના અને તપ મુખ્ય છે.

## સમત્વ અને ધ્યાન

ભાવનાજન્ય સમત્વ વિના ધ્યાન એ વિડંબના છે.
વિષયો પ્રત્યે વિરક્તિ પેદા કરનાર
અનિત્યત્વાદિ ભાવનાઓ છે.
એ વિરક્તિ રૂપી જલ વડે કષાયરૂપી અગ્નિ શમે છે,
સમત્વ પ્રાપ્ત થાય છે.
સર્વ જીવરાશિ સાથે આત્મતુલ્ય વૃત્તિ જાગે છે,
તેથી બોધિરૂપી પ્રકાશ પ્રાપ્ત થાય છે.
બોધિથી સમાધિ અને સમાધિથી સુગતિ મળે છે.
ધ્યાનથી સમત્વ નિષ્પ્રકંપ થાય છે.
નિષ્પ્રકંપ સમત્વ આત્મજ્ઞાનનું કારણ થાય છે.
આત્મજ્ઞાન કર્મક્ષય દ્વારા મોક્ષ અપાવે છે.

ॐ
नमः

## નિઃશલ્યો વ્રતી

નિરાશંસભાવે થતાં સત્કર્મો 'કર્મયોગ' કહેવાય છે.
નિદાનશલ્ય કર્મયોગને બાધક છે.
શ્રદ્ધા-દૃઢ વિશ્વાસપૂર્વક થતાં સત્કર્મો 'ભક્તિયોગ' કહેવાય.
મિથ્યાત્વશલ્ય ભક્તિયોગને બાધક છે.
નિષ્કપટભાવે, આત્માર્થિક બુદ્ધિ કેવળ આત્મકલ્યાણની
ભાવનાથી થતાં સત્કર્મો 'જ્ઞાનયોગ' કહેવાય છે.
માયાશલ્ય એ જ્ઞાનયોગને બાધક છે.

## સ્યાદ્વાદ

કોઈપણ વચન કે વિચાર સ્યાત્પદપૂર્વક હોય,
તો તે સમ્યગ્વચનરૂપ બને છે.
'સ્યાત્' એટલે વિશેષિત.
અપેક્ષાથી નિયંત્રિત એવું વાક્ય
નિરભિનિવેશિતાનું કારણ બને છે.
અસદ્ અભિનિવેશ એ જ મોક્ષમાર્ગમાં મુખ્ય બાધક છે.
તેનું નિવારણ સ્યાત્, કથંચિત, અમુક અપેક્ષાએ વચન કે
વિચારનો ઉચ્ચાર કે મનન કરવામાં આવે તો જ થઈ શકે.
અપેક્ષાનો સ્વીકાર એ સમ્યગ્દર્શન છે.
વચનનો વિચાર એ સમ્યગ્વચન છે.

## ક્રિયા, ભાવ અને ધ્યાન

કુળવધૂના દૃષ્ટાંતથી પતિના ઘરનું સઘળું કાર્ય કરતી વખતે ધ્યાન પતિનું રહે છે, તેમ જ સમ્યગ્દૃષ્ટિ કોઈપણ ક્રિયા કરતી વખતે એ ક્રિયાના આદ્યપ્રકાશક તીર્થંકર દેવોના ધ્યાનથી આવિષ્ટ રહે છે. એ ધ્યાન જો ચૂકાય તો સઘળી ક્રિયા ચાકરડીની ક્રિયા જેવી ગણાય. ક્રિયા કરવા માત્રથી બંને સમાન છે. માત્ર ધ્યાનના ફરકથી ચાકરડી અને કુળવધૂનું અંતર પડે છે. જિનેશ્વરોના પ્રણિધાનથી શૂન્ય પ્રત્યેક ક્રિયા ચાકરડીની ક્રિયાની તુલનાને પામે છે.

0 નમો લોએ સવ્વસાહૂણં ।

એ પદનો ભાવ નિશ્ચયથી
'નમો લોએ જીવાણં ।'નું પ્રત્યક્ષ છે.
સાધુના હૃદયમાં સર્વ જીવોનું
પોતાના આત્મા જેટલું જ સ્થાન છે, તેથી જ તે સાધુ છે.
પોતાના હૃદયમાં તે સ્થાન લાવવા માટે સાધુનો નમસ્કાર છે.
સાધુ કરતાં ઉપાધ્યાય અને તે કરતાં આચાર્ય પોતાના
હૃદયમાં સમગ્ર વિશ્વને અધિક અને અધિક સમાવે છે.
છેલ્લે અરિહંતો એ વિશ્વમાં સર્વથી વિશિષ્ટ છે,
તેથી તેમનું પદ સર્વથી ઊંચું છે.

ॐ
नमः

વ્યવહારના વિરોધથી તીર્થનો વિરોધ છે, તેથી
નમસ્કાર મંત્રના ૫ પદોમાં છેલ્લું સ્થાન સાધુઓનું છે.
ઉતરતા ભલે પૂજ્ય નહિ પણ પૂજનીય છે,
માટે તે નમસ્કાર્ય બની શકે નહિ, તો પણ નમસ્કાર્યના
અંતઃકરણમાં રહેલી વૃત્તિને પોતાના અંતરમાં લાવવા
સ્થાપી શકાય તે હેતુએ નમસ્કાર કરવાનો હેતુ છે.

## સિદ્ધચક્ર અને આયચક્ર

ચક્ર સમુદાય અગર મંડલ - સિદ્ધોનો, સિદ્ધ થનારાઓનો અને
સિદ્ધિમાર્ગ ઉપર રહેલાઓનો તથા એ માર્ગનો નમસ્કાર
સમ્યક્ત્વને નિર્મળ બનાવનારી છે.
આ ચક્રમાં ભૌતિક વિઘ્ન પણ સમાવેલ લાગે છે તેથી
સિદ્ધ - અસિદ્ધ બંનેની સાધનાનો લાભ અવશ્ય મળે છે.

## નિયતિ

ન્યૂનાધિકતા વિના નિયત વૃત્તિ કરાવનારી 'નિયતિ' છે.

નમઃ : ત્યાગ - ભવત્વ
अरिहंत : तत् - सिद्धत्व
चतुर्थ : अस्मि - ब्रह्मत्व
मः : भव | भवत्वनो
न : निषेध | निषेध

स्वानं अहं न अस्मि इत्याकारकं ।

ॐ नमः

## શરણ

ભેદબુદ્ધિ એ જ ભવ છે, તેનું ત્રાણ અભેદબુદ્ધિ અને તે બુદ્ધિના ધારકનું ચિત્તમાં સ્મરણ શિવાય બીજું શું છે?

## બે પ્રકારે પાપ

દ્વેષાત્મક = પાપયતિ મલિનયતિ ।

રાગાત્મક = પાતિ ઇતિ પાપં ।

દ્વેષાત્મક પાપનો નાશ કરવા જીવના જીવત્વમાં નહિ પણ કર્મના કર્મત્વમાં દોષદૃષ્ટિ જવી જોઈએ. દુઃખદાયક કર્મપણું જીવ નહિ પણ પૂર્વે બાંધેલું પોતાનું જ કર્મ છે, તેથી કર્મ અરિ વૈરી છે.

કર્મ બાંધનાર પોતાનો અશુભ અધ્યવસાય જ દુશ્મન છે. અશુભ અધ્યવસાયને ઉત્પન્ન કરનાર પોતાનું અજ્ઞાન અને તેમાંથી ઉત્પન્ન થતું અસદ્વર્તન દુઃખનો હેતુ છે. તેથી દોષ પોતાની વિપરીત માન્યતા, અસદ્વર્તન અને અજ્ઞાન અને તેથી ઉત્પન્ન થયેલ અશુભકર્મના ઉદયનો છે. આમ દ્રવ્યકર્મ-ભાવકર્મ ઉભયને દુઃખનું કારણ સમજવું અને પ્રત્યેક પ્રતિકૂળ પ્રસંગે દોષ તે પ્રસંગનો કે તેમાં નિમિત્ત બનનાર કોઈ જીવનો ન જોવો પણ પોતાનો જ જોવો. પોતાના જ દુષ્પ્રયુક્ત યોગોનો, અનાદરનો, સ્મૃતિભ્રંશનો,

રાગ-દ્વેષ, અજ્ઞાન, સંશય, વિપર્યય રૂપી પ્રમાદદોષ જોવો એ પ્રધાન સમ્યક્ત્વ છે, જે એમ શીખવે છે કે દોષ જોવો તો કર્મનો જોવો, પછી તે દ્રવ્યકર્મ હો કે ભાવકર્મ. 'બંનેને કરનારો પોતે જ છે' એમ માનીને પોતાનો જ દોષ જોવો, પણ પોતા સિવાય બીજા કોઈપણ જીવનો દોષ ન જોવો.

એ રીતે પરજીવોમાં દોષ જોવાની દૃષ્ટિ
ઉત્પન્ન થતો દ્વેષદાવાનળ શાંત થાય છે.

સર્વ જીવો સાથે મૈત્રીભાવ રૂપી અમૃતનો આસ્વાદ સદા સર્વદા લઈ શકાય એનું જ નામ 'વ્યવહાર'. સમ્યક્ત્વરૂપ અમૃતનો આસ્વાદ છે. એક વખત તે આસ્વાદ ચાખ્યા પછી તેને છોડવાનું મન થતું નથી અને કોઈ વખતે છૂટી જાય તો એનું દુઃખ થાય છે, તેથી ફરી ફરીને તે અમૃતનો આસ્વાદ લેવાનું મન થાય છે. મૈત્રીભાવરૂપી અમૃતના કુંડમાં સ્નાન કરીને અજરામર પદની પ્રાપ્તિ થાય છે.

વ્યવહાર સમ્યક્ત્વ દૃઢ થયા પછી પણ નિશ્ચય સમ્યક્ત્વ દૃઢ ન થાય, ત્યાં સુધી પરપુદ્ગલમાં સુખની બુદ્ધિ જતી નથી. 'પરજીવ મને દુઃખ આપનાર છે' એ માન્યતાથી જેમ દોષદૃષ્ટિ ને દ્વેષબુદ્ધિ થતી હતી, તેમ 'પરપુદ્ગલ મને સુખ આપનાર છે' એ માન્યતાથી પુદ્ગલ પ્રત્યે ગુણદૃષ્ટિ

અને રાગબુદ્ધિ રહેતી નથી. જીવ પ્રત્યેના દ્વેષથી જેમ અનંત ભવરાશિ ઉત્પન્ન થઈને અનંત જન્મ-મરણનું કારણ થાય છે, તેમ જ રીતે પુદ્ગલ પ્રત્યેના રાગથી જીવ અનંત ભવરાશિ ઉત્પન્ન કરીને જન્મ-મરણ વધારે છે. દ્વેષને ક્ષાન્ત્યાદિ ગુણરૂપી વનને બાળવા માટે દાવાનળ કહીએ, તો રાગને સુખ અને સ્વસ્થતારૂપી શરીરને સંતાપ કરનાર જ્વર તરીકે ઓળખાવી શકાય.

રાગરૂપી જ્વરને શમાવનાર ઔષધિ નિશ્ચય સમ્યક્ત્વ છે. તે એમ શમાવે છે કે:

સુખ પુદ્ગલનો ગુણ નથી પણ જીવનો ગુણ છે, તેથી સુખના અર્થીએ પરપુદ્ગલ પ્રત્યે ગુણદૃષ્ટિ કેળવવાની નથી પણ સ્વજીવ પ્રત્યે ગુણદૃષ્ટિ કેળવવાની છે. પરજીવ પ્રત્યે જેમ દ્વેષ ત્યજવાનો છે, તેમ પરપુદ્ગલ પ્રત્યે રાગ પણ ત્યજવાનો છે. રાગ એ ગુણદૃષ્ટિથી પેદા થાય છે અને સુખ આપનાર તત્ત્વનો ગુણ દેખાય છે, તેથી 'સુખનો દાતાર પોતાનો જીવ છે પણ પુદ્ગલ નથી' આ જાતિની શ્રદ્ધા એ પરપદાર્થના રાગથી થતા જ્વરને શમાવે છે, તેથી જીવ અપૂર્વ સ્વસ્થતા અને શાંતિના સુખનો અનુભવ કરે છે.

નિશ્ચય સમ્યક્ત્વ એમ શીખવે છે કે:
પોતાનો જીવ જ સઘળાં સુખનો મૂળ આધાર છે. સ્વસુખ
માટે સ્વજીવ છોડી બીજા પર આધાર ન રાખવો જોઈએ.
'પોતાનો જીવ અનંત સુખનો ભંડાર છે'
એ જાતની શ્રદ્ધા નિશ્ચય સમ્યક્ત્વ છે.
એથી વિપરીત શ્રદ્ધા, જ્ઞાન અને વર્તન એ
મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિદ્યા છે,
તૃષ્ણાને વધારનાર છે, અશાંતિને આપનાર છે.
જીવમાત્ર પ્રત્યે મૈત્રી અને કર્મ પ્રત્યે દ્વેષ તથા
પુદ્ગલ માત્ર પ્રત્યે વિરાગ અને સ્વજીવ પ્રત્યે અનુરાગ
એ અનુક્રમે 'વ્યવહાર' અને 'નિશ્ચય' સમ્યક્ત્વ છે.
કર્મતત્ત્વની શ્રદ્ધા એ વ્યવહાર સમ્યક્ત્વ.
જીવતત્ત્વની શ્રદ્ધા એ નિશ્ચય સમ્યક્ત્વ.
કર્મતત્ત્વની શ્રદ્ધાથી જીવતત્ત્વ સાથે મૈત્રી બંધાય છે.
જીવતત્ત્વની શ્રદ્ધાથી પુદ્ગલતત્ત્વ પ્રત્યે વિરાગભાવ કેળવાય.
એ કેળવવાથી 'બંનેના મૂળ આધાર રૂપ સુખ કે દુઃખનું
કારણ અન્ય કોઈ નહિ પણ પોતાનો જ આત્મા છે'
આવું શીખવાડનાર શાસ્ત્ર અને તેને પ્રકાશનાર દેવ-ગુરુ
ઉપર શ્રદ્ધા અને પ્રમોદ થાય છે, તથા

ચોથી વિરૂદ્ધ પ્રત્યે માધ્યસ્થ્ય અને કરૂણાભાવ પેદા થાય છે. એ રીતે મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ્યભાવ એ સમ્યક્ શ્રદ્ધાનાં ફૂલ છે. સમ્યક્ શ્રદ્ધા સુખનાં અને દુઃખનાં વાસ્તવિક કારણોનો વિચાર કરવાથી ઉત્પન્ન થાય છે.

સુખનાં વાસ્તવિક કારણો પોતાના આત્માનાં રહેલાં જ્ઞાન-દર્શનાદિ ગુણો છે. દુઃખનાં વાસ્તવિક કારણો એ ગુણો અને એની પ્રાપ્તિનાં કારણો પ્રત્યે વિરૂદ્ધભાવ છે. સુખનાં વાસ્તવિક કારણો પોતાના આત્માનાં રહેલાં ઈર્ષ્યાથી પર પ્રત્યે દૃષ્ટિ છોડીને પોતાના ગુણો અને તેની પ્રાપ્તિનાં સાધનો પ્રત્યે રાગભાવ કેળવવો તે છે.

० गुणतस्तु तुल्ये तत्त्वे संज्ञा भेदागमान्यथा-दृष्टिः।
भवति यतोऽसौ अधमो दोषो खलु दृष्टिसंमोहः ॥१॥

(પરિશિષ્ટ-૧૯)

*No effort is in vain*

The sorrowless state is
reached only through sorrow.
Trust the divine power
and
you will always be protected.

## દૃષ્ટિ સંમોહ

(૧) આશ્રિત હિંસા એ હિંસા હોવા છતાં તેમાં ધર્મ માનવો તે દૃષ્ટિ સંમોહ.

(૨) વ્રત-યમ-નિયમ વગેરે નામો ભિન્ન હોવા છતાં ગુણાદિ તુલ્ય હોય તેને ધર્મ ન માનવો તે દૃષ્ટિ સંમોહ.

(૩) પંચ મહાવ્રત શુદ્ધ હોય અને પંચાંગીમાં શ્રદ્ધા પૂર્ણ હોય, છતાં સાધુને માનવા અને સાધુની ઉપેક્ષા કરવી તે દૃષ્ટિ સંમોહ છે.

(૪) ગુણાદિ આત્મા અને તેના ગુણો સિવાય બધું પર છે, છતાં સાધુને પોતાના માની રાગ કરવો અને બીજાને પારકા માની દ્વેષ કરવો તે દૃષ્ટિ સંમોહ છે.

(a) વિષયતૃષ્ણા = ગમ્યાગમ્ય વિભાગનો ત્યાગ.

(b) દૃષ્ટિ સંમોહ = પોતે માનેલું ખોટું હોય છતાં સાચું,
બીજાએ માનેલું સાચું હોય છતાં ખોટું,
બંને સાચાં હોય છતાં એકને ખોટું અને એકને સાચું,
બંને જૂઠાં હોય છતાં એકને જૂઠું અને બીજાને સાચું કહેવું.

(c) ધર્મપથ્યમાં અરૂચિ = સંસાર ખારાજળ જેવો છે,
તેમાં ધર્મશ્રવણ મીઠી વીરડી છે.

તત્ત્વજિજ્ઞાસાદિ સત્સંગમાં અરૂચિ-ધર્મશ્રવણમાં આવરણ,
તત્ત્વના શ્રવણાદિ હૃદયમાં ધર્મભાવનાના અંકુર ફૂટે છે.

(d) ક્રોધ કંડૂતિ = બીજાના સાચા કે ખોટા દોષો જાણવા મોઢેથી સાંભળતાં અંતઃકરણમાં જે વિકલ્પ થાય અને તે વિકારને લઈને બહારના આકારમાં પણ ફેરફાર થાય અને તેથી વિચાર વગરનું પગલું ભરાઈ જાય તે ક્રોધ કંડૂતિનાં ચિહ્નો છે.

આ બધાને '<u>પાપ વિકારો</u>' કહેવાય છે.

મૈત્રીભાવનાથી કષાયો પાતળા પડે છે અને કૃશ થાય છે.

કષાયની મંદતા અને કૃશતા એ જ ધર્મતત્ત્વનું વાસ્તવિક ફળ છે.

નિંદક તો માતાથી પણ અધિક ઉપકારક છે.

માતા બીજાના હાથે મળ સાફ કરે છે, નિંદક પોતાની જીભથી.

શલ્ય સહિતને ધર્મ હોતો નથી.

નિઃશલ્યને જ ધર્મ હોય છે.

નિઃશલ્યતા મૈત્રી, પ્રમોદ, કારુણ્ય, માધ્યસ્થ ભાવનામાં રહેલી છે, તેથી ક્રોધ - માન - માયા - લોભરૂપી શલ્ય નાશ પામે છે.

મૈત્રીનો અભાવ <u>ક્રોધ</u> સૂચવે છે.

પ્રમોદનો અભાવ <u>માન</u> સૂચવે છે.

કારુણ્યનો અભાવ <u>માયા</u> સૂચવે છે.

માધ્યસ્થ્યનો અભાવ <u>લોભ</u> સૂચવે છે.

મૈત્રીથી ક્રોધ જીતાય છે. પ્રમોદથી માન જીતાય છે.

કારુણ્યથી માયા જીતાય છે. માધ્યસ્થ્યથી લોભ જીતાય છે.

ક્રોધને જીતવા માટે ક્ષમા વધારવી.
માનને જીતવા માટે પ્રમોદ વધારવી.
માયાને જીતવા માટે કરુણા વધારવી.
લોભને જીતવા માટે માધ્યસ્થ્ય વધારવી.
ધર્મક્રિયા એ અમૃત છે, ત્યાં પાપવિકારરૂપી ઝેર ન હોય.

○ મન અને દેહની શુદ્ધિ તપથી થાય છે.
માયા, મમતા અને રાગ ત્યાગથી જાય છે.
જ્ઞાન અને દર્શનથી
તપ અને ત્યાગ પ્રત્યે સ્થિરલક્ષ રહે છે.
જ્ઞાન અને દર્શન નેત્રનાં સ્થાને છે;
તપ અને ત્યાગ હાથ અને પગનાં સ્થાને છે.

○ પ્રેમ પત્થરને પરમેશ્વર બનાવે છે અને
પ્રેમનો અભાવ પરમેશ્વરને પત્થર બનાવે છે.

○

There is no freedom on earth
for those who
deny freedom to others.

○ Cease to inquire what the future has in store and take as a gift whatever the day brings forth.

અરિહંતને જ નહિ પણ અરિહંતપણાને,
સિદ્ધોને જ નહિ પણ સિદ્ધભાવને પણ,
આચાર્યને જ નહિ પણ આચારપાલનને પણ,
ઉપાધ્યાયને જ નહિ પણ સૂત્રપ્રદાનને પણ,
સાધુને જ નહિ પણ સાધુક્રિયાને પણ નમસ્કાર છે.
તે સર્વ પાપનો જ નહિ, સર્વ પાપભાવોનો પણ નાશ કરે છે.
નમસ્કાર એ સર્વ મંગળોમાં પહેલું મંગળ જ નહિ, પણ
સર્વ માંગલિક ભાવોમાં પ્રધાન માંગલિક ભાવ પણ છે.
તે અનાત્મભાવરૂપી પાપનો નાશ કરનાર છે
તથા કૃતઘ્નતા ભાવરૂપી મહાપાપનો નાશક છે.
જેમ દરિદ્રને રત્નની પ્રાપ્તિ ન હોય,
તેમ ગુણદરિદ્રને ધર્મરત્નની પ્રાપ્તિ ન હોય.
કૃતઘ્ન આત્મા અન્ય ધર્મકાર્યો કરે,
તે heartless debtorના દાન,
કુલટા નારીની ઉપવાસ ક્રિયા અને
ચાકરડીની ગૃહસ્થિણની ક્રિયા સમ છે.

o सर्वत्र शुचयो धीराः स्वकर्म-बलगर्विताः ।
कुकर्म-निहतात्मानः पापाः सर्वत्र शंकिताः ॥१॥
(પરિશિષ્ટ-૨૦)

વિઘ્ન હોતાં પ્રાયે નહીં જ, ધર્મધ્યાનમાં કોય,
અનાયાસ પરિવારથી જ, સુજશ મહોદય હોય. (૯)
જ્યાં સુધી જ્ઞાન પરિપૂર્ણ ન થાય,
ત્યાં સુધી વૈરાગ્ય પરિપૂર્ણ થતો નથી અને
તેમ થાય ત્યાં સુધી સર્વ લબ્ધિનો નાશ થતો નથી.

પ્રયોજનભૂત વિષયભૂત જ્ઞાન તો જ પરિપૂર્ણ થાય કે જો તેની સાથે સંબંધ ધરાવનાર સકલ વિશ્વનું જ્ઞાન થાય. આ વિશ્વ પરસ્પર સંકલિત છે. એકનું પુરું જ્ઞાન અન્યનું પુરું જ્ઞાન થયા વિના શક્ય નથી. સર્વનું જ્ઞાન એકની સાથે અને એકનું જ્ઞાન સર્વની સાથે સંબંધવાળું છે. શાસ્ત્રજ્ઞાન એ પદાર્થજ્ઞાનને સ્થિર કરવા માટે જ છે. પદાર્થજ્ઞાન પદાર્થ ઉપર ચિંતન-મનન કરવાથી થાય છે. જીવ, જગત અને ઈશ્વર ઉપર સ્વતંત્ર ચિન્તન કર્યા વિના તે તે પદાર્થ વિષયક સામાન્યજ્ઞાન થતું નથી.

એ સામાન્ય જ્ઞાન થયા પછી જ તેને
વધુ વિશદ બનાવવા માટે અને તેના ઉપર
સત્યપણાના સંસ્કાર આપવા માટે

શાસ્ત્રજ્ઞાનની આવશ્યકતા છે. શાસ્ત્રજ્ઞાન સ્વતંત્ર સાધન નથી, પણ પદાર્થ વિષયક જ્ઞાનના અભ્યાસને પોષક છે.

કેવળ શાસ્ત્ર ભણવું અને પદાર્થોની ચિંતવના બાળબુદ્ધિ ન
કરવી તે પ્રવૃત્તિ કે વૃત્તિને ઘડવામાં પ્રયોજક થતું નથી.

પદચિન્તન કરતાં
પદાર્થચિન્તન ઉપર વધુ ભાર આપવો જોઈએ.
અર્થચિન્તન એ જ અનુપ્રેક્ષા અને સ્વાધ્યાય છે.

૭ વિચારકણિકાની સરગમ

(1) શરીરની પીઠના ભાગમાં કરોડરજ્જુ છે,
તે 'મેરુદંડ'માં એક રહસ્ય છુપાયું છે.
જેમ શાશ્વત મેરુ પર્વત લાખ યોજનનો - સૌથી ઉંચો છે,
અસંખ્ય ઈંદ્રો એકઠા મળી તેના શિખર ઉપર તીર્થંકરોનો
જન્માભિષેક કરે છે, તેમ બેસવામાં મેરુદંડ થકી શરીર
ટટ્ટાર રાખવાથી મનમાં સ્થિરતાનો અભિષેક થાય છે.

(2) જેનું મનન કરવાથી આત્માનું રક્ષણ થાય તે મંત્ર.
મનને મંત્ર દ્વારા આત્મા સાથે જોડવામાં આવે તો
સકલ ઉપાધિથી અને પરંપરાએ સર્વ કર્મથી મોક્ષ મળે.

(3) બે કાન, બે નાક, બે આંખ અને એક મુખ એમ
૭ અંગને ૭ આંગળીઓથી બંધ કરી, આ નવકાર મંત્રના
પ્રથમ પદનાં ૭ અક્ષરોનું પાવન સ્મરણ કરવામાં આવે,
તો દિવ્યલોકના ઘંટારવ અને સંગીત સાંભળવા મળશે.

(4) આત્માનું મૂળ ઉંચે છે, પંચ પરમેષ્ઠિઓ પણ ઉંચે છે.

(5) સત્સંગ એ સદ્વિચાર અને સદ્બુદ્ધિ આપે છે.

(6) બારખડી - માતૃકા = શરીરસ્થ પરમાત્મપદની ચાવી છે.

ઘંટનાદના રણકાર મુજબ

'નમો અરિહંતાણં' પદનો નાદ આજુબાજુ ગુંજ્યા કરે.

જેટલી તન્મયતા - તીવ્રતા - એકાગ્રતા, તેટલો વધુ લાભ.

શ્રી હેમચંદ્રાચાર્યે અર્હંની સાધના કરેલ.

અર્હંમાં બારખડીનો પહેલો અને છેલ્લો અક્ષર છે.

ઉપર રેફ અને અનુસ્વાર છે, તેમાં અપૂર્વ તાકાત છે.

શબ્દના ઉચ્ચારને તળાવના તરંગો સાથે સરખાવી શકાય.

તળાવમાં પત્થર નાંખતાં જેમ પ્રથમ નાના અને પછી મોટા કુંડાળા થાય છે, તેમ શબ્દના ઉચ્ચારથી આત્મદ્રવ્યમાં અને બહાર વિશ્વમાં કુંડાળા નિર્મિત થાય છે.

શુભના કુંડાળા બંધાવાથી પાપના કુંડાળા નાશ પામે છે.

તેમની ચારેબાજુ અર્હં દોરાય અને ઘેરાવા પ્રમાણે બને.

(7) હૃદયના Black - board ઉપર સફેદ હીરા જેવા અક્ષરોથી 'નમો અરિહંતાણં' લખેલ છે, તેમ કલ્પના કરી વાંચવા, ઝગમગતા જોવાથી ધ્યાન-વિચારની તન્મયતા થાય છે.

○

*As a man thinks, so he becometh.*

0 'પ્રત્યેક વિચાર કે વચન સાપેક્ષ છે'
એ વાતનું ભાનપૂર્વક પુનઃ પુનઃ ચિંતન કરીને
રાગ-દ્વેષની પકડમાંથી મુક્ત થવાનો અમોઘ ઉપાય છે.

0 વૃત્તિનિરોધ યોગનો હેતુ તે સમત્વયોગ છે.
'સામ્ય' એટલે ઇષ્ટાનિષ્ટત્વ.
વસ્તુ ઇષ્ટ નથી, મનઃકલ્પિત છે. તેનો હેતુ ધ્યાન છે.
'ધ્યાન' એટલે દ્રવ્ય-ગુણ-પર્યાયનું સૂક્ષ્મ ચિન્તન.
તેનો હેતુ ભાવના છે.
'ભાવના' એટલે અધ્યાત્મનું પુનઃ પુનઃ ચિન્તન.
તેનો હેતુ અધ્યાત્મયોગ છે.
'અધ્યાત્મયોગ' એટલે ભાવનું અદ્વૈત,
સર્વજીવો સાથે મૈત્રી-અભેદનું ચિન્તન, ક્રિયાનું દ્વૈત.
જે જીવ જે ક્રિયા માટે ઉચિત હોય, તેની સાથે તે પ્રકારનું
વર્તન તથા વચનાનુસારિ ભાવ. વિશ્વના સ્વરૂપનું
શાસ્ત્રથી અવિરુદ્ધ ચિંતન, શબ્દના સાપેક્ષ ભાવ, સર્વ
જીવો સાથે અદ્વૈતભાવ અને ચારિત્રમય ઉચિત જીવન.

0 'અનેકાંત' એટલે કોઈપણ વસ્તુને પ્રામાણિકપણે
અનેક દૃષ્ટિએ તપાસવી. અનેકાંત એ માત્ર વિચારનો
જ વિષય નથી, પણ આચરણમાં ય તેનું સ્થાન છે.

'અનેકાંત' એટલે પ્રામાણિક અનેક દૃષ્ટિઓનો સમુચ્ચય.
તે બધી દૃષ્ટિઓને સંક્ષેપથી બે ભાગમાં વહેંચી શકાય:
વ્યવહાર અને નિશ્ચય.

સ્થૂળ અનુભવ ઉપર ઘડાયેલી માન્યતા તે 'વ્યવહાર'.
સૂક્ષ્મ અનુભવ ઉપર ઘડાયેલી માન્યતા તે 'નિશ્ચય'.
પહેલામાં સ્થૂળતાને લીધે અનુભવોની વિવિધતા રહે છે,
બીજામાં સૂક્ષ્મતાને લીધે અનુભવોની એકતા રહે છે.
પહેલામાં સાધ્ય સાધનનો ભેદ, બીજામાં અભેદ મનાય છે.
પહેલી દૃષ્ટિના અધિકારી સાધકો અને ઘણા,
બીજીના અસાધકો અને અલ્પ રહે છે.

નિશ્ચય કહે છે: પ્રયત્નની આરંભ ક્ષણથી પ્રયત્નની સમાપ્તિની છેલ્લી ક્ષણ સુધીની અખિલ પ્રયત્નધારા એ જ ફળ છે, નહિ કે પ્રયત્નને અંતે તેનાથી નિષ્પન્ન થતું માત્ર જુદું જ ફળ.

વ્યવહાર કહે છે: છેવટનું ફળ આવે ત્યારે જ તે કામ કરાયું કહેવાય. પ્રયત્ન અને ફળ ભિન્ન અંતરે છે. આરંભથી સમાપ્તિ સુધીનો પ્રયત્ન એ સાધન છે. તેને અંતે નિષ્પન્ન થનારું છેવટનું ફળ એ સાધન કરતાં તદ્દન જુદું જ છે.

કડેમાણે કડે - નિશ્ચયદૃષ્ટિ.
કડે કડે - વ્યવહારદૃષ્ટિ.

જે કર્મ ચલિત એટલે ઉદય થતું હોય, આત્માથી જુદું પડતું હોય,
તે આત્માથી મુક્ત થયું કહેવાય. એ નિશ્ચયદૃષ્ટિ છે.
ચાલુ ક્રિયા ચાલુ કહેવાય, પૂર્ણ ન કહેવાય. એ વ્યવહારદૃષ્ટિ છે.

ધારેલું ફળ ન આવે, ત્યાં સુધી તે માટે ચાલતા
પ્રયત્નને સફળ ન કહી શકાય (વ્યવહાર).
ધારેલું છેવટનું ફળ મળે, તે પહેલાં પણ તે માટેના ચાલુ
પ્રયત્નને સફળ કહી શકાય (નિશ્ચય).

नेहाभिक्रमनाशोऽस्ति प्रत्यवायो न विद्यते ।
स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् ॥ અર્થાત્
ધર્મમાં અભિક્રમનો નાશ નથી, તે આગળ-પાછળ થવાથી
નકામો જતો નથી. ધર્મનો અંશ પણ મોટા ભયથી બચાવે છે.

कर्मण्येवाधिकारस्ते, मा फलेषु कदाचन ।
मा कर्म-फल-हेतुर्भूमा ते संगास्त्वकर्मणि ॥
અર્થાત્ કર્મ ઉપર જ તારો અધિકાર છે, ફળ ઉપર કદી નહિ.
પ્રયત્નના ફળરૂપ તૃષ્ણાનું તું નિમિત્ત ન થા,
તેમ જ કર્મ ત્યાગ પણ ન કર. આ નિશ્ચયદૃષ્ટિ છે.

કર્મયોગમાં પ્રારંભેલ પ્રયત્નનો નાશ નથી,
તેમાં પ્રત્યવાય, અંતરાય પણ નથી.
કર્મયોગ આ ધર્મનું થોડું પણ આચરણ
તેના આચરનારને મોટા ભયથી બચાવી લે છે.

० 'न ह्येकत्र नाना-विरुद्ध-धर्म-प्रतिपादकः स्याद्वादः,
किन्तु अपेक्षाभेदेन तदविरोधद्योतकस्यात्पद-
समभिव्याहृत-वाक्यविशेष इति ।' અર્થાત્
વિવિધ વિરુદ્ધ ધર્મોનું એક સ્થાનમાં પ્રતિપાદન કરનાર
સ્યાદ્વાદ નથી, પરંતુ અપેક્ષાભેદથી વિરુદ્ધ ધર્મોના અવિરોધ
દ્યોતક 'સ્યાત્' પદથી વ્યવહારભૂત થતો વાક્યવિશેષ છે.
-ન્યાયખંડ ખાદ્ય. શ્લોક-૪૨, ઉ. શ્રી યશોવિજયજી મહારાજ

० 'વિશેષિત' એટલે વિષય પરિશોધક નયથી યોજિત હોય
તો તે પ્રમાણ છે. સ્વસિદ્ધાંતનું વચન પણ
અનુયોગે કરી વિશેષિત ન હોય તો તે અપ્રમાણ છે.
એ પ્રકારે સ્યાદ્વાદ યોજનાથી સર્વનયોનું મહત્ત્વ થાય.

'જેણે સિદ્ધાંતનું રહસ્ય જાણ્યું નથી અને કેવળ સૂત્રના
અક્ષરને અનુસરી ચાલે છે, તેનું સર્વ ઉદ્યમ વડે પણ
કરેલું ક્રિયાનુષ્ઠાન ઘણું અજ્ઞાન તપમાં આવે છે.'
-ઉપદેશમાળા ગા-૪૧૯

ઉત્કૃષ્ટ ફળ - સર્વ પ્રપંચ બોધ - વિશિષ્ટ કેવળજ્ઞાન.
યદ્યપિ મોક્ષભાવના એ સર્વને વિષે છે, તો પણ તે
પ્રવૃત્તિને અનુકૂળ ભાવના અપુનર્બંધકાદિ આશ્રિત કહી છે.
જે તીવ્રભાવે પાપ ન કરે, તે અપુનર્બંધક માર્ગાભિમુખ.

તેને એક પુદ્ગલ પરાવર્તથી અધિક સંસાર હોતો નથી.
ક્ષુદ્રતાદિ ભવાભિનંદિપણાના દોષોનો ક્રમ થવાથી શુક્લપક્ષના
ચંદ્રમાની જેમ વૃદ્ધિ પામતા ગુણવાળો અપુનર્બંધક છે.
માર્ગપતિત એ અપુનર્બંધકપણાની અવસ્થાવિશેષ છે.
માર્ગ = સર્પને દરમાં પેસવાની જેમ ચિત્તનું સરલ પ્રવર્તન,
વિશિષ્ટ ગુણસ્થાનકની પ્રાપ્તિને યોગ્ય
સ્વાભાવિક ક્ષયોપશમ વિશેષ.

(૧) <u>ભગવાન મહાવીરની જીવન વિશેની દૃષ્ટિ</u>

જીવનનું મૂલ્યાંકન કરવાની દૃષ્ટિને પ્રભુ જ્યારે રજુ કરી,
ત્યારે 'કોણ ગ્રહણ કરશે?' ન વિચારતા એટલું જ વિચાર્યું કે
'કાળ નિરવધિ છે, પૃથ્વી વિશાળ છે,
ગમે ત્યારે કોઈ ને કોઈ તો તેને સમજવાનું જ.'
જેને ઊંડી સ્પષ્ટ પ્રતીતિ થઈ હોય તે અધીર થતો નથી
કે 'મારી પ્રતીતિને લોકો તત્કાળ કેમ સમજતા નથી?'
દરેકને જીવન પ્રિય છે, જેવું આપણને પોતાને છે.
'હું આનંદ અને સુખને ચાહું છું, તેથી જ હું પોતે છું.'
એમ જ બધાયે આનંદ અને સુખને ચાહનાર
બધાં નાના-મોટા પ્રાણીઓ છે.
વિશ્વમાં પોતાના જેવું જ ચેતનતત્ત્વ ઉભરાતું ઉલ્લસતું જોવું.

'શરીર ઇંદ્રિયોના આકાર-પ્રકારમાં ગમે તેટલું અંતર હોય,
છતાં તાત્ત્વિક રૂપે સર્વમાં વ્યાપેલ ચૈતન્યતત્ત્વ તો
એક જ પ્રકારનું વિલસી રહ્યું છે.'

જીવનદૃષ્ટિ = આત્મૌપમ્યદૃષ્ટિ. તાત્ત્વિકરૂપે આપણે સૌ જેવા છીએ, તેવાં જ નાના-મોટા સઘળાં પ્રાણીઓ છે. ઉત્ક્રાંતિ-અપક્રાંતિ થવા છતાં ચૈતન્યતત્ત્વના સ્વરૂપમાં કશો જ ફેર પડતો નથી, જે ફેર પડે છે તે વ્યાવહારિક છે.

(૨) જીવનદૃષ્ટિમાંથી જીવનશુદ્ધિનો પ્રશ્ન ઊભો થાય જ છે. ચૈતન્યનો પ્રકાશ ગમે તેટલો આવૃત થયો હોય, તેનો આવિર્ભાવ ઓછો કે વધતો હોય, છતાં શક્તિ તો એની પૂર્ણવિકાસની, પૂર્ણશુદ્ધિની છે જ. તે શક્તિના જો ન હોય તો આધ્યાત્મિક સાધનાનો કોઈ અર્થ રહેતો નથી.

<u>દરેક દેશ-કાળના સાચા આધ્યાત્મિક અનુભવીઓની
પ્રતીતિ એક જ પ્રકારની છે કે:</u>

<u>'ચેતનતત્ત્વ સ્વરૂપે શુદ્ધ છે,
વાસના અને કર્મના લેપથી પૃથક્ છે.'</u>

જીવનશુદ્ધિનો આ સિદ્ધાંત છે.

આત્મૌપમ્યદૃષ્ટિ અને જીવનશુદ્ધિની દૃષ્ટિના વિષયમાં
બ્રહ્માદ્વૈત, કેવલાદ્વૈત, શુદ્ધાદ્વૈત એકમત ધરાવે છે.

ભલે તેનો સાંપ્રદાયિક પરિભાષામાં
જુદો જુદો અર્થ થતો હોય.

(૩) સિદ્ધત્વની પ્રાપ્તિનું સાધન

અત્યુત્કૃષ્ટ વિશુદ્ધિ સંગે અહિંસા, સંયમ, તપપ્રધાનજીવન
એ આત્મૌપમ્યદૃષ્ટિ કેળવવા અને આત્માની શુદ્ધિ સાધવા
એક અને અનન્ય સાધન છે.
મળેલાં સાધનોનો એવો ઉપયોગ ન કરવો જોઈએ કે
એમાં આપણી જાત જ ખોવાઈ જાય.
એવું જીવન એ અપરિગ્રહી જીવન છે,
સંયમ, તપશ્ચર્યા અને અહિંસક જીવન છે.
સમિતિ-ગુપ્તિથી વિશુદ્ધ એવું મહાવ્રતવાળું જીવન છે.
દાન, દયા, શીલ, ધ્યાન, શમ, સંતોષ વગેરે
મહાવ્રતવાળા જીવન જીવવાના સાધનો છે.
એ માટે પુરુષાર્થ આવશ્યક છે.

(૪) ભગવાન મહાવીરના જીવનનો મંગલ સંદેશ

વાસનાઓના દબાણ સામે અડગપણે
ઝઝૂમવાનું સામર્થ્ય કેળવવું.
એ માટે ભાગ્ય ઉપર આધાર રાખીને ન બેસવું.
સદા અપ્રમત્ત જીવન ગાળવું.

(૪) જો સિંધુમાં બિંદુ હોય, તો બિંદુમાં પણ સિંધુ સમાય છે.

સ્થૂળજીવનનો પરિમિત કાળ એ

પંચભૂતજીવન રૂપ મહાન સમુદ્રનું એક બિંદુ છે.

એ બિંદુમાં બધો ભૂતકાળનો મહાન સમુદ્ર સમાયેલો છે,
તેમ ભવિષ્યનો અનંત સમુદ્ર પણ એ બિંદુમાં રહેલો છે.
ભવિષ્યની ધારા એ બિંદુ માટે જ ચાલ્યા કરવાની છે.
'તત્ત્વમસિ' એ વાક્યમાં પણ બિંદુમાં સિંધુ સમાયેલો છે.

'ચત્તારિ મંગલં' અને 'ઇત મંગલમુત્તમમ્'

વગેરે વાક્યો પણ બિંદુમાં સમાયેલા સિંધુને જણાવનારા છે.

(૫) ચિત્રાકૃતિ કે ચરિત્ર ગ્રન્થ ઉપરથી

મૂળ વ્યક્તિનો બોધ ૪ રીતે થઈ શકે:

દૂરથી, નજીકથી, અતિ નજીકથી અને

તેમના જેવા સ્વસ્વરૂપને જીવનમાં ઉતારવાથી.

પ્રથમ ભૂમિકા શ્રવણની છે, બીજી મનનની છે,
ત્રીજી નિદિધ્યાસનની છે, ચોથી જીવન જીવવાની અર્થાત્
જીવનનો સાક્ષાત્કાર કરવાની છે.

પહેલી ભૂમિકામાં ભગવાન મહાવીર મેરુને કંપાવનાર,
ગર્ભાપહાર પામનાર અને ક્રોડ દેવતાના જઘન્યથી પણ
પૂજ્ય તરીકેની અવસ્થાને મેળવનાર છે.

બીજી ભૂમિકામાં પરિષહ - ઉપસર્ગોમાં ધીર,
બાહ્ય સંસ્કૃતિને અંદરની સંસ્કૃતિમાં પલટાવનાર અને
કોઈક સદ્ગુરુનો જીવનમાં સાક્ષાત્કાર કરનાર છે.

ત્રીજી ભૂમિકામાં બીજાનું દુઃખ જરા પણ ન વધારનાર
અને બીજાના સુખની પોતા જેટલી જ ચિંતા રાખનાર, મન-
વચન અને કર્મની એકતા સાધનાર, અંતરના શત્રુઓને
જ શત્રુ ગણનાર અને તેને જીતવા માટે જ વીર્ય ફોરવનાર,
ચેતનાના દેખતા બળ વડે વાસનાના આંધળા બળને જીતનાર.
ત્રીજા પ્રકારનું જીવન = ભગવાનનું ત્રિકાળાબાધિત જીવન.

અપરાધી ઉપર મનથી પણ રોષ ન કરવો,
તેનું લેશ પણ અહિત ન ચિંતવવું તથા વિરોધી દૃષ્ટિબિંદુઓ
- અભિપ્રાયોનો પ્રતિવાદ કરવા છતાં પણ તેમાં રહેલા
અતિ અલ્પસત્યની જરા પણ ઉપેક્ષા ન કરવી અને
મહાસત્યની સાધના પૂર્ણ કરવી.

આમાં શ્રદ્ધા અને બુદ્ધિનો સમન્વય છે.

કોઈપણ મહાપુરુષના જીવનને માત્ર ઉપર ઉપરથી
સાંભળી, તે ઉપર શ્રદ્ધા પોષવા અગર માત્ર તર્કબળથી
તેની સમીક્ષા કરવી એ પૂરતું નથી.
શ્રવણ, મનન ઉપરાંત નિદિધ્યાસન કરવું જોઈએ.

નિદિધ્યાસનની ભૂમિકા અતિ શ્રમ માંગે છે.
તે અતિ સમય, સહિષ્ણુતા તથા
તટસ્થતાની અપેક્ષા રાખે છે.
નિદિધ્યાસન પછીનું સંશોધન જીવન જીવવાથી જ થાય.
શ્રદ્ધા અને બુદ્ધિની પાંખ ઉપર બેસીને
નિદિધ્યાસનની ભૂમિકા વટાવી,
જીવન જીવવાની ભૂમિકા ભોગવવાથી જ
મહાપુરુષોને સાચી રીતે ઓળખી શકાય છે.
ભગવાન મહાવીરના જીવનના મુખ્યત્વે બે અંશો છે:
એક આત્મલક્ષી, બીજું પરલક્ષી.
પહેલાનું થોડુંક પણ પ્રામાણિક અને અતિશયોક્તિ વગરનું
પ્રાચીન વર્ણન આચારાંગ સૂત્રના સૌ પ્રથમ શ્રુતસ્કંધના
નવમા અધ્યયનમાં આજ સુધી સચવાયેલું મળી રહ્યું છે.
ધાર્મિક પશુવધ-શૌદ્રિક અસ્પૃશ્યતાના મૂળ વેદોમાં ઊંડા હતાં.
શુદ્ધ અને બુદ્ધિવાન પુરુષાર્થ
એ જ માનવજીવનની સાર્થકતા છે!

The strife of the world in all its forms
has its origin in one common cause,
normaly individual selfishness.

० એક ઘડી આધી ઘડી, આધી મેં ભી આધ,
કરે સંગત સાધુની, કટે કોટી અપરાધ.

० 'જગતમાત્રનું જગત્વ Potentially Divine છે.'
એવી દૃષ્ટિનું નામ 'સમ્યગ્દૃષ્ટિ' છે.
'પુદ્ગલમાત્રમાં રહેલ જડત્વ Potentially undivine, hellish and harmful છે'
એવી દૃષ્ટિનું નામ 'સમ્યગ્દર્શન' છે.

० કર્મનો નિયમ Cosmic Law છે,
Individual and collective છે.
કર્મનું કર્તૃત્વ જીવનાં છે, પણ
એના instruments વિશ્વનાં છે.
દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અને ભવના આધારે
જીવ કર્મ બાંધે છે, ભોગવે છે અને ખપાવે છે.

० નવકાર મહામંત્ર એ મૂળ મંત્ર છે.
પ્રથમ ૫ પદો પરમેષ્ઠિ ભગવંતોની પ્રશંસારૂપ છે અને ચૂલિકા તેમના નમસ્કાર કરનારાઓની પ્રશંસારૂપ છે. ચૂલિકા સહિત મૂળ મંત્ર સર્વજીવોમાં રહેલ જીવત્વની અને એમાં છુપાયેલ સિદ્ધત્વની પ્રશંસારૂપ છે, તેથી તે સર્વોત્તમ મહામંત્ર છે.

ૐ
નમઃ

૨૦૧૩, અષાઢ વદ-૩

## વિશ્વ પ્યારો નવકાર

વિશ્વ પ્યારો મંત્ર નવકાર સિદ્ધિદાયક સર્વનો,
વિશ્વ પૂજત દેવ એમાં નાશ કરતા કર્મનો. -૧
વિશ્વ મંત્ર શિરોમણિ આ ભાવથી સહુએ ગાઈજો,
વિશ્વ ફેરો ભવ નિવારે જાપ જપતા ભક્તનો. -૨
વિશ્વ વૈરી ઝેર દુશ્મન રાગ-દ્વેષ કાઢી દઈજો,
વિશ્વ જાપે સુમતિ આવે સર્વજન નિર્ભય બનો. -૩
વિશ્વ કલ્યાણી સર્વોદર મંત્ર નવકાર રંગઈજો,
વિશ્વ ઘાતક કુમતિ ફેરો ઘણા અમો એ ભાંગઈજો. -૪
વિશ્વના ઉદ્ધાર માટે મંત્ર નવકાર સહુ લઈજો,
વિશ્વ જન ઘેર શાન્તિ આવે ભાવથી હૃદયે વઈજો. -૫
વિશ્વના નર-નાર સમજ આનંદદાતા સહુ બનો,
વિશ્વ મૈત્રી ભાવ ભાવ સર્વને સરિખા ગાઈજો. -૬
વિશ્વ તારક નાવ સમ છે નીર્ભેદી નાવિક બનો,
વિશ્વ સાગર ભવ નિવારી તરી જતા ભવથી બનો. -૭
વિશ્વ મંત્ર નવકારમાંહી પંચ ઈશ મહિમા ઘઈજો,
વિશ્વ નવકાર નિત્ય જપતા વિશ્વ મંગળમયી બનો. -૮

ૐ

ॐ नमः

## શ્રી શાંતિ જિનસ્તવન

શ્રી શાંતિ જિનેશ્વર સાહીબા,
તુજ વાદે કોણ છૂટાશે?
મેં લીધી કેડ જ તાહરી,
તેહ પ્રસન્ન થયે છૂટશે. (૧)
તું વીતરાગપણું દાખવી,
ભોળા જનને ભૂલાવે
જાણ મેં લીધી પ્રતિજ્ઞા,
તેહથી કહો કોણ ડોલાવે? (૨)
કોઈ કોઈને કેડે મત પડો,
કેડે પડ્યાં આણે લાજ
નિરાગી પણ પ્રભુ ખેંચશો,
ભગતે ગ્રહી મેં સાત રાજ. (૩)
મનમાંહી આણી વાસીઓ,
હવે કેમ નીસરવા દેવાય?
જો ભેદરહિત મુજ શું મિલો,
તો પલકમાંહી છૂટાય. (૪)
કજિયે આવ્યા કોણ છૂટશે? દીધા વાહલા કરહા કૃપાળ,
તો શું હઠવાદ લેઈ રહ્યા, કહે માન કરી ખુશાલ. (૫)

## ચિદાનંદ અવિનાસી

ચિદાનંદ અવિનાસી, મેરો ચિદાનંદ અવિનાસી,
કીર મરીચિ ક્રમકી મેરે, સહજ સ્વભાવ વિલાસી ...(૧)
પુદ્ગલ ખેલ મેલ જો જગકો, સો તો સબ હી વિનાસી,
પૂરન ગુન અધ્યાતમ પ્રગટે, જાગે જોગ ઉદાસી ...(૨)
લિંગ ભેષ કીરિયાકું સબહી, દેખે લોક તમાસી,
ચિન મૂરતિ ચેતન ગુન ચિન્હે, સાચો સોઈ સંન્યાસી ...(૩)
દૌર દેવાલકી કેતી દૌરે, મતિ વ્યવહાર પ્રકાસી,
અગમ અગોચર નિશ્ચય નયકી, દૌર અનંત અગાસી ...(૪)
નાના ઘટ મેં એક પિછાને, આતમ રામ ઉપાસી,
ભેદ કલ્પના મેં જડ ભૂલ્યો, લુબ્ધો તૃષ્ણા દાસી ...(૫)
પરમસિદ્ધિ નવનિધિ હે ઘટ મેં, કહા ઢુંઢત જઈ કાસી,
જસ કહે શાંત સુધારસ ચાખો, પૂરણ બ્રહ્મ અભ્યાસી ...(૬)

## સજ્જન ગુણરાગિતા

વંદન કરતાં વિશ્વને સજ્જન નહિ અભિમાન,
દયા હૃદયમાં છે સદા તે જન દેવ સમાન ...(૧)
અભિવંદન અક્રૂરતા સૌમાં રાખે સ્નેહ,
ધન્ય ગણી તે જન્મને દિવ્ય ગણી તે દેહ ...(૨)
નમન કરે જે સર્વને દૂર કરી અભિમાન,
તે સજ્જનના ઉર વિષે પ્રગટ રહે ભગવાન ...(૩)

ॐ नमः

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૨૦)**
સ્થાન વિગેરેથી યુક્ત જ ભાવયુક્ત હોવાથી યથાયોગ્ય ભાવ કે યથાયોગ્ય સ્થાન - વર્ણ - અર્થ - આલંબનમાં રહેલું ચિત્ત (યોગ છે). - લલિત વિસ્તરા.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૨૩)**
સર્વ જીવોનું હિત કરતો, ન દુભવતો (અને) સ્વ આત્મા જેવો પ્રાણીમાત્રને જોતો કરૂણાને ભજનારો થાય. સમ્યગ્દ્રષ્ટિ પ્રાપ્ત કરીને ફલ અને કર્તુત્વભાવને વિચારીને હર્ષ વડે આત્મસ્વરૂપમાં (લીન થાય).

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૩૭)**
જે મને સર્વત્ર જુએ - બધું મારામાં જુએ, (તેમાં) હું નાશ પામતો નથી તથા તે મારામાં નાશ થતો નથી. - અધ્યાય ૬, શ્લોક ૩૦

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૩૮)**
જ્ઞાન પામેલો આત્મા ઘણા જન્મો પછી મને 'વાસુદેવ' અર્થાત્ 'ભગવાન જ સર્વસ્વ છે' એ પ્રમાણે સ્વીકારે છે. આવો મહાત્મા અત્યંત દુર્લભ છે.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૪૪)**
આ પ્રમાણે બુદ્ધિથી અત્યંત વિચારીને, આત્મા વડે આત્માને રુંધીને હે મહાબાહુ! દુઃખસ્વરૂપ એવા કામરૂપી શત્રુનો તું ત્યાગ કર. - ૩/૪૩

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૪૬)**
પ્રયત્નશીલ આત્મા ભક્તિ વડે પત્ર, પુષ્પ, ફળ, પાણી જે મને આપે છે, તે હું જમું છું. - ૯/૨૬

**પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૬૬)**
જગતના હિત અને આત્માના મોક્ષ માટે આત્માને હું હોમું છું (આત્માના અશુદ્ધ પર્યાયોને બાળું છું).

ॐ नमः

**પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૬૮)**
અપ્રસ્તુત અર્થને દૂર કરવો અને પ્રસ્તુત અર્થને પ્રગટ કરવો તે નિક્ષેપનું ફળ છે.

**પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૮૪)**
જાણ્યો છે ધર્મનો સદ્ભાવ જેણે, યથાવસ્થિત ધર્મતત્ત્વને જાણેલો એટલે ગીતાર્થ થયેલો... લબ્ધ એટલે મેળવ્યું, લક્ષ્ય એટલે શીખવા યોગ્ય અનુષ્ઠાન જેના વડે તે. લબ્ધલક્ષ્ય જીવ કલેશ વગર, સુખપૂર્વક, આત્માને શિખવાડતો કંટાળો લાવ્યા વગર અલ્પજ્ઞાનાવરણ થવાથી અત્યંત ટૂંક સમયમાં શિક્ષાનો પારગામી થાય છે.

**પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૮૬)**
ધર્મનું અત્યંત સ્પષ્ટ તત્ત્વ મૈત્રીભાવનો વિકાસ, પરોપકારનું નિર્માણ અને સમતાની ઉપાસના છે.

**પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૧૦૫)**
ધર્મમાં ધનબુદ્ધિ તે આ પ્રમાણેઃ શ્રુત-ચારિત્રસ્વરૂપ ધર્મમાં એટલે સકલ ઈચ્છાઓથી રહિત સિદ્ધિવાળામાં બુદ્ધિશાળી પુરૂષોએ 'ધનબુદ્ધિ' (ધર્મ એ જ ધન એવા પરિણામરૂપ બુદ્ધિ) નિરંતર રાખવી.

**પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૧૦૫)**
અતિ ઉષ્ણ અને ઘીવાળા ભોજનમાંથી, કાણાવાળા સુતરાઉ કપડામાંથી અને બીજાના નોકર હોવા છતાં તે બધા પાસેથી જે શેષ ઈચ્છે છે, તે નીચે પડે છે અર્થાત્ નુકશાન પામે છે. - ધર્મબિન્દુ અ-૩, સૂ. ૧૨૫

**પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૧૦૬)**
સ્ખલના કે ભૂલનો સ્વીકાર કરવો, કારણકે ભૂલનો અસ્વીકાર એ ભૂલના સમયે જે દોષ લાગ્યો, તેના કરતાં અનંતગણા ભયંકર ફળવાળો છે. - ધર્મબિન્દુ અ-૫, સૂ. ૨૧

**પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૧૧૩)**
હું રાજ્ય, સ્વર્ગ અને મોક્ષ પણ ઈચ્છતો નથી, પરંતુ માત્ર એટલું ઈચ્છું છું કે સર્વ જીવોની પીડાનો નાશ થાઓ.

ॐ नमः

**પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૧૨૭)**
હણાયેલો ધર્મ આત્માને હણે છે. રક્ષણ કરાયેલો ધર્મ આત્માનું રક્ષણ કરે છે.

**પરિશિષ્ટ - ૧૬ (પૃષ્ઠ ૧૫૦)**
કૃતયુગમાં વિષ્ણુનું ધ્યાન કરવાથી, ત્રેતાયુગમાં યજ્ઞો વડે પૂજવાથી, દ્વાપરયુગમાં પૂજા કરવાથી જે ફળ મળે, તે આ કલિયુગમાં માત્ર પ્રભુનું કીર્તન કે નામસ્મરણ કરવાથી જ મળી જાય છે.

**પરિશિષ્ટ - ૧૭ (પૃષ્ઠ ૧૫૬)**
જયણાપૂર્વક ચાલતા - ઉભા રહેતા - બેસતા - સૂતા - જમતા અને વળી બોલતા જીવને પાપકર્મનો બંધ થતો નથી. - દશવૈકાલિક સૂત્ર, અ. ૪, શ્લોક ૮

**પરિશિષ્ટ - ૧૮ (પૃષ્ઠ ૧૫૬)**
આ બાજુ કંઈ નથી, પેલી બાજુ કંઈ નથી. જ્યાં જ્યાંથી રક્ષણ કરે, ત્યાં કંઈ નથી. વિચારીને જુઓ તો જગત પણ કંઈ નથી. નમસ્કાર વિના કંઈ પણ તત્ત્વ નથી.

**પરિશિષ્ટ - ૧૯ (પૃષ્ઠ ૧૯૨)**
ગુણતુલ્ય તત્ત્વોમાં 'નામભેદથી આગમ ખોટા છે' એવી બુદ્ધિ જેનાથી થાય છે, તે 'દ્રષ્ટિ સંમોહ' નામનો દોષ ખરેખર અધમ છે.

**પરિશિષ્ટ - ૨૦ (પૃષ્ઠ ૧૯૬)**
પોતાના કર્મથી ગૌરવવાળા બનેલ પવિત્ર પુરૂષો સર્વ સ્થાને ધીર હોય છે અને કુકર્મથી હણાયેલા આત્માવાળા પાપી જીવો સર્વત્ર શંકાવાળા હોય છે.






ઉપર દર્શાવેલ ૨ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૫૭ - ૧૯૫૯ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

## કેન્દ્રમાં આત્મા : સર્વ કર્મક્રિયાનો હેતુ




અહંકાર : અંતરાય કર્મ ઉપાર્જનનો હેતુ.

બુદ્ધિ : જ્ઞાનાવરણીય કર્મબંધનો હેતુ.

ચિત્ત : દર્શનાવરણીય કર્મબંધનો હેતુ.

મન : મોહનીય કર્મબંધનો હેતુ.

પં. ભદ્રંકર વિજય

www.fiestadesigns.in